અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૨ એપ્રિલ ૨૦૨૪, સોમવાર
વિક્રમ સંવત ૨૦૮૦, ચૈત્ર સુદ ૧૪

વર્ષ : ૧૫
અંક : ૨૬૧

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭33 e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

મહાવીર જયંતિના દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું

## વિશ્વ ભારત પાસેથી શાંતિનો માર્ગ બતાવે તેવી અપેક્ષા રાખે છે : મોદી

### લોકસભા ચૂંટણીનો ઉલ્લેખ કરતા મોદીએ કહ્યું કે, લોકશાહીનો મોટો ઉત્સવ ચાલી રહ્યો છે અને દેશ માને છે કે ભવિષ્યની નવી યાત્રા અહીંથી શરૂ થશે

। નવી દિલ્હી, તા.૨૧ ।

આજે મહાવીર જયંતિના દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, ભારત વિશ્વની સમસ્યાઓના ઉકેલ તરીકે સત્ય અને અહિંસાના મંત્રોને વિશ્વાસપૂર્વક રજૂ કરી રહ્યું છે અને તેની સાંસ્કૃતિક છબી પણ આમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે. વડાપ્રધાન મોદીએ અહીં ભગવાન મહાવીરના ૨,૫૫૦માં નિર્વાણ મહોત્સવના અવસર પર અગાઉની સંયુક્ત પ્રગતિશીલ ગઠબંધન (યુપીએ) સરકાર પર કટાક્ષ કરતા કહ્યું કે, ૨૦૧૪માં જ્યારે તે સત્તામાં આવી ત્યારે આવા સમયે તેમની સરકારે પ્રયાસો કર્યા હતા. જ્યારે દેશ નિરાશામાં ડૂબી ગયો હતો ત્યારે હેરિટેજની સાથે ભૌતિક વિકાસને પ્રોત્સાહન આપો. લોકસભા ચૂંટણીનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે, લોકશાહીનો મોટો ઉત્સવ ચાલી રહ્યો છે અને દેશ માને છે કે ભવિષ્યની નવી



યાત્રા પણ અહીંથી શરૂ થશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમની સરકાર દ્વારા યોગ અને આયુર્વેદ જેવા ભારતીય વારસાને પ્રોત્સાહન આપવાનો ઉલ્લેખ કરતાં કહ્યુ કે, દેશની નવી પેઢી હવે માને છે કે સ્વાભિમાન તેની ઓળખ છે. તેમણે કહ્યું કે, ભારત હવે વિશ્વની સમસ્યાઓના ઉકેલ તરીકે વિશ્વ સ્તરે સત્ય અને અહિંસાના મંત્રને આત્મવિશ્વાસપૂર્વક રજૂ કરી રહ્યું છે. વડા પ્રધાને કહ્યું કે, વિશ્વ ભારત પાસેથી શાંતિનો માર્ગ બતાવે તેવી અપેક્ષા રાખે છે અને તેનું કારણ દેશની વધતી શક્તિ અને વિદેશ નીતિ કહેવાય છે પરંતુ તેની સાંસ્કૃતિક છબીએ પણ આમાં મોટી ભૂમિકા ભજવી છે. તેમણે કહ્યું કે, વૈશ્વિક સંઘર્ષના સમયમાં, તીર્થંકરો, પૂજનીય આધ્યાત્મિક જૈન ગુરુઓના ઉપદેશો વધુ સુસંગત છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, તેઓ વહેલી સવારે મતદાન કરે. તેમણે હળવાશથી કહ્યું કે, સંતો કમળ સાથે સંકળાયેલા છે જેનો ઉપયોગ મોટાભાગે પવિત્ર સમારંભોમાં થાય છે અને આ ફૂલ ભાજપનું ચૂંટણી ચિન્હ પણ છે. તેમણે કહ્યું કે દેશ આઝાદીની શતાબ્દીને સુવર્ણ શતાબ્દી બનાવવાની દિશામાં કામ કરી રહ્યો છે. વડા પ્રધાને ભારપૂર્વક જણાવ્યું હતું કે, અમૃત કાળનો વિચાર માત્ર એક સંકલ્પ નથી પરંતુ ભારતની આધ્યાત્મિક પ્રેરણા છે.

### વડા પ્રધાને ભારપૂર્વક જણાવ્યું હતું કે, અમૃત કાળનો વિચાર માત્ર એક સંકલ્પ નથી

**વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, તેઓ વહેલી સવારે મતદાન કરે. તેમણે હળવાશથી કહ્યું કે, સંતો કમળ સાથે સંકળાયેલા છે જેનો ઉપયોગ મોટાભાગે પવિત્ર સમારંભોમાં થાય છે અને આ ફૂલ ભાજપનું ચૂંટણી ચિન્હ પણ છે. તેમણે કહ્યું કે દેશ આઝાદીની શતાબ્દીને સુવર્ણ શતાબ્દી બનાવવાની દિશામાં કામ કરી રહ્યો છે. વડા પ્રધાને ભારપૂર્વક જણાવ્યું હતું કે, અમૃત કાળનો વિચાર માત્ર એક સંકલ્પ નથી પરંતુ ભારતની આધ્યાત્મિક પ્રેરણા છે. મોદીએ કહ્યું કે ભારત માત્ર સૌથી જૂની જીવંત સંસ્કૃતિ જ નથી પરંતુ માનવતા માટે સુરક્ષિત આશ્રયસ્થાન પણ છે. તેમણે એમ પણ કહ્યું કે, ભગવાન મહાવીરનો શાંતિ, કરુણા અને ભાઈચારાનો સંદેશ બધા માટે મહાન પ્રેરણાનો સ્ત્રોત છે.**

લગ્નનો પ્રસંગ માતમમાં ફેરવાયો

## કાર-ટ્રક વચ્ચે અકસ્માતમાં નવ જાનૈયાઓના મોત થયા

### મૃતકોના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પીટલ મોકલાયા છે : એક ઘાયલ વ્યક્તિ હોસ્પીટલમાં સારવાર હેઠળ છે

। ઝાલાવાડ, તા.૨૧ ।

રાજસ્થાનના ઝાલાવાડમાં જાનૈયાઓ ભરેલી કારને અકસ્માત નડ્યો હતો. ગમખ્વાર અકસ્માતમાં જાનૈયાઓ ભરેલી કારને ટ્રકે ટક્કર મારતાં કારનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. અકસ્માત બાદ ઘટના સ્થળે અફરા-તફરી મચી ગઈ હતી. જ્યાં માહિતી મળતાં જ પોલીસ પણ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને રાહત કાર્ય શરૂ કરી દીધું હતું.

રાજસ્થાનના ઝાલાવાડ જિલ્લામાં એક મોટો માર્ગ અકસ્માત થયો છે. લગ્નના મહેમાનોથી ભરેલી વાનને ટ્રકે ટક્કર મારી હતી. જેના કારણે ૯ લોકોના મોત થયા છે. ઝાલાવાડ જિલ્લાના અકલેરા નજીક પંચોલા ખાતે મધ્યપ્રદેશથી પરત ફરી રહેલા લગ્નની જાનની ગાડીને અકસ્માત નડ્યો હતો. મૃતકોના મૃતદેહને પૉસ્ટમોર્ટમ માટે હૉસ્પીટલ મોકલવામાં આવ્યા છે. એક ઘાયલ વ્યક્તિ હૉસ્પીટલમાં સારવાર હેઠળ છે.

ઝાલાવાડ જિલ્લાના અકલેરા શહેરમાં એક છોકરાના લગ્ન હતા, આ મોટો લગ્ન પ્રસંગ હતો. જેમના લગ્નની જાન મધ્યપ્રદેશના ખિલચીપુર વિસ્તારમાં નીકળી હતી. શનિવારે મોડી રાત્રે ૧૦ મિત્રો મારુતિ વાનમાં અકલેરા પરત ફરી રહ્યા હતા. આ સમય દરમિયાન જ્યારે તેમની વાન અકલેરાના દ્રઉઁ-૫૨ પર ખુરી



પચોલા પહોંચી ત્યારે સામેથી આવતી ટ્રક સાથે અથડાઈ હતી.

અકસ્માત બાદ ઘટના સ્થળે અફરા-તફરી મચી ગઈ હતી. માહિતી મળતાં જ પોલીસ પણ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને રાહત કાર્ય શરૂ કરી દીધું હતું. ઘાયલોને વાનમાંથી બહાર કાઢીને હૉસ્પીટલમાં લઈ જવામાં આવ્યા હતા જ્યાં ડોક્ટરોએ ૯ લોકોને મૃત જાહેર કર્યા હતા. એક ઘાયલ વ્યક્તિ હૉસ્પિટલમાં સારવાર હેઠળ છે.

મૃતકોના મૃતદેહને અકલેરા હૉસ્પિટલના શબઘરમાં રાખવામાં આવ્યા છે. આરોપી ટ્રક ચાલકની અટકાયત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. ઝાલાવાડના એસપી રિચા તોમરના જણાવ્યા અનુસાર, અકસ્માતનો ભોગ બનેલા લોકો બાગરી સમુદાયના હતા જેઓ તેમના સંબંધીના લગ્ન સમારોહમાં હાજરી આપવા માટે મધ્યપ્રદેશ ગયા હતા. પરત ફરતી વખતે રવિવારે સવારે ૩ વાગ્યાની આસપાસ ટ્રક સાથે અથડાતા અકસ્માત સર્જાયો હતો. જેના કારણે વાન ધરાશાયી થઈ ગઈ હતી.

બેંગુલુરુમાં સિદ્ધારમૈયા સરકાર પર ગર્જ્યા વડાપ્રધાન

## કોંગ્રેસે ટેક સિટીને ટેન્કર સિટી બનાવી દીધું છે : મોદી

। બેંગુલુરુ, તા.૨૧ ।

કર્ણાટકની ૨૮ લોકસભા બેઠકો પર ૨૬ એપ્રિલ અને સાતમી મેએ બે તબક્કામાં મતદાન થવાનું છે. જ્યારે બેંગલુરુની તમામ બેઠકો પર ૨૬ એપ્રિલે મતદાન થશે. ત્યારે આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બેંગુલુરુમાં એક જનસભા સંબોધી હતી. વડાપ્રધાને જનસભા દરમિયાન ગંભીર જળ સંકટ સામે ઝઝુમી રહેલા બેંગલુરુનો ઉલ્લેખ કરી મુખ્યમંત્રી સિદ્ધારમૈયા સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે, કોંગ્રેસે 'ટેક સિટી'ને 'ટેન્કર સિટી' બનાવી દીધું છે. ત્યારે આ મામલે મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ વળતો જવાબ આપી પૂછ્યું કે, 'જ્યારે કર્ણાટક પૂર અને દુષ્કાળ સામે ઝઝમી રહ્યું હતું, ત્યારે તેઓ ક્યાં હતાં?' વડાપ્રધાને કોંગ્રેસની ટીકા કરતા કહ્યું કે, 'નાદપ્રભુ કેમ્પેગોડાએ બેંગલુરુને એક શ્રેષ્ઠ શહેર બનાવવાનું સ્વપ્ન જોયું હતું. પરંતુ કોંગ્રેસ સરકારે થોડા સમય પહેલા જ અહીંની સ્થિતિ બગાડી દીધી.

### કોંગ્રેસે ટેક સિટીને ટેન્કર સિટીમાં બદલી શહેરને વોટર માફિયાઓના હવાલે કરી દીધી છે

**કોંગ્રેસે ટેક સિટીને ટેન્કર સિટીમાં બદલી શહેરને વોટર માફિયાઓના હવાલે કરી દીધી છે. એગ્રીકલ્ચર હોય કે શહેરનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર, કોંગ્રેસ સરકાર બધામાં બજેટ ઘટાડી રહી છે. કોંગ્રેસ સરકાર (Congress Government)નું ધ્યાન માત્ર ભ્રષ્ટાચાર પર છે, બેંગલુરુના લોકોની સમસ્યા પર નહીં. કર્ણાટકમાં માત્ર કેન્દ્ર સરકારના પ્રોજેક્ટ જ ઝડપથી આગળ વધી રહ્યા છે. તેમણે વધુમાં કહ્યું કે, બેંગલુરુ યુવા શક્તિ, યુવા ટેલેન્ટ અને ટેકનોલોજીનું પાવર હાઉસ છે. જોકે કોંગ્રેસ અને ઈન્ડી ગઠબંધન ટેકનોલોજીના વિરોધી છે. આજે વિશ્વભરના લોકો ડિજિટલ ઈન્ડિયાની પ્રશંસા કરી રહ્યા છે. ભારતના ફિનટેકની પ્રશંસા થઈ રહી છે. કોંગ્રેસે આધાર કાર્ડનો વિરોધ કર્યો હતો. કોંગ્રેસે જનધન ખાતાનો વિરોધ કર્યો હતો. કોંગ્રેસે ડિજિટલ પેમેન્ટ્સની મજાક ઉડાવી હતી. બેંગુલુરુના આઈટી ઉદ્યોગે કોરોના કાળ દરમિયાન વિશ્વભરને મદદ કરી, પરંતુ તે સમયે આ જ કોંગ્રેસે કોવિન પ્લેટફોર્મનો વિરોધ કર્યો હતો. કોંગ્રેસે ભારતમાં બનેલી કોરોના વેક્સીનને બદનામ કરી.**

## પતંજલિએ હવે કરોડોનો સર્વિસ ટેક્સ ભરવો પડશે

। નવી દિલ્હી, તા.૨૧ ।

યોગગુરુના નામે ઓળખાતા રામદેવ માટે હમણા કપરો સમય ચાલી રહ્યો છે. રામદેવ સામે સુપ્રીમ કોર્ટ ખફા હોય તેવું લાગે છે અને એક પછી એક ચુકાદા રામદેવની વિરુદ્ધ જઈ રહ્યા છે. રામદેવના પતંજલિ યોગપીઠ ટ્રસ્ટ દ્વારા યોગશિબિર યોજવામાં આવે છે જેમાં એન્ટ્રી વસુલવામાં આવે છે, પરંતુ સર્વિસ ટેક્સની ચોરી કરવામાં આવી છે. સુપ્રીમ કોર્ટે હવે એપેલેટ ટ્રિબ્યુનલના નિર્ણયને માન્ય રાખ્યો છે જેથી રામદેવ દ્વારા યોગ શિબિરોના આયોજન માટે વસૂલવામાં આવતી પ્રવેશ ફી પર સર્વિસ ટેક્સ ચૂકવવામાં આવશે. જસ્ટિસ અભય ઓકા અને જસ્ટિસ ઉજ્જવલ ભુયાનની બેન્ચે કસ્ટમ ડ્યુટી, એક્સાઈઝ ડ્યુટી અને સર્વિસ ટેક્સ એપેલેટ ટ્રિબ્યુનલના ઓર્ડરમાં હસ્તક્ષેપ નથી કર્યો. એટલે કે રામદેવની કંપનીએ સર્વિસ ટેક્સ ભરવો પડશે. સુપ્રીમે ટ્રિબ્યુનલની વાત માન્ય રાખીને કહ્યું કે ફી વસૂલાતા શિબિરોમાં યોગ કરવો એ એક સર્વિસ છે. તેથી તેમાં હસ્તક્ષેપ કરવાનું કોઈ કારણ નથી. પતંજલિ યોગપીઠ ટ્રસ્ટ દ્વારા રહેણાંક અને નોન-રેસિડેન્શિયલ યોગ શિબિરોમાં સામેલ થવા માટે ફી લેવામાં આવે છે તેથી તે 'હેલ્થ અને ફિટનેસ સેવા'ની શ્રેણીમાં આવે છે અને તેના પર સર્વિસ ટેક્સ લાગશે. ટ્રિબ્યુનલે કહ્યું હતું કે, શિબિરમાં ભાગ લેનારાઓ પાસેથી શિબિરો માટે ફી એકત્ર કરવામાં આવી હતી. આ રકમ દાન તરીકે એકઠી કરવામાં આવી હતી પરંતુ તે સર્વિસ પૂરી પાડવા માટેની ફી જ હતી. તેથી તે સર્વિસ ફીની વ્યાખ્યામાં આવે છે. પતંજલિ પાસેથી ઓક્ટોબર ૨૦૦૬થી માર્ચ ૨૦૧૧ સુધીના ગાળા માટે દંડ અને વ્યાજ સહિત લગભગ ૪.૫ કરોડના સર્વિસ ટેક્સની માગણી કરવામાં આવી હતી. ટ્રસ્ટે એવી દલીલ કરી કે તે એવી સર્વિસ પૂરી પાડે છે જે બીમારીઓની સારવાર માટે છે. આ સર્વિસ હેલ્થ અને ફિટનેસ હેઠળ કરપાત્ર નથી. પરંતુ આ દલીલ માન્ય રહી નથી તેથી હવે પતંજલિએ આ ૪.૫ કરોડ રૂપિયા ચૂકવવા પડશે. તેના કારણે રામદેવની યોગ શિબિરો સર્વિસ ટેક્સના દાયરામાં આવી ગઈ છે. જસ્ટિસ ઓક અને જસ્ટિસ ભુઈયાની બેન્ચે કહ્યું, કે ટ્રિબ્યુનલના આદેશમાં દખલ કરવાનું કોઈ કારણ દેખાતું નથી. આ કારણથી પતંજલિ યોગપીઠ ટ્રસ્ટની અપીલ નકારવામાં આવે છે. પ્રવેશ ફી વસૂલ્યા પછી શિબિરોમાં યોગ કરાવવામાં આવે તે એક સર્વિસ જ ગણાય.

ન્યૂઝ બ્રિફ

### વાયનાડમાં પાર્ટીના મહત્ત્વના પદાધિકારી ભાજપમાં જોડાયા




। વાયનાડ, તા.૨૧ ।

લોકસભા ચૂંટણી વચ્ચે કોંગ્રેસ પાર્ટીને રાહુલ ગાંધીના સંસદીય ક્ષેત્ર વાયનાડમાં મોટો ઝટકો લાગ્યો છે. વાયનાડમાં જિલ્લા કોંગ્રેસ સમિતિ (DCC)ના મહાસચિવ પી.એમ. સુધાકરન કોંગ્રેસ પાર્ટીમાંથી રાજીનામું આપીને ભાજપમાં જોડાઈ ગયા છે. પી.એમ. સુધાકરને રાજીનામું આપવાનું કારણ આપતાં કહ્યું કે અમારા માટે વાયનાડના સાંસદ અને કોંગ્રેસના નેતા સુધી પહોંચવું સરળ નહોતું, અમે અમારા વિચારો વ્યક્ત કરી શકતા ન હતા. તેમણે કહ્યું કે જો મારી સાથે આવું થતું હોય તો સામાન્ય જનતા સાથે શું થતું હશે. ભાજપમાં જોડાયા બાદ સુધાકરને પીએમ મોદીની ખૂબ પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું કે હું પીએમ મોદીના વિકાસ કાર્યોથી ખૂબ પ્રભાવિત છું અને તેથી જ હું ભાજપમાં જોડાઈ રહ્યો છું.

### INDIA ગઠબંધનમાં ઉદ્ધવ ઠાકરે PM કેમ ન બની શકે



। નવી દિલ્હી, તા.૨૧ ।

લોકસભા ચૂંટણી વચ્ચે INDIA ગઠબંધનમાં PM પદને લઈને વિવાદ શરૂ થઈ ગયો છે. જેના કારણે મહારાષ્ટ્ર શિવસેના (UBT-ઉદ્ધવ બાબાસાહેબ ઠાકરે)ના સાંસદ સંજય રાઉતનું નિવેદન સામે આવ્યું છે. વાત જાણે એમ છે કે, સંજય રાઉતે કહ્યું કે, INDIA ગઠબંધનમાં ઉદ્ધવ ઠાકરે PM કેમ ન બની શકે. તેનો નિર્ણય ગઠબંધનમાં બેસીને લેવામાં આવશે. તેમણે વધુમાં કહ્યું કે, જો આપણે PM માટે ઉદ્ધવ ઠાકરેનું નામ લઈએ તો તેમાં મરચું લગાડવાની જરૂર નથી. સંજય રાઉતે PM પદ માટે ઉદ્ધવ ઠાકરેના નામનું સમર્થન કરતા કહ્યું કે, જો ઉદ્ધવ ઠાકરેને PM પદ માટે તક મળશે તો શરદ પવાર પણ તેમને ચોક્કસ સમર્થન આપશે. તેમણે વધુમાં કહ્યું કે, મહારાષ્ટ્રને સન્માન કેમ નથી મળી શકતું. નોંધનિય છે કે, સંજય રાઉતે શનિવારે કહ્યું હતું કે, દેશને ઉદ્ધવ ઠાકરે જેવા વડાપ્રધાનની જરૂર છે.



## ન્યૂઝ બ્રિફ

### ૧૭ લાખની કિંમતનું ૨૭૦૦ કિલો શંકાસ્પદ ઘી ઝડપાયું

। બનાસકાંઠા, તા.૨૧ ।

બનાસકાંઠાના મુખ્ય મથક પાલનપુરના ગજાનંદ માર્કેટયાર્ડમાં આવેલ ધાનવી એન્ટરપ્રાઈઝમાં ફૂડ એન્ડ સેફટી વિભાગ દ્વારા રેડ કરીને ૧૭ લાખ રૂપિયાની કિંમતનું ૨૭૦૦ કિલો શંકાસ્પદ ઘી ઝડપી પાડી તેને સીઝ કરીને વિવિધ ૭ નમૂના લઈને પરીક્ષણ માટે મોકલી કાર્યવાહી હાથ ધરી છે. બનાસકાંઠા જિલ્લાના અનેક વિસ્તારોમાં નકલી તેમજ મિલાવટ અને શંકાસ્પદ ચીજવસ્તુઓનું વેચાણ થતું હોવાનું અનેકવાર બુમરાડ ઉઠી રહી છે ત્યારે પાલનપુરના ગજાનંદ માર્કેટમાં આવેલ ધાનવી એન્ટરપ્રાઈઝ નામની પેઢીમાં શંકાસ્પદ ઘી બનતું હોવાની બાતમીના આધારે ફૂડ એન્ડ સેફટી વિભાગે રેડ કરી ધાનવી એન્ટરપ્રાઈઝ માંથી ૧૭ લાખ રૂપિયાની કિંમતનું ૨૭૦૦ કિલો શંકાસ્પદ ઘી ઝડપી પાડી તેને સીઝ કરી અનમોલ પ્રીમિયમ બ્રાન્ડ ઘીના ૬ અને લુઝ ઘીનો એક નુમુનો લઈને કુલ ૭ નમુના પરીક્ષણ માટે મોકલી કાર્યવાહી હાથ ધરી છે.

### મતદાનના દિવસે કામદારોને સવેતન રજા આપવા પાલિકાનું જાહેરનામું

। સુરત, તા.૨૧ ।

આગામી લોકસભાની ચૂંટણી માટે ૭ મેના રોજ મતદાન થશે તે દિવસે સુરત પાલિકાએ પાલિકા વિસ્તારના તમામ કામદારો માટે સવેતન રજા ની જાહેરાત કરી છે. આ અંગે પાલિકાએ એક જાહેરનામું બહાર પાડ્યું છે તેના આધારે જો કોઈ કામદાર ને આ દિવસે રજા ના પૈસા માલિક કે સંસ્થા દ્વારા કાપવામાં આવશે તો તેમના વિરુદ્ધ ગુજરાત શોપ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ હેઠળ પગલાં ભરવામાં આવશે. લોકસભાની ચૂંટણીમાં વધુને વધુ મતદાન થાય તે માટે વહીવટી તંત્ર દ્વારા જનજાગૃતિ અનેક કાર્યક્રમ જાહેર કરવામા આવ્યા છે. આ ઉપરાંત વધુમાં વધુ મતદાન થાય અને કારીગરો અને કામદાર વર્ગ મતદાન કરી શકે તે માટે સુરત પાલિકાએ એક જાહેરનામા થકી મતદાનના દિવસે એટલે કે ૭ મેના રોજ મતદાન માટે રજા જાહેર કરી છે. આ ઉપરાંત આ રજા કારીગરોને સવેતન સાથે જાહેર કરવામા આવી છે. સુરત પાલિકાએ જાહેર કરેલા જાહેરનામામાં ઉલ્લેખ કરાયો છે કે, સુરત મહાનગરપાલિકાની હદમાં આવેલ ગુજરાત શોપ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ રેગ્યુલેશન ઓફ એમ્પ્લોયમેન્ટ એન્ડ કંડીશન ઓફ સર્વિસ) એક્ટ-૨૦૧૯ હેઠળ તમામ દુકાનો અને વેપારી સંસ્થાઓને ગુજરાત લોકસભા સામાન્ય ચુંટણી-૨૦૨૪ .

# કોંગ્રેસ ઉમેદવાર નિલેશ કુંભાણીના ફોર્મ સંદર્ભે સુનાવણી કરાશે

## ભાજપના ઉમેદવારે ઉઠાવ્યો હતો વાંધો, સવારે ૧૧ વાગ્યે વિવાદિત ફોર્મ મુદ્દે સુનાવણી કરાશે

। સુરત,તા.૨૧ ।

૧૯ એપ્રિલ લોકસભાની ચૂંટણીમાં ઉમેદવારી ફોર્મ ભરવાનો છેલ્લો દિવસ હતો. જેના બાદ આજે (૨૦ એપ્રિલ) ફોર્મ ચેકિંગ કામગીરી કરવામા આવી રહી છે. ત્યારે સુરતમાં લોકસભા કોંગ્રેસના ઉમેદવાર નિલેશ કુંભાણીનું ફોર્મ રદ થવાનો ખતરો ઉભો થયો છે. નિલેશ કુંભાણીના ફોર્મ સાથે જોડાયેલા ૩ ટેકેદારે પોતાની સાઈન ન હોવાની એફિડેવિટ કરતા ભાજપે વાંધો ઉઠાવ્યો હતો. પરંતુ હાલ કોંગ્રેસને હાશકારો થાય એવા સમાચાર મળી રહ્યા છે. કોંગ્રેસ ઉમેદવાર નિલેશ કુંભાણીનું ફોર્મ રદ થયું નથી. આ સંદર્ભે હવે આવતીકાલે સુનાવણી હાથ ધરવામાં આવશે.

નિલેશ કુંભાણીના વકીલે કોંગ્રેસને એક દિવસનો



સમય આપ્યો હોવાનો દાવો કર્યો છે. વકીલે કહ્યું કે અમારી રજૂઆત સાંભળીને પછી અધિકારી નિર્ણય કરશે. આ સાથે જ નિલેશ કુંભાણીનું ફોર્મ રદ ન થયું હોવાનો વકીલે દાવો કર્યો છે. ચૂંટણી અધિકારીએ નોટિસ આપતાં કોંગ્રેસે સમય માગ્યો છે. આવતી કાલે સવારે ૧૧ વાગ્યે વિવાદિત ફોર્મ મુદ્દે સુનાવણી હાથ ધરવામાં આવશે. રવિવાર સવારે ૧૧ વાગ્યે કોંગ્રેસની રજૂઆત અધિકારી સાંભળશે. સુનાવણીમાં ટેકેદારો સાથે આવવા ચૂંટણી અધિકારીએ આદેશ આપ્યો છે.

ગુજરાત કોંગ્રેસના ૩ ટેકેદારોએ કહ્યું કે ફોર્મમાં અમારી સહી નથી, આ નિવેદન બાદ નિલેશ કુંભાણીના ફોર્મ પર વિવાદ થયો હતો. ત્યારે આ સમગ્ર વિવાદ મુદ્દે કોંગ્રેસ ઉમેદવારના ટેકેદારો ફરી ગયા કે શું તે એક મોટો સવાલ ઉભો થયો છે. નિલેશ કુંભાણીના બનેવી અને ભાગીદાર ટેકેદાર હતા. પોતાના જ લોકોએ દગો આપ્યો કે કેમ તે એક મોટો સવાલ ઉભો થયો છે. ઈટાલિયાએ આ મુદ્દે જણાવ્યું કે નિલેશ કુંભાણીના ટેકેદારોના ફોન સ્વિચ ઑફ છે. અમારા ઉમેદવારના ટેકેદારો ગાયબ થઈ ગયા છે. ટેકેદારોને ક્યાં લઈ જવાયા છે તેની જાણકારી નથી. કોંગ્રેસના ટેકેદારોનું અપહરણ કરવામાં આવ્યું છે. ધાક-ધમકીથી ટેકેદારોનું અપહરણ કરવામાં આવ્યું છે. ટેકેદારોને ધાક-ધમકી આપીને સોગંદનામું કરાવ્યાનો આરોપ લગાવવામાં આવ્યો છે. કોંગ્રેસે સુરત લોકસભા બેઠક પર નિલેશ કુંભાણીને ટિકિટ આપી છે. પરંતુ આજે કોંગ્રેસના ઉમેદવાર નિલેશ કુંભાણીનો ઉમેદવાર પત્ર રદ થાય તેવી ચર્ચાઓ જોર પકડ્યું છે. વાત એવી છે કે, કોંગ્રેસના ઉમેદવારે તેમની ઉમેદવારી પત્રમાં દર્શાવેલી ટેકેદારોની સહી ટેકેદારોએ ન કરી હોવાનો આક્ષેપ કરાયો છે. ટેકેદારોએ કહ્યું કે અમારી ખોટી સહી કરી છે. વધુમાં કહ્યું કે, ઉમેદવારી પત્રમાં નિલેશ કુંભાણીએ દર્શાવેલી સહી અમારી નથી. સુરત લોકસભા કોંગ્રેસ ઉમેદવાર નિલેશ કુંભાણીના ફોર્મને લઈ વાંધો નોંધાવાયો હતો.

## ચૂંટણીમાં મતદાન કરતી વખતે તમારી આંગળી પર જે શાહી લગાવાય છે તે ક્યાંથી આવે છે

। અમદાવાદ,તા.૨૧ ।

આ કંપની માત્ર ભારતીય ચૂંટણી પૂરતા જ નહીં પરંતુ વિશ્વના ૨૫ જેટલાં અલગ અલગ દેશમાં શાહી પુરી પાડે છે હાલમાં આપણા દેશમાં લોકસભાની સામાન્ય ચૂંટણીઓ યોજાઈ રહી છે. આ ચૂંટણી માટે ગુજરાતમાં આગામી તારીખ ૭ મી મે-૨૦૨૪ ના રોજ મતદાન યોજાનાર છે. લોકસભાની સામાન્ય ચૂંટણી મુક્ત, ન્યાયી અને શાંત વાતાવરણમાં યોજાય તે માટે ભારતના ચૂંટણી પંચ દ્વારા વ્યાપક વ્યવસ્થાઓ કરવામાં આવે છે પરંતુ શું તમને એ ખબર છે કે મપ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર સુશ્રી પ્રવીણા ડી.કે.ની અધ્યક્ષતામાં અમદાવાદ જિલ્લાની લોકસભા બેઠકો હેઠળ સમાવિષ્ટ વિધાનસભા વિસ્તારોમાં ચૂંટણી કામગીરી માટે સ્ટાફનું બીજા તબક્કાનું રેન્ડમાઈઝેશન હાથ ધરવામાં આવ્યું હતું. લોકસભા બેઠકોના જનરલ ઓબ્ઝર્વરશ્રીઓની ઉપસ્થિતિમાં બીજા તબક્કાનું સ્ટાફ રેન્ડમાઈઝેશન પૂર્ણ થયું હતું. આ રેન્ડમાઈઝેશનમાં ૨૧ વિધાનસભાઓમાં ચૂંટણી કામગીરી માટે ૨૬,૬૨૫ કર્મચારીઓને આવરી લેવામાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદ જિલ્લાની ૨૧ વિધાનસભા બેઠકોમાં ૫૪૫૯ મતદાન મથકો પર આગામી તારીખ ૭મી મેના રોજ લોકસભા ચૂંટણી માટે મતદાન યોજાવાનું છે. બીજા તબક્કાના સ્ટાફ રેન્ડમાઈઝેશનમાં અમદાવાદ પશ્ચિમ લોકસભા બેઠકના જનરલ ઓબ્ઝર્વર શ્રી પુનિત યાદવ, અમદાવાદ પૂર્વ લોકસભા બેઠકના ચૂંટણી નિરીક્ષક શ્રી અભિનવ ચંદ્રા, ગાંધીનગર લોકસભા બેઠકના જનરલ ઓબ્ઝર્વર શ્રી વિનય કુમાર,ખેડા લોકસભા બેઠકના જનરલ ઓબ્ઝર્વર શ્રી શશી પ્રકાશ ઝા, ૭-અમદાવાદ પૂર્વ લોકસભા બેઠકના ચૂંટણી અધિકારી અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિદેહ ખરે, નિવાસી અધિક કલેક્ટર અને ચૂંટણી સ્ટાફના નોડલ અધિકારી શ્રી સુધીર પટેલ, અધિક જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી યોગેશ ઠક્કર ઉપસ્થિત રહ્યા હતા.

### સુરતમાં સામે આવી હનીટ્રેપ કરતાં પણ ગંભીર ઘટના

# સાડી જોબવર્ક કોન્ટ્રાક્ટરને હનીટ્રેપમાં ફસાવી ૩.૫૦ લાખ રૂપિયા પડાવ્યા

## યુવતી સાથે યુવાન રૂમમાં ગયો. આ દરમ્યાન જ કોઈએ રૂમનો દરવાજો ખખડાવ્યો હતો અને યુવતીએ દરવાજો ખોલી નાખ્યો હતો અને ત્રણ જણા રૂમમાં ઘુસી ગયા હતા

। સુરત, તા.૨૧ ।

સુરતના અમરોલી વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી હનીટ્રેપ કરી લોકો પાસેથી લાખો રૂપિયા પડાવી લેવાના કિસ્સા બની રહ્યા છે, ત્યારે વધુ એક યુવાન આ ટોળકીનો ભોગ બન્યો હતો. છાપરાભાઠા ગામના એક ફલેટમાં યુવાનને લઈ જઈ મહિલા સાથે ફોટા પાડી નકલી પોલીસ બનીને ૩.૫૦ લાખ પડાવવાના ગુનામાં પોલીસે એક આરોપીની ધરપકડ કરી છે. વરાછાના બરોડા પ્રિસ્ટેજ ખાતે રહેતો ૩૬૬ વર્ષીય યુવાન સાડીના જોબવર્કનું કામકાજ કરે છે.ગુગલ પર એક વેબસાઈટ જોઈને આ યુવાન ભેરવાયો હતો. વેબસાઈટ પર યુવતીઓના ફોટા પર ક્લિક કર્યું અને એક નંબર આવ્યો યુવાને કોઈ પણ જાતની ખાતરી કરી નહોતી અને પછી જે વોટ્સએપ પર નંબર આવ્યો હતો, તેના પર યુવાને વાતચીત કરી હતી. આ દરમ્યાન યુવતીએ યુવકને મળવા બોલાવ્યો હતો. અમરોલી છાપરાભાઠા રોડ પર આવેલા પોકેટ મોલ પાસે ઋતુરાજ એપાર્ટમેન્ટના સી.૬૦૪ નંબરના ફલેટમાં યુવકને મળવા બોલાવ્યો હતો. જયારે યુવક ત્યાં ગયો ત્યારે એક મહિલા અને એક યુવતી હતી. યુવતી સાથે યુવાન રૂમમાં ગયો. આ દરમ્યાન જ કોઈએ રૂમનો દરવાજો ખખડાવ્યો હતો અને યુવતીએ દરવાજો ખોલી નાખ્યો હતો અને ત્રણ જણા રૂમમાં ઘુસી ગયા હતા અને પોતાની ઓળખ પોલીસ તરીકે આપી અમે ડીસ્ટાફમાંથી આવીએ છીએ. તેમ કહીને યુવાનને ડરાવ્યો હતો. યુવાને મારા પર કેસ નહિ કરશો હું બે લાખ રૂપિયા આપવા માટે તૈયાર છું તેમ કહેતા નકલી પોલીસ બનીને આવેલા ત્રણ પૈકી એક એ સાહેબ સાથે વાત કરીને કહું છું એમ કહીને બહાર ગયા બાદ થોડીવારમાં પાછો આવીને રૂ.૪ લાખની માંગણી કરી હતી અને અંતે યુવાન રૂ.૩.૫૦ લાખ આપવા માટે તૈયાર થયો હતો.

## ૭-અમદાવાદ પૂર્વ લોકસભા બેઠક પર ૨૩ ઉમેદવારનાં ફોર્મ માન્ય રહ્યાં

। અમદાવાદ,તા.૨૧ ।

લોકસભા ચૂંટણી ૨૦૨૪ અન્વયે અમદાવાદ જિલ્લામાં ૧૨મી એપ્રિલથી ૧૯ મી એપ્રિલ સુધી ઉમેદવારો દ્વારા બંને લોકસભા બેઠકો પર ઉમેદવારીપત્રો ભરવાની પ્રક્રિયા ચાલી હતી. ૨૦મી એપ્રિલના રોજ બન્ને બેઠકોના ચૂંટણી અધિકારીઓ દ્વારા તમામ ઉમેદવારી પત્રોની ચકાસણી હાથ ધરવામાં આવી હતી. અમદાવાદની બન્ને લોકસભા બેઠકો માટે નિયમાનુસાર અને યોગ્ય રીતે ભરાયેલા ઉમેદવારી પત્રો માન્ય રાખવામાં આવ્યા હતા અને અધૂરી વિગતવાળા કે ખામીયુક્ત ઉમેદવારી પત્રોને અમાન્ય ઠેરવવામાં આવ્યા છે. ૭-અમદાવાદ પૂર્વ લોકસભા બેઠક પર ૩૪ ઉમેદવારોએ કુલ ૪૪ ફોર્મ ભર્યાં હતાં, જેમાંથી ૧૧ ઉમેદવારોના ફોર્મ રિજેક્ટ થયાં છે, જ્યારે ૨૩ ઉમેદવારના ફોર્મ માન્ય રહ્યાં છે. એ જ રીતે, ૮-અમદાવાદ પશ્ચિમ (અ.જા.) બેઠક માટે ૧૨ ઉમેદવારોએ કુલ ૧૯ ફોર્મ ભર્યાં હતાં,

# ગુજરાતમાં મતદાનના દિવસે શ્રમિકોને રજા આપવા સૂચના

। ગાંધીનગર, તા.૨૧ ।





રાજ્યના શ્રમ આયુક્તની અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અને ગુજરાત વિધાનસભા પેટા ચૂંટણી-૨૦૨૪ અન્વયે આગામી તા. ૦૭/૦૫/૨૦૨૪ના રોજ મતદાન યોજાશે. મતદાનના દિવસે જે તે મતવિસ્તારની સંસ્થાઓમાં કામ કરતા શ્રમયોગીઓ/કર્મચારીઓ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે, તે માટે ગુજરાત શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ એક્ટ-૨૦૧૯ હેઠળ આપવામાં આવતી અઠવાડિક રજા જો મતદાનના દિવસે ન હોય તો, અઠવાડિક રજા બદલી કરીને દુકાન અથવા સંસ્થામાં નોકરી કરતા દરેક વ્યક્તિને મતદાનના દિવસે રજા મંજૂર કરવાની રહેશે. આ રજા માટે શ્રમયોગી/કર્મચારીના પગારમાંથી કોઈપણ પ્રકારની કપાત કરવાની રહેશે નહિ. જો કોઈ માલિક લોકપ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૧૩૫-મ્ની જોગવાઈ વિરુદ્ધનું વર્તન કરશે, તો દંડ અને શિક્ષાને પાત્ર થશે. યાદીમાં વધુમાં જણાવ્યા અનુસાર રાજસ્થાનમાં તા. ૨૬/૦૪/૨૦૨૪, મધ્યપ્રદેશમાં તા.૧૩/૦૫/૨૦૨૪ તેમજ મહારાષ્ટ્રમાં તા.૧૩/૦૫/૨૦૨૪ અને ૨૦/૦૫/૨૦૨૪ના રોજ લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અન્વયે મતદાન થનાર છે. જેથી રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્ર રાજ્યના વતની હોય અને નોકરી ધંધા માટે ગુજરાતમાં રહેતા હોય, તેવા મતદારો મતદાનના દિવસે મતદાન કરી શકે તે માટે ગુજરાત શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ એક્ટ-૨૦૧૯ હેઠળ સ્થાનિક સંસ્થાઓ અને આવશ્યક સેવાઓ આપતી અન્ય સંસ્થાઓને મતદાનના દિવસે અઠવાડિક રજાની બદલીમાં વૈકલ્પિક વ્યવસ્થા કરીને કર્મચારીઓ/શ્રમયોગીઓને મતદાન માટે ખાસ રજા આપવા સૂચના અપાઈ છે. નાગરીકો પોતાના મતાધિકારનો મહત્તમ ઉપયોગ કરી શકે તે માટે સ્થાનિક સંસ્થાઓમાં ગ્રામીણ બેંકો, રાષ્ટ્રીયકૃત બેંકો, ખાનગી બેંકો અને સહકારી બેંકો, રેલ્વે, ટેલીફોન, તાર અને પોસ્ટ જેવી રાજ્ય અને કેન્દ્ર સરકારની આવશ્યક સેવાઓ, દુકાનો, વાણીજ્યક સંસ્થાઓ, હોટલો, ઔદ્યોગિક એકમો, સરકારી હોસ્પિટલો, પોલીસ સ્ટેશનો, ફાયર બ્રિગેડ અને આવશ્યક સેવાઓ આપતી અન્ય સંસ્થાઓ/કચેરીઓને ચૂંટણીમાં મતદાનના દિવસે કર્મચારીઓ/શ્રમયોગીઓને મતદાન માટે ખાસ રજા આપવા સૂચના આપવામાં આવી છે, તેમ વધુમાં જણાવાયું છે.

## જૂનાગઢ માર્કેટિંગ યાર્ડમાં કેસર કેરીની આવક વધી

। જૂનાગઢ, તા.૨૧ ।

ગીર પંથકની કેસર કેરી અને ગીરનો કેસરીસિંહ બંને સમગ્ર દેશમાં પ્રખ્યાત છે. હાલમાં કેરીની સીઝન ચાલી રહી છે, ત્યારે કેસર કેરીના સ્વાદ રસીકો કેરીનો સ્વાદ ચાખવા માટે તલપાપડ બન્યા છે. હાલમાં એપ્રિલ મહિનાથી ખાસ કેરીની આવક નોંધાઈ રહી છે, જેથી ૨ એપ્રિલથી ૨૦ એપ્રિલ સુધીમાં કેરીની આવક ૩,૫૫૬ ક્વિન્ટલ નોંધાઈ હતી. કેસર કેરીની અને અન્ય કેરીની સૌથી વધુ આવક ૧૮ એપ્રિલના રોજ ૧,૮૮૩ ક્વિન્ટલની આવક નોંધાઈ હતી, ત્યારે કેરીનો પ્રતિ મણનો ભાવ ૨,૬૦૦ રૂપિયા નોંધાયો હતો. કેસર કેરીની અને અન્ય કેરીની સરેરાશ આવક ૧૦૦થી ૫૦૦ ક્વિન્ટલ તેની પહેલાં નોંધાતી હતી. પરંતુ ૧૮ એપ્રિલે કેરીનો ૧,૮૮૩ ક્વિન્ટલ નોંધાઈ હતી. આ સાથે ૯ એપ્રિલે સૌથી ઊંચો ભાવ નોંધાયો હતો. ૯ એપ્રિલે એક ક્વિન્ટલ કેરીના ૪,૦૦૦ રૂપિયા સુધીના ભાવ નોંધાયા હતા. આ સાથે ૮ એપ્રિલે ૩,૬૦૦ રૂપિયા અને ૧૨ એપ્રિલે ૩,૮૦૦ રૂપિયા ભાવ નોંધાયા હતા.

# અમદાવાદ શહેર જિલ્લામાં 'મતદાન જાગૃતિ' અભિયાનને વેગવંતુ બનાવતું જિલ્લા ચૂંટણી તંત્ર

## લોકસભા ચૂંટણી ૨૦૨૪, અમદાવાદ જિલ્લો, અમદાવાદ જિલ્લામાં અત્યાર સુધીમાં ૧ લાખથી વધુ યુવા મતદારોએ લીધા અચૂક મતદાનના શપથ

। ગાંધીનગર/અમદાવાદ ।

યુવાનોમાં મતદાન અંગે જાગૃતિ લાવવા તથા પ્રથમ વાર મતદાન કરનાર યુવા મતદારો અચૂક મતદાન કરે તેવા હેતુથી અમદાવાદ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા સ્વીપ એક્ટિવિટી અંતર્ગત અનેક યુનિવર્સિટીઓ તથા શૈક્ષણિક સંસ્થાઓમાં 'મતદાન જાગૃતિ' અંગેના વિવિધ કાર્યક્રમ યોજાય છે.

અમદાવાદ જિલ્લામાં અત્યાર સુધીમાં ૧ લાખથી વધુ યુવા મતદારો અચૂક મતદાનના શપથ લઈ ચૂક્યા છે, જેમાં મોટાભાગના યુવાનો ફર્સ્ટ ટાઈમ વોટર્સ છે.

અમદાવાદ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા ૧૨ યુનિવર્સિટીઓ સાથે 'મતદાર જાગૃતિ' અંગે રૈં કરાયા છે. જિલ્લાની ૨૦૦થી વધુ શૈક્ષણિક સંસ્થાઓમાં 'મતદાન જાગૃતિ' અંગે કાર્યક્રમ યોજવામાં આવ્યા છે.

અમદાવાદ શહેર તથા જિલ્લાના વધુમાં વધુ યુવાનો તથા પ્રથમ વખત મતદાન કરનાર યુવા મતદારો અચૂક મતદાન કરે તે દિશામાં અમદાવાદ જિલ્લા ચૂંટણી તંત્ર સતત કાર્યરત છે. જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા સ્વીપ એક્ટિવિટી અંતર્ગત ૧૨ જેટલી યુનિવર્સિટીઓ સાથે 'મતદાન જાગૃતિ' અંગેના રૈં કરવામાં આવ્યા છે. આ ઉપરાંત શહેરની ૨૦૦થી વધુ શૈક્ષણિક સંસ્થાઓ, કોલેજો અને ભવનોમાં પણ 'મતદાન જાગૃતિ' અભિયાન અંતર્ગત અનેક પ્રકારના વિશિષ્ટ કાર્યક્રમ યોજાઈ રહ્યા છે. કેમ્પ એટ કેમ્પસ જેવા કાર્યક્રમોમાં હજારો યુવાનો સહભાગી થયા છે.







જિલ્લા ચૂંટણી તંત્રએ 'મતદાન જાગૃતિ' અભિયાનને વેગવંતુ બનાવવા માટે ૧૨ યુનિવર્સિટીઓ જેમ કે, ગુજરાત યુનિવર્સિટી, ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી, ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, સિલ્વર ઓક યુનિવર્સિટી, રાય યુનિવર્સિટી, સાબરમતી યુનિવર્સિટી, શ્રેયાર્થ યુનિવર્સિટી, લકુલીશ યોગ યુનિવર્સિટી, કૌશલ્ય - ધ સ્કીલ યુનિવર્સિટી, અનંત નેશનલ યુનિવર્સિટી, જેજી યુનિવર્સિટી, અદાણી યુનિવર્સિટી વગેરે યુનિવર્સિટીઓ સાથે રૈં કર્યા છે. આ ઉપરાંત ૨૦૦થી વધુ શૈક્ષણિક સંસ્થાઓ, કોલેજો અને વિવિધ યુનિવર્સિટીઓના ભવનોમાં 'મતદાન જાગૃતિ' અભિયાન અંતર્ગત વિવિધ કાર્યક્રમ યોજાઈ ચૂક્યા છે. જિલ્લા ચૂંટણી તંત્રએ 'મતદાન જાગૃતિ' અભિયાનને વેગવંતુ બનાવવા માટે ૧૨ યુનિવર્સિટીઓ જેમ કે, ગુજરાત યુનિવર્સિટી, ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી, ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, સિલ્વર ઓક યુનિવર્સિટી, રાય યુનિવર્સિટી, સાબરમતી યુનિવર્સિટી, શ્રેયાર્થ યુનિવર્સિટી, લકુલીશ યોગ યુનિવર્સિટી, કૌશલ્ય - ધ સ્કીલ યુનિવર્સિટી, અનંત નેશનલ યુનિવર્સિટી, જેજી યુનિવર્સિટી, અદાણી યુનિવર્સિટી વગેરે યુનિવર્સિટીઓ સાથે રૈં કર્યા છે. આ ઉપરાંત ૨૦૦થી વધુ શૈક્ષણિક સંસ્થાઓ, કોલેજો અને વિવિધ યુનિવર્સિટીઓના ભવનોમાં 'મતદાન જાગૃતિ' અભિયાન અંતર્ગત વિવિધ કાર્યક્રમ યોજાઈ ચૂક્યા છે.

'મતદાન જાગૃતિ' અભિયાન અન્વયે સ્વીપ એક્ટિવિટી અંતર્ગત જિલ્લા ચૂંટણી તંત્રના વિવિધ નોડલ ઓફિસર અને તેમની ટીમ દ્વારા વિવિધ કોલેજોમાં અનોખા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 'મતદાન જાગૃતિ' અંગે રેલી, વક્તવ્ય સ્પર્ધા, રંગોળી સ્પર્ધા, જાહેર સ્થળો પર બેનર સાથે સૂત્રોચ્ચાર, ઓરીએન્ટેશન પ્રોગ્રામ, મતદાનના શપથ, ડોર ટુ ડોર પ્રચાર, સિગ્નેચર કેમ્પેઈન, પ્રભાત ફેરી જેવા અનેક કાર્યક્રમો થકી નાગરિકોને મતદાન માટે પ્રોત્સાહિત કરાયા હતા.

આ ઉપરાંત અમદાવાદ શહેરનાં અનેક આઈકોનિક સ્થળો જેવાંકે, અટલ બ્રિજ, એરપોર્ટ રોડ, કાંકરિયા તળાવ, હેપી સ્ટ્રીટ, લૉ ગાર્ડન, રિવરફ્રન્ટ, મેટ્રો ટ્રેન અને બસ સ્ટેશન, જેવાં જાહેર સ્થળો પર પણ 'મતદાન જાગૃતિ' અભિયાનનો નારો બુલંદ કર્યો હતો.

અમદાવાદ જિલ્લા ચૂંટણી તંત્ર 'મતદાન જાગૃતિ'ના કાર્યક્રમો થકી યુવાનોને દેશહિતમાં અચૂક મતદાન કરવા માટે પ્રોત્સાહિત કરે છે ત્યારે આ તમામ યુનિવર્સિટીઓ અને કોલેજોના ૧લાખથી વધુ યુવાનોએ અચૂક મતદાનના શપથ લીધા હતા, એ એક નોંધપાત્ર સિદ્ધિ ગણી શકાય. આ ઉપરાંત અમદાવાદ શહેરનાં અનેક આઈકોનિક સ્થળો જેવાંકે, અટલ બ્રિજ, એરપોર્ટ રોડ, કાંકરિયા તળાવ, હેપી સ્ટ્રીટ, લૉ ગાર્ડન, રિવરફ્રન્ટ, મેટ્રો ટ્રેન અને બસ સ્ટેશન, જેવાં જાહેર સ્થળો પર પણ 'મતદાન જાગૃતિ' અભિયાનનો નારો બુલંદ કર્યો હતો.

અમદાવાદ જિલ્લા ચૂંટણી તંત્ર 'મતદાન જાગૃતિ'ના કાર્યક્રમો થકી યુવાનોને દેશહિતમાં અચૂક મતદાન કરવા માટે પ્રોત્સાહિત કરે છે ત્યારે આ તમામ યુનિવર્સિટીઓ અને કોલેજોના ૧લાખથી વધુ યુવાનોએ અચૂક મતદાનના શપથ લીધા હતા, એ એક નોંધપાત્ર સિદ્ધિ ગણી શકાય.

ન્યૂઝ બ્રિફ

## યુપી સરકાર ફ્લોટીંગ સોલર ફાર્મ માટે જળાશયોનો ઉપયોગ કરી શકે છે



। લખનૌ, તા.૨૧ ।

ઉત્તર પ્રદેશમાં નવો પ્રોજેક્ટ હાથ ધરવા જઈ રહી છે. જેમાં ફ્લોટિંગ સોલર ફાર્મ માટે જળાશયનો ઉપયોગ પણ સરકાર કરવા માંગી રહી છે. જેને લઈને લગભગ ૧૧૦૦૦ મેગાવોટ ગ્રીન એનર્જી ઉત્પન્ન કરવા અંગેની વિચારણા ચાલી રહી છે.

ઉત્તર પ્રદેશમાં આ નવીનતમ પગલા દ્વારા આગામી ૪ થી ૫ વર્ષમાં ૨૨,૦૦૦ મેગા વોટ સૌર ઊર્જા ઉત્પાદનનું લક્ષ્યાંક બનાવ્યુ છે. આ પ્રોજેક્ટ અંતર્ગત ઉત્તર પ્રદેશમાં આવેલી તમામ નહેરો, બંધો,પાળા અને જળાશય નો ઉપયોગ ગ્રીડ કનેક્ટેડ ફ્લોટિંગ ફોટોવોલ્ટેઈક અથવા સોલર પાવર સ્ટેશન સ્થાપવા માટે કરવામાં આવશે.

ફ્લોટીંગ સોલર ફાર્મ એ પાણી પર તરે કછે યુપીના બુંદેલખંડ અને પૂર્વાંચર જેમાં ઝાંસી, લલિતપુર, મહોબા, હમીરપુર,ચિત્રકૂટ, મિર્ઝાપુર, ચંદોલી અને સોનભદ્ર નો આ આજે હેઠળ સમાવેશ કરવામાં આવે તેવી શક્યતાઓ રહેલી છે. આ પ્રોજેક્ટને લઈને ઉત્તર પ્રદેશ સરકાર દ્વારા ઉચ્ચ અધિકારીઓની સમિતિની રચના પણ કરી દીધી.

મહત્વનું છે કે દેશમાં રાજસ્થાન અને ગુજરાતમાં પહેલેથી જ પ્રોટીન સોલર પ્લાન્ટ કાર્યરત છે ઉત્તર પ્રદેશમાં ફ્લોટિંગ સોલર પ્લાન્ટ પ્રોજેક્ટને લઈને યુપી ઉર્જા અધિક મુખ્ય સચિવ મહેશ ગુપ્તાએ જણાવ્યું કે આ પ્રોજેક્ટ લોકસભા ચૂંટણી બાદ ઉત્તર પ્રદેશમાં ઝડપથી શરૂ કરવામાં આવશે જેમાં ઉત્તર પ્રદેશ સિંચાઈ વિભાગ લગભગ ૭૫૦૦૦ કિમી નહેરો ૩૪૦૦૦ સરકારી ટ્યુબવેલ ૯૨ જળાશયો અને ૨૮૦ લિફ્ટ સિંચાઈ નહેરોના નેટવર્કની માલિકી ધરાવે છે અને તેનું સંચાલન પણ કરે છે

## પૂર્વ CMના ભૂતપૂર્વ સચિવ સામે અપ્રમાણસર સંપત્તિનો કેસ બંધ

। રાયપુર, તા.૨૧ ।

છત્તીસગઢની એક અદાલતે રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી રમણ સિંહના મુખ્ય સચિવ અમન સિંહ વિરુદ્ધ અપ્રમાણસર સંપત્તિનો કેસ બંધ કરી દીધો છે. રાયપુર કોર્ટે EOW-ACBનો અંતિમ અહેવાલ સ્વીકાર્યો, જે મુજબ અમન સિંહ સામે અપ્રમાણસર સંપત્તિનો કેસ કરવામાં આવ્યો નથી.

છત્તીસગઢના આર્થિક અપરાધ તપાસ બ્યુરો (EOW)-એન્ટિ કરપ્શન બ્યુરો (ACB)ના અંતિમ અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે અમન સિંહ અને તેની પત્ની યાસ્મીન સિંહ સામે અપ્રમાણસર સંપત્તિનો કોઈ કેસ કરી શકાય નહીં. રાજ્યમાં અગાઉની ભૂપેશ બઘેલની આગેવાની હેઠળની કોંગ્રેસ સરકારે એક RTI કાર્યકર્તાના દાવાના આધારે ફેબ્રુઆરી ૨૦૨૦ માં આ સંદર્ભમાં FIR નંબર ૦૯/૨૦૨૦ દાખલ કરી હતી.

કોર્ટના આદેશ મુજબ, રાજ્ય EOW-ACB એ ત્રણ વર્ષ સુધી તપાસ કરી અને સિંહ અને તેમની પત્ની સામે અપ્રમાણસર સંપત્તિના આરોપોને સાબિત કરવામાં નિષ્ફળ રહી. હાલની ભાજપ સરકાર સત્તામાં આવી તે પહેલા રાજ્ય EOW એ ગયા વર્ષે ડિસેમ્બરમાં અંતિમ અહેવાલ દાખલ કર્યો હતો. નીચલી અદાલતે હવે અંતિમ અહેવાલ સ્વીકારી લીધો છે અને એફઆઈઆર રદ કરી છે. અમન સિંહ, ભૂતપૂર્વ ભારતીય મહેસૂલ સેવા અધિકારી, એક શક્તિશાળી અમલદાર અને છત્તીસગઢમાં રમણ સિંહની આગેવાની હેઠળની ભાજપ સરકારમાં મુખ્ય પ્રધાનના મુખ્ય સચિવ હતા. તેમણે નવેમ્બર ૨૦૨૨ માં સેવામાંથી રાજીનામું આપ્યું અને અદાણી જૂથમાં જોડાયા. બિલાસપુર હાઈકોર્ટે બે વર્ષ પહેલા આ FIR રદ કરી દીધી હતી, ...રંતુ સુપ્રીમ કોર્ટે માર્ચ ૨૦૨૩માં આ આદેશ પર રોક લગાવી દીધી હતી.



આશ્રમરોડ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સમાં કેન્દ્રિય નાણામંત્રી નિર્મલા સિતારમણની બિઝનેસમેન સાથે મિટીંગ યોજાઈ હતી.

### ઈમરાનખાનનો કોર્ટમાં સનસનીખેજ આરોપ

# મારી પત્નીના ભોજનમાં ટોયલેટ ક્લીનર ભેળવાયું

### બુશરી બીબીના ભોજનમાં ટોયલેટ ક્લીનર ભેળવતા પેટમાં તકલીફ થઈ હતી અને તેમની તબિયત લથડવા માંડી હતી

। ઈસ્લામાબાદ, તા.૨૧ ।

પાકિસ્તાનના પૂર્વ વિદેશ મંત્રી ઈમરાન ખાને કોર્ટ સમક્ષ ચોંકાવનારો દાવો કર્યો છે.

ઈમરાન ખાને કહ્યુ છે કે, મારી પત્ની બુશરી બીબીના ભોજનમાં ટોયલેટ ક્લીનર ભેળવવામાં આવતુ હતું જેના કારણે તેને પેટમાં તકલીફ થઈ હતી અને તેમની તબિયત લથડવા માંડી હતી.

ઈમરાન ખાન હાલમાં રાવલપિંડીની અડિયાલા જેલમાં છે અને તેમના પર સંખ્યાબંધ કેસ ચાલી રહ્યા છે. ઈમરાનના પત્ની બુશરા બીબીને પણ તોષાખાનાની ભેટ સોગાદો વેચી દેવાના કેસમાં આરોપી બનાવવામાં આવ્યા છે. બુશરા બીબીને તેમના ઘરમાં નજર કેદ કરવામાં આવ્યા છે.

ઈમરાન ખાને ગઈકાલે કોર્ટમાં થયેલી સુનાવણીમાં હાજરી આપી હતી અને કહ્યુ હતુ કે, 'મારી પત્નીનુ મેડિકલ ચેક અપ શૌકત ખાનમ હોસ્પિટલના મુખ્ય ડોકટર અસીમ યૂસુફની સલાહ પ્રમાણે સિફા ઈન્ટરનેશનલ હોસ્પિટલમાં કરાવવામાં આવે પરંતુ જેલ સત્તાધીશો પાકિસ્તાન ઈન્સ્ટિટ્યુટ ઓફ મેડિકલ સાયન્સિસમાં જ ટેસ્ટ કરાવવાની જીદ પકડીને બેઠા છે.' કોર્ટે ઈમરાન ખાનના આરોપો બાદ ઈમરાન ખાન તેમજ બુશરા બીબીનુ મેડિકલ ચેક અપ ઈમરાન ખાનના આગ્રહ પ્રમાણે ડોકટર યુસૂફ પાસે કરાવવાનો આદેશ આપ્યો હતો.

### CBIએ ગણાવ્યા કૌભાંડના માસ્ટરમાઇન્ડ

# મનીષ સિસોદિયાએ વચગાળાની જામીન અરજી પાછી ખેંચી લીધી

### ટ્રાયલ કોર્ટે જામીન અરજી પર પોતાનો નિર્ણય સુરક્ષિત રાખ્યો

। નવી દિલ્હી, તા.૨૧ ।

દિલ્હી દારૂ કૌભાંડ મામલે મોટી અપડેટ સામે આવી છે. વાત જાણે એમ છે કે, દારૂ કૌભાંડ કેસમાં પૂર્વ ડેપ્યુટી CM મનીષ સિસોદિયાની અરજી પર શનિવારે રાઉઝ એવન્યુ કોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. CBIએ તેમની જામીન અરજીનો સખત વિરોધ કર્યો હતો અને તેમને કૌભાંડના માસ્ટરમાઈન્ડ ગણાવ્યા હતા. આ તરફ તપાસ એજન્સીની દલીલો સાંભળ્યા બાદ ટ્રાયલ કોર્ટે મનીષ સિસોદિયાની જામીન અરજી પર પોતાનો નિર્ણય સુરક્ષિત રાખ્યો હતો. હવે કોર્ટ ૩૦ એપ્રિલે પોતાનો ચુકાદો આપશે. નોંધનિય છે કે, મનીષ સિસોદિયા દિલ્હીની રદ્દ કરાયેલ એક્સાઈઝ પોલિસીના કેસમાં મહિનાઓથી જેલમાં છે. આ તરફ આમ આદમી પાર્ટીના નેતા સંજય સિંહને જામીન મળી ગયા છે જ્યારે મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ૨૧ માર્ચે આ જ કેસમાં ધરપકડ કરવામાં આવી હતી. દિલ્હીના પૂર્વ નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયાએ ટ્રાયલ કોર્ટમાં વચગાળાના જામીન માટે અરજી દાખલ કરીને લોકસભા ચૂંટણીના પ્રચારમાં ભાગ લેવાની માંગ કરી હતી.

# ઓલમ્પિક-૨૪ માટે ગ્રીક અભિનેત્રી મેરી મીનાએ મશાલ પ્રગટાવી

### પેરિસ ઓલમ્પિકને લઈને ૧૦૦ દિવસો બાકી : પેરિસ ઓલમ્પિક ૨૬ જુલાઈ થી ૧૧ ઓગસ્ટ સુધી યોજાશે

। ગ્રીક, તા.૨૧ ।

આગામી ૨૬ જુલાઈના પેરિસ ઓલિમ્પિક-૨૦૨૪નો પ્રારંભ થશે. આ પહેલાં ઓલિમ્પિક માટેની મશાલ પ્રાચીન ઓલિમ્પિકમાં પરંપરાગત સમારોહમાં પ્રગટાવવામાં આવી હતી. આ સમારોહમાં ગ્રીક અભિનેત્રી મેરી મીના દ્વારા મશાલ પ્રગટાવવામાં આવી હતી. આ સેરેમનીનું ઐતિહાસિક મહત્ત્વ પણ છે. આ મશાલ સૂર્યના કિરણોથી પ્રગટાવવામાં આવે છે ત્યારબાદ સમગ્ર વિશ્વમાં મશાલ ની યાત્રા શરૂ કરવામાં આવે છે મસાલ યાત્રા નો અંત પેરિસમાં કરવામાં આવે છે. પેરિસ ઓલમ્પિકને લઈને ૧૦૦ દિવસો બાકી છે પેરિસ ઓલમ્પિક ૨૬ જુલાઈ થી ૧૧ ઓગસ્ટ સુધી યોજવાની છે જેને લઈને ઈન્ટરનેશનલ ઓલિમ્પિક કમિટીના પ્રમુખ થોમસ બાચની અધ્યક્ષતા હેઠળ સમારોહ યોજાયો હતો જેમાં રાષ્ટ્રપતિ કેટરીના અને સાકેલરોપૌલો પણ હાજર રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે ઈન્ટરનેશનલ ઓલિમ્પિક કમિટી હેઠળ પ્રથમ ઓલિમ્પિક ૧૮૯૬ માં યોજાઈ હતી જ્યારે મશાલ પ્રગટાવવાનો વિચાર વર્ષ ૧૯૨૮ માં નાઈધરલેન્ડના એમસ્ટડેમમાં યોજાયેલી ઓલમ્પિક્સ માંથી આવ્યો હતો ઓલમ્પિક જ્યોતને પ્રાચીન અને આધુનિક રમતોને જોડતી કડી પણ માનવામાં આવે છે. મહત્વનું છે કે ઓલમ્પિકના ટ્રેકના રંગમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે પેરિસ ઓલમ્પિક માં આ વખતે ટ્રેક જાંબલી રંગનો હશે સામાન્ય રીતે ટ્રેકનો રંગ લાલ હોય છે તાજેતરમાં જ ઓલમ્પિક એસોસિએશન ને પેરિસ ઓલમ્પિક ગેમ માટે ત્રણ રંગો પસંદ કર્યા હતા જેમાં ગુલાબી વાદળી અને જાંબલી રંગનો પણ સમાવેશ થયો હતો.

## પસંદગીકારો ૨૭ કે ૨૮ એપ્રિલે દિલ્હીમાં બેઠક કરી શકે છે

। નવી દિલ્હી, તા.૨૧ ।

આઈસીસી ટી૨૦ વિશ્વકપની શરૂઆત ૧ જૂનથી વેસ્ટ ઈન્ડિઝ અને યુએસએમાં થશે. દરેક ટીમોએ ૧ મે સુધી પોત-પોતાની ટીમની જાહેરાત કરવાની છે. તેવામાં બધાની નજર ભારતીય ટીમ પર ટકેલી છે. હવે મીડિયા રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે મુખ્ય પસંદગીકાર અજીત અગરકર જલ્દી ૧૫ ખેલાડીઓની પસંદગી કરવા માટે બેઠક કરવાના છે, ત્યારબાદ વિશ્વકપ માટે ભારતીય ટીમની જાહેરાત કરી દેવામાં આવશે. મીડિયા રિપોર્ટ્પ અનુસાર બધા પસંદગીકારો ૨૭ કે ૨૮ એપ્રિલે દિલ્હીમાં બેઠક કરી શકે છે. નોંધનીય છે કે ૨૭ એપ્રિલે અરૂણ જેટલી સ્ટેડિયમમાં મુંબઈ ઈન્ડિયન્સ અને દિલ્હી કેપિટલ્સની મેચ રમાવાની છે.

### જેલમાં અપાઈ રહ્યું છે સ્લો પોઈઝન

# મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના જીવને જોખમ હોવાનો દાવો

। નવી દિલ્હી, તા.૨૧ ।

આમ આદમી પાર્ટીએ દિલ્હી લિકર પોલિસી કેસમાં તિહાર જેલમાં બંધ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના જીવને જોખમ હોવાનો દાવો કર્યો છે. પાર્ટી નેતા અને મંત્રી સૌરભ ભારદ્વાજે દાવો કર્યો કે, મુખ્યમંત્રી કેજરીવાલને જેલમાં સ્લો પોઈઝન અપાઈ રહ્યું છે. તેમનું ઈન્સ્યુલિન લેવલ સતત વધી રહ્યું છે, પરંતુ તેની સામે ઈન્સ્યુલિનનો ડોઝ અપાતો નથી. તેમની હત્યા કરવાનું ષડયંત્ર ચાલી રહ્યું છે. ભારદ્વાજે વધુમાં કહ્યું કે, કેજરીવાલ વારંવાર જેલના ડોક્ટરોને કહી રહ્યા છે કે, તેમનું સુગર લેવલ વધી રહ્યું છે. તેઓ જેલ તંત્ર પાસે ઈન્સ્યુલિન પણ માંગ રહ્યા છે, છતાં જેલના ડોકટરો કહી રહ્યા છે કે, કેજરીવાલ ખોટું બોલી રહ્યા છે. ડીજી અને ડીઆઈજી પાસે પણ ઈન્સ્યુલિન માંગવામાં આવ્યું, પરંતુ તેમણે ઈનકાર કરી દીધો. દિલ્હી સરકારના મંત્રી આતિશી માર્લેનાએ એક્સ (ટ્વિટર) પર કેજરીવાલના સુગર લેવલની રીડિંગ શેર કરી કહ્યું કે, 'આ રીડિંગ કેજરીવાલના સુગર લેવલની છે, જે ૧૨ એપ્રિલથી ૧૭ એપ્રિલ સુધીની છે. જો આટલા હાઈ સુગર લેવલ પર ઈન્સ્યુલિન આપવામાં નહીં આવે તો વ્યક્તિને ધીરે ધીરે મલ્ટીઓર્ગન ફેક્ચર થઈ શકે છે. આ કેવી ક્રૂર સરકાર છે,

### આરજેડી પરિવારની પાર્ટી : નીતિશ કુમાર

# ઘણા પેદા કરી નાખ્યાં, આટલા બાળકો પેદા કરવા જોઈએ?

### બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારની ફરી જીભ લપસી છે અને તેમણે લાલુ પર અશ્લિલ વાર કરીને નિશાન સાધ્યું

। પટણા, તા.૨૧ ।

બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે પારિવારિક વિવાદને લઈને ફરી એકવાર આરજેડી પ્રમુખ લાલુ પ્રસાદ યાદવ પર નિશાન સાધ્યું છે. નીતિશ કુમારે શનિવારે કટિહારમાં લાલુ અને રાબડી દેવીનું નામ લીધા વગર ચૂંટણી રેલીને સંબોધિત કરી હતી. તેમણે કહ્યું કે, આ લોકોએ ઘણા પેદા કર્યા, શું કોઈએ આ રીતે બાળકો પેદા કરવા જોઈએ? તેમણે લાલુને ટોણો મારતા કહ્યું કે પહેલા તેઓ પોતે સીએમ બન્યા, જો તેઓ જતા રહ્યા તો તેમણે પત્નીને બનાવી. તે હવે બાળકોને આગળ કરી રહ્યાં છે. કેટલીક જગ્યાએ તેઓ દીકરીઓને મૂકી રહ્યા છે તો બીજી જગ્યાએ દીકરાઓને મૂકી રહ્યા છે. બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે શનિવારે કટિહારના દાંડખોરાના દુમરિયામાં જેડીયૂ ઉમેદવાર દુલાલચંદ ગોસ્વામીના સમર્થનમાં જનસભાને સંબોધિત કરી. પોતાની વિકાસગાથાની ચર્ચા કરવાની સાથે મુખ્યમંત્રીએ પોતાના સંબોધનમાં લોકોમાં લઘુમતીઓ માટેનું કામ રાખ્યું હતું.



ઉનાળાની ગરમીમાં ઠંડુ પાણી પીવા માટે સાટીના માટલા બનાવી રહેલ કારીગર

## એક તરફી પ્રેમમાં પાગલ યુવકે એમસીએની વિદ્યાર્થીની હત્યા કરી

। હુબલી, તા.૨૦ ।

કર્ણાટકના હુબલીમાં એક સનસનીખેજ હત્યાકાંડનો મામલો સામે આવ્યો છે. એક તરફી પ્રેમમાં પાગલ યુવકે એમસીએની વિદ્યાર્થીની હત્યા કરી હતી. આ ઘટના ધોળા દિવસે કોલેજ કેમ્પસમાં બની હતી. સૂચના મળતાં જ પોલીસ સ્થળ પર પહોંચી ગઈ હતી.

કોંગ્રેસ કાઉન્સિલર નિરંજન હિરેમઠની ૨૩ વર્ષીય પુત્રી નેહા હિરેમથની ગુરુવારે કર્ણાટકના હુબલીમાં મ્ફમ્ કોલેજ કેમ્પસમાં ચાકુ મારીને હત્યા કરવામાં આવી હતી. રિપોર્ટ્સ અનુસાર, નેહા આ કોલેજમાં એમસીએ ફર્સ્ટ યરની સ્ટુડન્ટ હતી. જણાવવામાં આવી રહ્યું છે કે તે જ કોલેજના ડ્રોપઆઉટ વિદ્યાર્થી ૨૩ વર્ષના ફૈયાઝ ખોંદુનાઈકે નેહાના ગળા અને પેટ સહિત શરીર પર છરી વડે સાત વાર કર્યા હતા. હુમલો એટલો જીવલેણ હતો કે હોસ્પિટલ પહોંચે તે પહેલા નેહાનું મોત થઈ ગયું. નેહાની હત્યા બાદ તેના પિતા કોંગ્રેસના કોર્પોરેટર નિરંજન હિરેમથે શુક્રવારે કહ્યું હતું કે રાજ્યમાં લવ જેહાદ ઝડપથી ફેલાઈ રહ્યો છે. નિરંજન હિરેમથે પણ લોકોને અપીલ કરી હતી કે તેઓ તેમની કોલેજ જતી દીકરીઓનું ધ્યાન રાખે.

# મોદીએ ભારતને બેરોજગારીનું કેન્દ્ર બનાવી દીધું : રાહુલ ગાંધી

। ભાગલપુર, તા.૨૧ ।

લોકસભા ચૂંટણીને લઈને કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ આજે( ૨૦મી એપ્રિલ) બિહારના ભાગલપુરથી ચૂંટણી રેલીની શરૂઆત કરી છે. તેમણે ભાગલપુરના સેન્ડીસ કમ્પાઉન્ડ મેદાનમાં કોંગ્રેસના ઉમેદવાર અજીત શર્માના સમર્થનમાં આયોજિત જનસભાને સંબોધિત કરી હતી. રાહુલ ગાંધીએ આ રેલી દ્વારા શાસક પક્ષ પર જોરદાર પ્રહારો કર્યા હતા. તેમની સાથે આ રેલીમાં પૂર્વ નાયબ મુખ્યમંત્રી તેજસ્વી યાદવ, ફૈં પાર્ટીના નેતા મુકેશ સાહની અને ૈં.દ્ગ.ડ્ઢૈં..છ. ગઠબંધનના અનેક નેતાઓએ હાજર રહ્યા હતા. ભાગલપુરમાં જાહેર સભાને સંબોધતા રાહુલ ગાંધીએ કહ્યું કે, 'આ બંધારણને બચાવવાની ચૂંટણી છે. આરએસએસ અને ભાજપ બંધારણને ખતમ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. આજે ભારતમાં ૨૨ લોકો એવા છે જેમની પાસે ભારતના ૭૦ કરોડ લોકો જેટલી સંપત્તિ છે. નરેન્દ્ર મોદીના ભારતમાં ૭૦ કરોડ લોકો એવા છે જેમની આવક ૧૦૦ રૂપિયાથી ઓછી છે.' અગ્નિવીર યોજનાને વઈને રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે, મોદી સરકાર અગ્નિવીર યોજના લાવી. આની કોઈ જરૂર નથી. અમને બે પ્રકારના શહીદો નથી જોઈતા. અમારી સરકાર આવશે તો આ યોજના બંધ કરીશું. અમારી સરકાર આવશે ત્યારે અમે ય્જીin ફેરફાર કરીશું, એક ટેક્સ હશે અને ન્યૂનતમ ટેક્સ હશે.

### ગઢડા ગોપીનાથજી દેવ મંદિરના ટ્રસ્ટના વહીવટના પાંચ વર્ષ પૂર્ણ થતાં ટ્રસ્ટની સ્કીમ મુજબ ટેમ્પલ બોર્ડ ચૂંટણી યોજાશે

# ગઢડા ગોપીનાથજી મંદિરના ટેમ્પલ બોર્ડની ચૂંટણી યોજાશે

। ગઢડા, તા.૨૧ ।

બોટાદના ગઢડા ગોપીનાથજી દેવ મંદિરના ટ્રસ્ટના વહીવટના પાંચ વર્ષ પૂર્ણ થતાં ટ્રસ્ટની સ્કીમ મુજબ ટેમ્પલ બોર્ડ આવતીકાલે ચૂંટણી યોજાશે. આ ચૂંટણી કુલ ૬ બેઠકની યોજાવાની છે આ ચૂંટણીમાં પોલીસ દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત પણ ગોઠવવામાં આવ્યો છે. જેમાં જિલ્લા પોલીસ વડાના માર્ગદર્શન હેઠળ ૫ DYSP, ૮ PI, ૧૪ PSI, ૨૬૦ પોલીસ અને ૨૦૦ જેટલા હોમગાર્ડ જીઆરડી જવાનોનો બંધોબસ્ત ગોઠવાયો છે. ગઢડા મંદિરમાં ૨૫,૧૯૭ મતદારો અને સાધુ વિભાગમાં ૧૩૨ પાર્ષદ વિભાગ અને ૭૬ મતદારોનો સમાવેશ થાય છે. તેમજ ચૂંટણી માટે ટોટલ ૩૧ મતદાન મથકો બનાવવામાં આવ્યા છે. બીજી તરફ બોટાદ જિલ્લા ભાજપ કિસાન મોરચાના પ્રમુખ મુકેશ હિહોરીયા, ગઢડા શહેર પ્રમુખ ચંદ્રકાંત લાઠીગરા, શહેર ભાજપ મહામંત્રી હમીર લાવડિયા, વીએસપી પ્રમુખઅર્જુન રાજ્યગુરુએઆચાર્ય પક્ષને સમર્થનમાં આવીને તેમને મત આપવાની અપીલ કરી છે.

## તંત્રી લેખ...

# કાશ્મીર ખીણની હકીકત

જમ્મુ કાશ્મીરમાં કલમ ૩૭૦ને દુર કરવામાં આવ્યા બાદ સ્થિતી ધીમે ધીમે સુધરી રહી છે પરંતુ હજુ પણ એટલી સફળતા મળી નથી જેટલી અપેક્ષા રાખવામાં આવી રહી છે. ત્રાસવાદીઓની સામે ઓપરેશન ઓલઆઉટ હજુ જારી છે. જમ્મુ કાશ્મીરમાં કલમ ૩૭૦ને નાબુદ કરવામાં આવ્યા બાદ સામાન્ય લોકો સંતુષ્ટ છે. સાથે સાથે જનજીવન પહેલા કરતા સામાન્ય બન્યુ છે. પહેલા થતી દરરોજની પથ્થરબાજીની ઘટના હવે બની રહી નથી પરંતુ બનાવો તો હજુ પણ બની રહ્યા છે. જેથી લોકોમાં વધારે વિશ્વાસ જગાવવા માટેની જરૂર દેખાઈ રહી છે. કેન્દ્ર સરકાર ચોક્કસપણે આ દિશામાં આગળ વધતી નજરે પડી રહી છે પરંતુ કટ્ટરપંથીઓ અને હિંસક તત્વો પર બાજ નજર રાખવાની તાકીદની જરૂર દેખાઈ રહી છે. કારણ કે આવા તત્વોના કારણે સામાન્ય લોકોની પરેશાની વધી રહી છે. લાંબા સમયથી ત્રાસવાદી હિંસા અને અશાંતિના પરિણામસ્વરૂપે સામાન્ય લોકોની સાથે સાથે પ્રવાસીઓ પણ સતત મુશ્કેલી અનુભવ કરે છે. જરૂર લાંબા સમયથી દહેશતનો સામનો કરી રહેલા જમ્મુ કાશ્મીરમાં સળગી રહેલી આગને શાંત કરવા માટેની રહેલી છે. લોકશાહી રીતે સરકાર ચૂંટી કાઢવા માટેની પણ બાબત જરૂરી બની છે. ક્યારેક ક્યારેક સંકેતોમાં આપવામાં આપવામાં આવેલા નિવેદનના કારણે પણ સીધી માર કરે છે. જમ્મુ કાશ્મીરના રાજ્યપાલના નિવેદનને લઈને પણ આવુ જ બન્યુ છે. ભ્રષ્ટાચારના કારણે આ પ્રકારના સ્થિતી સર્જાઈ ગઈ છ. રાજ્યપાલ તરીકેની કેટલીક બંધારણીય મર્યાદા પણ રહેલી છે. પરંતુ જ્યારે તેઓ કહે છે કે કાશ્મીરમાં ખુબ વધારે રાજનેતા અને ટોપ અધિકારીઓ છે અને આ લોકો ભ્રષ્ટાચારમાં ડુબેલા છે તો ચિંતા વધી જાય તે સ્વાભાવિક છે. રાજકીય લોકો માટે ટિકા ટિપ્પણી માટે અલગ અલગ અભિપ્રાય હોઈ શકે છે. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં કાશ્મીરમાં જે સ્થિતી સર્જાઈ છે તેના માટે જવાબદાર કોણ છે તેના પર વિચારણા કરવાની બાબત વધારે જરૂરી છે. રાજ્યપાલે જે કઈ પણ કહ્યુ તેમાં એક હદ સુધી વાસ્તવિકતા પણ છે. પડોશી દેશ પાકિસ્તાનની ભાષા બોલનાર કાશ્મીરના કેટલાક રાજનેતા જ્યારે ત્રાસવાદીઓની તરફેણ કરવા માટે મેદાનમાં ઉતરે છે ત્યારે તેમના અસલી ચહેરા પણ સપાટી પર આવી જાય છે. એકબાજુ આવા નેતાઓ અને અધિકારીઓ શાંતિ સ્થાપિત કરવાની વાત કરે છે જ્યારે બીજી બાજુ આ લોકો નિષ્પક્ષ ચૂંટણી ન થાય તેવા પ્રયાસ પણ કરે છે. છેલ્લા વર્ષોમાં અમે જોઈ ચુક્યા છીએ કે માત્ર દસ ટકા વોટ હાંસલ કરનાર પણ કાશ્મીરમાંથી સંસદમાં પહોંચી રહ્યા છે. જ્યારે પણ કાશ્મીરમાં ત્રાસવાદને કચડી નાંખવા માટેના પ્રયાસ કરવામાં આવે છે ત્યારે માનવ અધિકારના મુદ્દાને ઉઠાવીને અડચણો ઉભી કરવાના પ્રયાસ કરવામાં આવે છે. ભ્રષ્ટાચારના મામલામાં જ્યારે રાજનેતાઓ અને ટોપ અધિકારીઓના નામ આવે છે ત્યારે લાગે છે કે રાજયપાલે કોઈ વાત ખોટી કરી નથી. પરંતુ કોઈને ગોળી મારી દેવાની બાબત પણ હિંસાને પ્રોત્સાહન આપે છે. કેન્દ્ર સરકાર તમામને સાથે રાખીને શાંતિપૂર્ણ માહોલમાં ચૂંટણીની તૈયારી પણ કરવી જોઈએ.

## સમાજમાં હિંસા કેમ વધી રહી છે

ભારતીય સમાજમાં હિંસા સતત વધી રહી છે જેના કારણે સરકારની સાથે સાથે દેશના જુદા જુદા વર્ગના બુદ્ધિજીવી લોકો પણ ચિંતાતુર બનેલા છે. ભારતીય સમાજમાં વધી રહેલી સામૂહિક હિંસાને ધ્યાનમાં લઈને સ્થિતીનુ મુલ્યાંકન કરવામાં આવે તે જરૂરી છે. જેના કારણે સમાજમાં હિંસાની ઘટના બની રહી છે તેમાં તપાસ કરવા અને ધ્યાન આપવાની તાકીદની જરૂર દેખાઈ રહી છે. ક્યારેય ગૌરક્ષાના નામે, ક્યારેય રાષ્ટ્રવાદના નામે, ક્યારેક વિચારધારાના નામ પર સામૂહિક હિંસાની ઘટના વધી રહી છે. બાળક ચોરીના નામ પર પણ સામૂહિક હિંસાની ઘટના વધી રહી છે. આ હિંસા અફવાઓના આધાર પર નિર્દોષ લોકો પર કરવામાં આવેલી હિંસાના રૂપમાં પ્રગટ થાય છે. ક્યારેય જાતિગત અને ક્યારેય સાંપ્રદાયિકતાને લઈને આ પ્રકારના બનાવો બનતા રહે છે. સોશિયલ મીડિયા, અફવા અન સામાન્ય રીતે રાજનીતિમાં પણ વધતા આ રોગના કારણે સામૂહિક હિંસાની ઘટના વધી રહી છે. રોગ સમાજના મનમાં ઘર કરે છે જેથી સામૂહિક હિંસાની ઘટના સપાટી પર આવી રહી છે. ભય અને હિંસા વચ્ચે પારસ્પરિક સંબંધ રહેલા છે. સરેરાશ ભારતવાસી વ્યવસ્થાના કારણે પોતાની સાથે વિશ્વાસઘાત કરવામાં આવ્યો હોવાની બાબતથી ગ્રસ્ત રહે છે. જેથી એક બિનસુરક્ષા ગ્રથિનો શિકાર રહે છે. વ્યક્તિ કોઈને કોઈ જગ્યાએ આ બાબતને લઈને વિશ્વાસ ગુમાવી રહ્યો છે કે વ્યવસ્થા તેના હિતોને અને તેના જીવન રક્ષણને લઈને ચિંતિત છે. વ્યવસ્થાને કોઈ પડી નથી તેવી ભાવના સામાન્ય વ્યક્તિમાં ફેલાય છે ત્યારે હિંસાની ભાવના પણ જાગી ઉઠે છે. તમામ લોકો આ બાબત સાથે સહમત છે કે હિંસા અને ભય વચ્ચે સંબંધ રહેલા છે. બંને એકબીજાને વધારે છે. હિંસા ઘટનાથી પહેલા અમારા મનમાં ઘટિત થઈ જાય છે. હિંસાને લઈને મનૌવૈજ્ઞાનિક અને તંત્રિકા વૈજ્ઞાનિક અથવા તો ન્યુરોલોજિકલ અભ્યાસમાં આ બાબત નિકળીને સપાટી પર આવી છે કે માનવીમાં હિંસા કરવાનુ સામર્થ્ય તો છે પરંતુ તેના સ્વભાવમાં આ હિંસા નથી. તે કોઈને કોઈ બહારના પરિબળોના કારણે હિંસા ફેલાવવા માટે આગળ વધે છે. તે હિંસા ઉપર બહારના કારણસર ઉતારુ થાય છે. અને આક્રોશિત થાય છે. આનો અર્થ એ થયો કે જો સમાજમાં હિંસાને ઉત્તેજિત કરનાર પરિસ્થિતી અથવા તો પરિવેશ ન થાય તો આવા સમાજમાં હિંસા નહીંવત સમાન રહેશે. તેના સામૂહિક રૂપ લેવાની ઘટના શક્ય બનશે નહી. હિંસાને લઈને જુદા જુદા અભ્યાસના તારણ જારી કરવામાં આવ્યા છે. આજે ઉભી થયેલી પરિસ્થિતીની સમીક્ષા જરૂરી બની ગઈ છે. ગૌરક્ષા, બાળક ચોરી, રાષ્ટ્રવાદના નામ પર હિંસા થઈ રહી છે. આજે સામાન્ય રીતે સોશિયલ મિડિયાને આવી સામૂહિક હિંસા માટે જવાબદાર ગણવામાં આવે છે. તેના પર અંકુશ મુકવા માટેની માંગ પણ કરવામાં આવે છે. જે એક હદ સુધી યોગ્ય માની શકાય છે. પરંતુ જો સમાજના મનમાં ધીમે ધીમે હિંસક ભાવના જમા ન થઈ ગઈ હોત તો તે આ રીતે એકાએક ફેલાઈ શકે તેમ નથી. ભારતીય સમાજમાં ભયની સ્થિતી શુ છે. જે એકાએક હિંસામાં ફેલાઈ જાય છે. વાસ્તવિકતા તો એ છે કે સરેરાશ ભારતીય પોતાની સાથે વિશ્વાસઘાત થયો હોવાની ભાવનાથી ગ્રસ્ત રહે છે. વ્યવસ્થાને લઈને તેના અવિશ્વાસના કારણે પણ માનવીની અંદર ભયની ભાવના જગાવે છે. જેના કારણે તે પોતાના દ્વારા કરવામાં આવતી હિંસાને આક્રમક નહીં બલ્કે આત્મરક્ષણ તરીકે ગણીને તેના પોતાના મનમાં યોગ્ય ઠેરવે છે. ત્યારબાદ તક મળતાની સાથે જ તે ભીડમાં સામેલ થઈને તે પોતાના ભયને દુર કરવા માટે હિંસામાં ઉતરે છે. તે હિંસક બની જાય છે.

**જન્મોજન્મ એ ભોળા મહાદેવ અને મા અંબાની ભક્તિ ભાવમાં જ જીવવા માગે છે.આશા રાખુ છું આપ સૌને આ લેખ પસંદ આવ્યો હશે, સૌને મારા જય હાટકેશ.**

# નાગર એટલે બૌદ્ધિકતાની સાથે સાથે ગર મુક્ત અને નિત નૂતન વિચારધારાનું રુડું રુપાળું વ્યક્તિત્વ!



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**તુલશીકૃત રામાયણમાં પણ નાગર શબ્દનો પ્રયોગ બે ત્રણ વાર થયો છે. હાટકેશ્વર જયંતિ એટલે ઇષ્ટદેવ હાટકેશ્વરનો સ્થાપના દિન. આમ તો ભગવાન આશુતોષ મહાદેવ શંભુ અજન્મા છે, એટલે તેના જન્મનું કોઈ કારણ પુરાણમાં પણ મળતું નથી. પરંતુ લિંગ રૂપે તેની વડનગરમાં સ્થાપનાના દિવસને પાટોત્સવ તરીકે ઉજવવામાં આવે છે,**

આજે ચૈત્ર સુદ ચૌદસનો દિવસ છે અને ચૈત્ર સુદ ચૌદસ ને હાટકેશ્વર જયંતિ તરિકે ઉજવવામાં આવે છે. હાટકેશ્વર એ શિવનું જ એક સ્વરૂપ છે, અને અમારા નાગરનાં ઈષ્ટદેવ છે, તો તે નિમિત્તે હાટકેશ્વર દાદાના ચરણોમાં સમસ્ત નાત તરફથી કોટી કોટી વંદન, અને નાગરો ને વિચારવાન બનાવી સદા ગર એટલે કે વેરઝેર ઝેર મુક્ત રાખવા માર્ગદર્શન કરતા રહે એવી એક પ્રાર્થના. પુજ્ય બાપુ એ તો માનસ નાગર પર એક કથા પણ કરી હતી, અને નાગરનો બહુ વિસ્તૃત અર્થ કર્યો હતો. ભગવદ્ ગૌ મંડલના ભાષા કોષમાં નાગર શબ્દના કેટલાય અર્થ થાય છે, અને એ રીતે નાગર એટલે બૌદ્ધિક, આજનો સમાજ તો બૌદ્ધિકતાની દ્રષ્ટિએ ખૂબ આગળ નીકળી ગયો છે, એટલે સૌને નાગર સ્વીકારીને સૌને મારા આજના દિવસના જય હાટકેશ. પણ બૌદ્ધિક તા ની સાથે સાથે ગર મુક્ત હોવું પણ જરૂરી છે અને જે આજે કદાચ હવે કાળની અસરને કારણે દરેક નાગરનુ પણ સંભવ નથી. નાગરો આજે વિશ્વના ખૂણે ખૂણે પહોંચ્યા છે, અને ત્યાં પોતાની બુદ્ધિ પ્રતિભા અને મિલનસાર સ્વભાવથી પોતાનું એક આગવું વ્યક્તિત્વ પણ ઉભું કર્યું છે. હાટકેશ્વરનું મુખ્ય મંદિર વડનગરમાં આવેલું છે, અને બાકી તો જ્યાં જ્યાં નાગરો વસ્યા છે, ત્યાં બધે જ હવે હાટકેશ્વરના મંદિરની સ્થાપના થયેલ છે. નાગર એટલે આમ તો જે નગરમાં વસે છે તે,અને જે શિક્ષિત છે. જે ગુજરાતમાં વિક્રમ સંવતની ત્રીજી સદીથી વસેલી છે, તેઓ હાટકેશ્વરની સ્થાપના પહેલાં કોઈ મંદિર વગેરેમાં જતાં એવું જાણવા મળ્યું નથી, તેઓ વૈદિક પૂજા જ સ્વીકારતા હતાં. ગુજરાતના સામાજિક આર્થિક વિકાસમાં તેમની બુદ્ધિ પ્રતિભાઓનું ખૂબ જ મોટું યોગદાન છે. નાગરોની બુદ્ધિ પ્રતિભા અત્યંત તેજસ્વી રહી, અને તેઓને સમાજે સદા વિચારવાન પ્રજા તરીકે બિરદાવ્યા છે. એ રીતે પોતાની બૌદ્ધિક વિશેષતાને કારણે તેઓ રાજા-મહારાજાઓના દિવાન પદ શોભાવતા હતાં, તેમજ સમાજના મોભાદાર હોદ્દાઓ પર નાગરોનું અધિપત્ય હતું. રાજા પોતાના રાજ વહીવટ માટે ૭૦ થી ૮૦ ટકા દિવાન પર આધારિત રહેતાં, અતિ સૂક્ષ્મ અને છતાં સમાજના શુભનું સંચાલન આ નાગરો કરતા હતા. પરંતુ પદ પ્રતિષ્ઠાનો પણ અહંકાર બહુ ભારે પડે, એમ નાગરી નાતનું એક માફ ન કરી શકાય એવું પાસું પણ ઈતિહાસના પાને લખાયેલું છે, અને એ છે નાગર નરસિંહને નાત દ્વારા એના સમયમાં સતાવવામાં આવ્યા હતા તે. આપણે જ્યારે તેને બિરદાવવાની વાત કરતા હોય, ત્યારે આપણા સમાજની ભૂલને અંધારામાં રાખી શકાય નહીં. પરંતુ જે વિતી ગઈ એ પળ હરિ ઈચ્છા બલવાન સમજીને સ્વીકારવી પડે છે.નરસિંહના વંશજ તરીકે ઓળખાતા આ નાગરોના હાટકેશ્વરનો પાટોત્સવ એટલે કે જન્મ જયંતીનો દિવસ છે.

આમ તો ચૈત્ર મહિનો શરૂ થતાં જ શક્તિની આરાધનાના દિવસો શરૂ થાય, અને પછી રામનવમી, એ પછી મહાવીર જયંતી, ચૈત્ર સુદ ચૌદસ એટલે હાટકેશ્વર જયંતિ, અને ચૈત્ર સુદ પૂનમ એટલે હનુમાન જયંતી, આમ એક પછી એક જયંતિ આવે, એટલે કે ધાર્મિક તિથિ અને તહેવારનો આ મહિનો કહેવાય.પણ નાગરો માટે ચૌદસને દિવસે ઈષ્ટદેવની જયંતિ, એટલે એ રીતે પણ એનું ખૂબ જ મહત્વ છે. હાટકેશ્વર જયંતિ આવતી હોવાથી પાટોત્સવમાં બધાને મળાશે એવું વિચારીને નાગરો ખૂબ રાજી થાય,કારણ પાંચ 'પ' એટલે કે, પાન, પાટલા, પીતાંબર, પાટિયું,ને પંચાત, આ પાંચ પ સાથે તેનું જન્મથી અનુસંધાન હોય.કોઈ લોકો પ સાથે પરસાળ ને જોડે છે, તો કોઈ પંચિયુ પણ કહે છે.ને કોઈ પ સાથે પૂજા ને પણ જોડે છે. પૂજા પાઠ નાગરના ઘરમાં થતો એક અભુતપૂર્વ પ્રયોગ છે, આખાં આખાં સ્તોત્ર ગાનના પાઠ એમને કંઠસથ હોય, શિવમહિમ્ન ને શક્રાદય જેવી અઘરી સ્તુતિ નાગરના બાળકો પણ આસાનીથી બોલતા હોય છે.આજે પણ હાટકેશ્વર જયંતિ નિમિત્તે દરેક શહેરોમાં જ્યાં જ્યાં હાટકેશ્વરનું મંદિર હોય ત્યાં પાટોત્સવ ઊજવવામાં આવે છે. સવારે વિધિવત રીતે ભગવાનની પાલખી યાત્રા નીકળે, અને સાંજે શ્રીખંડ પૂરી નું નાત જમણ થાય છે.

નાગરોનો ઈતિહાસ પણ જુદી-જુદી માન્યતાઓ ધરાવે છે, કોઈ કહે છે કે ઉત્તર ભારતમાંથી એટલે કે કાશ્મીર અને ઉત્તર પ્રદેશ બાજુથી આવેલા છે, જ્યારે કોઈ ગ્રીક અને દ્રવીડ સંસ્કૃતિ ધરાવતી પ્રજા તરીકે નાગર ને બતાવવામાં આવે છે. આજથી સાડા છ હજાર વર્ષ પૂર્વે સૌથી પહેલો સંસ્કૃત ભાષામાં પારંગત માનવ, નાગર તરીકે બતાવવા આવેલો છે.એટલે ટૂંકમાં નાગર એટલે ગવાર નહીં, પરંતુ નિત્ય નૂતન વિચારધારાનો પ્રતીક એટલે નાગર, એવો અર્થ પૂજ્ય બાપુએ પણ નાગર માટે કરેલ છે. તુલશીકૃત રામાયણમાં પણ નાગર શબ્દનો પ્રયોગ બે ત્રણ વાર થયો છે. હાટકેશ્વર જયંતિ એટલે ઈષ્ટદેવ હાટકેશ્વરનો સ્થાપના દિન. આમ તો ભગવાન આશુતોષ મહાદેવ શંભુ અજન્મા છે, એટલે તેના જન્મનું કોઈ કારણ પુરાણમાં પણ મળતું નથી. પરંતુ લિંગ રૂપે તેની વડનગરમાં સ્થાપનાના દિવસને પાટોત્સવ તરીકે ઉજવવામાં આવે છે, અને તેથી આપણે ત્યાં વડનગરા, વિસનગરા, પ્રશ્નોરા,સાઠોદરા, ડુંગરપુરા, ચિત્રોડા, કૃષ્નમોરા, એવી રીતે સાત પ્રકારનાં નાગરો આ દિવસે પોતાના ઈષ્ટદેવ હાટકેશ્વરનો પાટોત્સવ મનાવે છે. આપણા લોક લાડીલા વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદી પણ વડનગરના રહેવાસી છે, એથી જ એકવાર ચૈત્ર સુદ ચૌદસનાં દિવસે ક્યાંક બહારના દેશમાંથી એમણે જય હાટકેશ એવું સંબોધન કર્યું હતું. હાટકેશ્વર જયંતિ નિમિત્તે આપણને પુરાણના પ્રમાણ પણ મળે છે.

સ્કંદપુરાણના નાગર ખંડમાં ઉલ્લેખ થયા મુજબ હાટકેશ્વરની સ્થાપના વડનગરમાં રહેતા ચિત્રગુપ્ત નામના નાગરે કરી હતી. કહેવાય છે કે દક્ષ પ્રજાપતિના યજ્ઞમાં સતી એ પોતાની જાતને હોમી દીધી હતી, અને ભગવાન શંકર અત્યંત ક્રોધાયમાન અવસ્થામાં સતીના શબને પોતાના ખભા પર લઈને આમથી તેમ ફરતા હતા, અને પૃથ્વી પર હાહાકાર મચાવ્યો હતો. અને શંકરની દિગંબર અવસ્થાથી સમાજ પરેશાન હતો.તે સમયની જે ઋષિ પત્નીઓ તેની ભોળા ભાવે ભક્તિ કરતી હતી,તેને આમ ફરતા જોઈને ઋષિ ઓ સંકોચ અનુભવતા હતા, એટલે બ્રહ્માજી એ શંકરનાં લીંગને પાતાળમાં સ્થાપી દીધું,શંકરને ભાન આવતાં તે શરમીંદા થઈને સમાધિમાં ચાલ્યા ગયાં, બાદમાં સતી હિમાચલ રાજને ઘેર પુત્રી તરીકે જન્મી ચુક્યા છે,એ વાત સપ્તર્ષિ એ તેમને કરી. સત્તરમી સદીમાં ચિત્રગુપ્ત નામના નાગરે ભગવાન ભોળાનાથની ખૂબ જ આકરી તપશ્ચર્યા કરી, અને ભગવાન તેને પ્રસન્ન થયાં, એટલે તેમણે કહ્યું કે તું "હાટક" એટલે કે સોનાનું લિંગ બનાવી અને મારી સ્થાપના કર તો હું અવશ્ય તેમાં પ્રત્યક્ષરૂપે બિરાજમાન થઈશ. હાટક એટલે સોનાથી મઢેલા લિંગની સ્થાપના કરી, અને એ દિવસે ભગવાન આશુતોષ મહાદેવ તેમાં હાજરા હજૂર પ્રગટ થયાં, એ દિવસ એટલે ચૈત્ર સુદ ચૌદસ અને એ દિવસથી નાગરોના ઈષ્ટદેવ તરીકે હાટકેશ્વર ને પૂજવામાં આવે છે, અને એ દિવસે તેનો પાટોત્સવ મનાવવામાં આવે છે.

વડનગરનું હાટકેશ્વરનું મંદિર આશરે ૧૭ મી સદીના ઉત્તરાર્ધમાં બંધાયેલું હતું, એટલે કે ૧૮૦૦ થી ૨૦૦૦ વર્ષ જૂનું છે અને કહેવાય છે નાગરાજ હરિરામ નાઈક નુ ત્યારે શાસન હતું અને તેના દ્વારા મંદિર ની રચના કરવા માં આવી હતી. વડનગરના હાટકેશ્વર મંદિરનું સ્થાપત્ય અને કલા કોતરણી પણ અદભૂત છે, જોનારને મંત્રમુગ્ધ કરી દે એ રીતે નવગ્રહ,અને હિન્દૂ દેવી દેવતાઓંની મૂર્તિ, સંગીતકારો, નૃત્ય કરતી અપ્સરાઓ, રામાયણ અને મહાભારતના પ્રેરક પ્રસંગોના શિલ્પ, તેમજ પ્રાણીઓ અને પક્ષીઓની મૂર્તિઓ કંડારવામાં આવી છે. પુરાતન વિભાગ દ્વારા સિદ્ધ થયેલ હેરિટેજ સ્થાપત્યમાં વડનગરના હાટકેશ્વર મંદિર તેમજ ત્યાંની વાવનો પણ સમાવેશ કરવામાં આવે છે.

આ ઉપરાંત મંદિરના પટાંગણમાં મુખ્ય મંદિર સિવાયના અન્ય મંદિરો પણ છે, જેમાં કાશી વિશ્વનાથનું મંદિર વધુ પૌરાણિક છે.આ ઉપરાંત દાનેશ્વર, રવેશ્વર, તારકેશ્વર, મુક્તેશ્વર ચમકેશ્વર,પાતાળેશ્વર,જાકેશ્વર, પંચનાથ મહાદેવ,અને અંબાજીના મંદિર વિદ્યમાન છે.

તો "નાગરો" કે જે હવે માત્ર નગરમાં રહે છે,પણ ગર મુક્ત ની ઉપમા ભૂલતા જાય છે ત્યારે આ છે આપણા ઈષ્ટદેવ હાટકેશ્વરનો મહિમાવંત ઈતિહાસ. નાગરો હાટકેશ્વર સ્તોત્રનો નિત્ય પાઠ પણ કરે છે,જે સ્વયં સુસંસ્કૃત છે, અને જેના પર દરેક નાગર ગૃહસ્થને નાઝ છે, અને જન્મોજન્મ એ ભોળા મહાદેવ અને મા અંબાની ભક્તિ ભાવમાં જ જીવવા માગે છે.આશા રાખુ છું આપ સૌને આ લેખ પસંદ આવ્યો હશે, સૌને મારા જય હાટકેશ.

**શંકરના ભક્ત હો કે શ્રીકૃષ્ણના, પણ વર્તન રામ જેવું રાખો. જેનું વર્તન રામ જેવું હશે તેની ભક્તિ સફળ થશે. અનુકરણ રામજીનું કરવાનું છે.**

# મનુષ્ય એક બાજુથી પુણ્ય કરે છે અને બીજી બાજુથી પાપ પણ ચાલુ રાખે છે. સરવાળે કંઇપણ હાથમાં આવતું નથી.



વિશેષ
યશપાલસિંહ દી. વાઘેલા (દરબાર ગઢ, ધારા)

**રામજીની કથા એવી દિવ્ય છેકે,જે એ સાંભળેતે એમાં ભાવવિભોર થઈ ડોલવા માંડે છે. દેવો, ગંધર્વો પણ આમ ડોલી ઊઠે છે અને કથામાં મસ્ત બની જાય છે.**

ચૈત્ર સુદ નવમી અને તેરસ ભગવાન શ્રી રામ જન્મોત્સવ અને ભગવાન મહાવીરની જન્મ જયંતિ તરીકે હર્ષલ્લાસપૂર્વક ઉજવ્યો આવતી કાલે બજરંગ બલીદાદા નો જન્મ દિવસ હનુમાન જયંતી તરીકે ઉજવાશે ત્યારે આજે ભગવદ્ ગીતા જ્ઞાનમાં ચિંતન મનન કરી કંઈક નવું જાણવા પ્રયત્ન કરીએ.

બધા દિવ્ય સદગણો જેમાં એક થાય છે તે પરમાત્મા છે. લક્ષ્મણજી વિવેકનું, ભરતજી રેરાગ્યનું અને શત્રુદન સદવિચારનું સ્વરૂપ છે. ભરત અને શત્રુઘ્ન ને અયોધ્યામાં ન હોય તો દશરથ કૈકેયીને એટલે વૈરાગ્ય અને સદ્વિચાર. આધીન થાય, નહીંતર નહીં.

ચંદન અને પુષ્પથી રામજીની સેવા કરો એ ઠીક છે, પણ રામજીની આજ્ઞાનું પાલન કરો એ રામજીની ઉત્તમ સેવા છે. ભગવાનની ઉત્તમ સેવા એ છે કે, ભગવાનની આજ્ઞાઓનું પાલન કરવું. જો તેમ કરવામાં ન આવે તો ઈશ્વર કહે છે કે, મારું કહેલું તું કરતો નથી, તો તારી સેવા હું સ્વીકારતો નથી. રામજીનું ચરિત્ર એટલું પવિત્ર છે કે, તેનું સ્મરણ કરતાં આપણે પવિત્ર થઈ જઈએ છીએ. જેવું રાખો અને રામનામનો રીબો અને રામનામનો જપ કરો તો તાળવામાંથી અમૃત ઝરશે. રામજીની ઉત્તમ લેવા એ જેલ રામજીનો એક એક સદગણો જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કરો.

રામચંદ્રજીનો અવતાર રાક્ષસોનો સંહાર કરવા માટે થયો નથી, પરંતુ મનુષ્યોને ઉચ્ચ આદર્શ બતાવવા માટે થયો છે. જગતનો ઉદભવ માનવધર્મનો ઉપદેશ આપવા માટે થયો છે. રામજી સકળ સદગુણો નો ભંડાર છે. પરમાત્મા હોવા છતાં તેઓ સકળ મર્યાદાઓનું બરાબર પાલન કરે છે. વાલ્મિકી વિચાર કરે છે કે, રામને કોની સાથે સરખાવું? રામને શું ઉપમા આપું?બહુ વિચાર કર્યો, પરંતુ કોઈ ઉપમા ન જડી ત્યારે બોલ્યા કે, રામ જેવા રામ જ છે. તમે માનો ગમે તે દેવને, શંકરને, વિષ્ણુને કે કોઈ દેવદેવીને, પરંતુ વર્તન રામજીનું જેવું રાખો.

શંકરના ભક્ત હો કે શ્રીકૃષ્ણના, પણ વર્તન રામ જેવું રાખો. જેનું વર્તન રામ જેવું હશે તેની ભક્તિ સફળ થશે. અનુકરણ રામજીનું કરવાનું છે. શ્રીકૃષ્ણલીલાઓ અનુકરણ કરવા માટે નથી, પણ તે લીલાઓ શ્રવણ કરી તન્મય થવા માટે છે. ગોકુળલીલામાં પુષ્ટિ છે, રામલીલામાં મર્યાદા છે. રામજીનું સમગ્ર વર્તન અનુકરણીય છે. રામ સર્વ ગુણોના ભંડાર છે. પ્રત્યેક સ્ત્રીમાં રામજી માતૃભાવ રાખતા. મનુષ્ય એક બાજુથી પુણ્ય કરે છે અને બીજી બાજુથી પાપ પણ ચાલુ રાખે છે. સરવાળે કંઈપણ હાથમાં આવતું નથી. રામજી સ્થિર ભાવ રાખવાનું કહે છે. રામ માતાપિતાની અલકતનાં લેતાં સંકોચ-શરમ નડતાં નથી અને વંદન કરવામાં સંકોચ થાય છે! માતાપિતા લક્ષ્મી-નારાયણ બેશાં રહેતા. રામ સદા દશરથ-કૌશલ્યા ને પ્રણામ કરતાં.આજે તો છોકરા ઓને પિતાની મિલકત લેતા સંકોચ તા નથી અને વંદન કરવામાં સંકોચ થાય છે માતા-પિતા લક્ષ્મી નારાયણ સ્વરૂપ છે તેમને વંદન કરો સ્વચ્છંદી રીતે કદી ન વર્તો.

રઘુનાથજીની ઉદારતાનો રઘુનાથ જીની દિનવત્સલતાનો જોટો જગ માં નથી રામ જેવા રાજા થયા નથી અને થવાના નથી રામચરિત્ર દિવ્ય છે રામજીનું ચરિત્ર સર્વને બોલાવે છે તેથી મહાત્માઓ તે ચરિત્રને દિવ્ય કહે છે.

રામજીની કથા એવી દિવ્ય છેકે,જે એ સાંભળેતે એમાં ભાવવિભોર થઈ ડોલવા માંડે છે. દેવો, ગંધર્વો પણ આમ ડોલી ઊઠે છે અને કથામાં મસ્ત બની જાય છે. એ જોઈ બ્રાહ્મણને ચિંતા થઈ કે, શેષનાગ, જેની ફણા પર આ પૃથ્વી રહેલી છે,તે જો આ રામ કથા સાંભળી ડોલવા માંટે તો સૃષ્ટિની શું દશા થાય? તેથી તેમણે શેષનાગને-સર્પમાત્રને કાન આપ્યા નથી એમ કવિઓ કહે છે. રામની કથાનું આટલું માહાત્મ્ય છે.

રામજી પિતૃભક્ત છે. પિતાનું બધું રાખ્યું,પણ એક વસ્તુ એમણે રાખી નથી. દશરથનું બહુપત્નીત્વ તેમણે સ્વીકાર્યું નથી. મુખથી નહીં, પણ પોતાના આચરણથી તેમણે એ બતાવ્યું છે.રામજી સર્વ સદ ગુણના ભંડાર છે. સર્વમાંથી શુભ લેનારા છે, પણ વડીલોમાં જે લેવા જેવું તે જ લીધું છે. પુરુષ એક જ સ્ત્રીમાં ભાવ રાખે અને ધર્માનુકૂલ જીવન ભોગવે તો તે ગૃહસ્થ હોવા છતાં બ્રહ્મચારી છે. રામજી આંખ ઊંચી કરી કોઈને જોતા નથી. સીતાજી પણ આંખ ઊંચી કરી પરપુરુષને જોતાં ન હતાં.આ શાસ્ત્રની મર્યાદા છે. આવી મર્યાદા પાળશો તો જીવન સુધરશે. વાલ્મીકિ-રામાયણના સુંદર કાંડમાં એક કથા છે. હનુમાનજી સીતાજી ને અશોકવનમાં મળે છે. વિદાય વખતે સીતાજી તેમને કહે છે, તું આવ્યો તે સારું થયું, પણ તારા ગયા પછી રાક્ષસીઓ મને ત્રાસ આપશે.

ત્યારે હનુમાનજી કહે છે કે, આજ્ઞા કરો તો હમણાં જ આપને ઉપાડી ને રામજી પાસે લઈ જાઉં. સીતાજી કહે છે કે, ના. તું મારો દીકરો છે, તું બાળબ્રહ્મચારી છે, પવિત્ર છે, પણ તું પુરૂષ અને હું સ્ત્રી છું. મારા માટે પરપુરુષનો સ્પર્શ વર્જ્ય છે.

મનુષ્ય જીવનના આવા ઉચ્ચ આદર્શ રામકથામાં આપણને જોવા મળે છે. તેવા બીજે ક્યાંય નથી મળતાં. સ્ત્રી પતિ સિવાય કોઈ સાધુસંતોનો પણ ચરણસ્પર્શ ન કરે. સીતાજી આદર્શ સ્ત્રીધર્મનું તત્ત્વ જગતને બતાવે છે,રામસરળ છે પણ સીતાજીની સરળતા અલૌકિક છે.

વડીલનું દિલ કોઈ દિવસ ન દુભાવવું. રામજીને કૈકેયીએ વનવાસ આપ્યો. ત્યારે કૈકેયીને પગે લાગી રામજીએ કહ્યું છે, મા, મારો ભરત રાજા થતો હોય તો ચૌદ વર્ષ તો શું, હું કાયમને માટે વનમાં રહેવા તૈયાર છું.મા,હું જાણું છું કે,તારો મારા તરફ પક્ષપાત છે. ભરત કરતાં તારો પ્રેમ કે મારામાં વિશેષ છે એ હું જાણું છું. હું જાણું છું કે, ઋષિમુનિઓનો મને સત્સંગ પ્રાપ્ત થાય એટલા જ માટે તેં મને વનવાસ આપ્યો છે.અમારા કલ્યાણ સિવાય તમારા મનમાં બીજી કોઈ કામના નથી. આવું જેનું મન છે તેની સામે કૈકેયીપણું પણ આખરે ટકી શકતું નથી.

શિવજી રોજ રામકથા ઉમાને સંભળાવે છે. હનુમાનજી રામકથા સાંભળે છે.રામાયણની કથા શિવજીએ એક કરોડ શ્લોકમાં લખી છે.એક વખત દેવો,ઋષિઓ અને મનુષ્યોશિવજી પાસેએ રામાયણની માગણી કરવા ગયા.રામાયણના શ્લોક એક કરોડ તેના ત્રણ ભાગ કરતાં દરેક ભાગે ૩૩,૩૩, ૩૩૩ શ્લોક આવ્યા. વહેંચણી કરતાં એક શ્લોક વધ્યો. તેને માટે ત્રણ વચ્ચે ઝઘડો થયો. એક પણ કોઈ જવા દેવા તૈયાર નથી.શિવ જીને ઝગડો ગમતોનથી. ત્યાં યુદ્ધ નથી,વેર નથી,સ્વાર્થ નથી વાસના નથી, વિષમતા નથી,ત્યાં અયોધ્યા છે અને ત્યાં જ રામ અવતાર ધારણ કરીને આવે છે. જ્યારે કૈકેયીના મનમાં વિષમતા, વાસના કે સ્વાર્થ જાગે કે,ત્યારે રામ અયોધ્યા છોડી જાય છે. બળદ- સિંહ,ઉંદર -સર્પ,મોર અને સર્પ વચ્ચે જન્મસિદ્ધ વેર છે. છતાં શિવજીના દરબારમાં આવ્યા પછી એ પશુઓ પણ વેર ભૂલી જાય છે અને બળદ સિંહ સાથે રહે છે. ગરુડ અને સર્પને પણ જન્મથી વેર છે, છતાં વિષ્ણુ ભગવાન પાસે વેર સેતું નથી. શિવજીએ કહ્યું કે, શ્લોક એક છે અને લેનાર ત્રણ છે.શ્લોકમાં અક્ષરો હતા બત્રીસ, એટલે શ્લોકના અક્ષરો ગણ્યા તો બત્રીસ થયા. તેમાંથી એક એકને દસ દસ આપ્યા. આ પ્રમાણે ત્રીસ, અક્ષરો જતાં બાકી રહ્યા બેઅક્ષરો શિવજીએ કહ્યું કે, આ બે અક્ષરો હું રાખી લઉં છું.

# મહિલાઓએ કસરત પણ કરવી જરૂરી



ઘણી મહિલાઓ ખાસ કરીને ગૃહિણીઓ એવું માને છે કે હંમેશાં ઘરકામ કરતા સમયે જ શારીરીક કસરત થઇ જાય છે તો એક્સરસાઇઝની જરૂર નથી, પરંતુ એવું નથી સારીરીક મહેનત કરવી અને એક્સરસાઇઝ કરવી એ બન્ને અલગ અલગ બાબત છે. સારા સ્વાસ્થ્ય માટે હરરોજ કામમાંથી સમય નિકાળીને ઓછામાં આછી ૩૦ મિનિટ એક્સાઇઝ કરવી જ જોઇએ, કારણકે એના કારણે હાર્ટ મજબૂત થાય છે અને હાર્ટ એટેકને ખતરો ઓછો રહે છે. નિયમિત એક્સરસાઇઝ કરવાને કારણે વજન તો નિયંત્રણમાં રહે જ છે, પણ સાથે-સાથે ઘણા રોગોથી પણ બચાવ થાય છે. જો તમે નિયમિત કસરત નથી કરતા તો ઘરનું કામ કરવા છતા પણ તમારું વજન વધી શકે છે. એક્સરસાઇઝ કરવાની સાથે-સાથે કેટલીક બાબતોનું ખ્યાલ રાખવું જરૂરી છે. જેમ કે કસરત કરતા સમયે શરીરમાં પૂરતી માત્રામાં હાઈડ્રેટિડ હોવો જોઇએ. શરીરમાં પાણીની કમી ન રહેવી જોઇએ. મહિલાઓ કસરત કરતા સમયે જો પાણીની માત્રા પૂરતા પ્રમાણમાં હોય તો સુડોળ કાયાની સાથે-સાથે ચહેરા પર ચમક બોનસમાં મળશે, પરંતુ જોવા મળે છે કે મહિલાઓ નિયમિત કસરત ડિસિપ્લીનમાં રહેતી નથી. તો એના માટે શું કરવું જોઇએ? મહિલાઓ ખાસ કરીને ગૃહિણીઓએ કસરત એકલમાં ન કરતા એમની બહેનપણીઓ સાથે મળીને કરવી જોઇએ. સવારે અને સાંજે કસરત કરવા માટેના આઈડિયલ સમયમાં જો તમને ચાલવાનો કે કસરત કરવાનો સમય નથી મળતો તો તમારા ફાજલ સમયમાં પણ તમે કસરત કરી શકો છો. જો તમારું ઘર બે માળનું હોય કે ફ્લેટમાં રહેતા હોવ તો ચઢવા ઊતરવા માટે સીડીઓનો વધારેમાં વધારે ઊપયોગ કરો. તમારે ત્યાં બગીચો હોય તો એની દેખરેખ તમારે જાતે જ રાખવી જોઇએ, ભલે જ્યારે જરૂર હોય ત્યારે માળીને બોલાવીને બગીચાની દેખરેખ કેવી રીતે રાખવી એ શીખી લેવું જોઇએ. એમાં શારીરીક કસરત તો થશે પણ સાથે સાથે મન પણ પ્રફૂલ્લિત રહેશે. નિયમિત કસરત માટે એ જરૂરી છે કે ઘરમાં જ એક્સરસાઇઝના કેટલાક સાધન વસાવી લેવા જોઇએ. ગલી પોલિટિક્સથી દૂર રહો પણ એની ગતિવિધીઓમાં ભાગ જરૂરથી લો.

# સુતા સમયે ફોનનો ઉપયોગ કરતા હોય તો સાવધાન!



લોકોને સામાન્ય રીતે સુતા પહેલા ફોન જોવાની અને સવારે ઉઠ્યા પછી પણ સૌથી પહેલા ફોન ચેક કરવાની ટેવ હોય છે. એટલા માટે તેઓ ફોન બાજુમાં અથવા તો તકીયાની નીચે રાખતા હોય છે. પરંતુ શું તમે ક્યારેય વિચાર્યું છે કે જો તમે તમારા ફોનની બાજુમાં સૂશો તો શું થશે? ચાલો જણાવીએ તેના એવા ગેરફાયદા કે તમે પણ ચોંકી જશો. ઉપકરણ સાથે સુવું એ ખુબ જ નુકસાનકારક ટેવ છે. જેના કારણે ઉંઘની કમી અને અન્ય રોગોનું કારણ બની શકે છે. આજકાલની લાઈફ સ્ટાઈલ એવી થઇ ગઇ છે કે જીવનમાંથી ફોનને કાઢી નાખવો લગભગ અશક્ય છે, પરંતુ ફોનને બેડથી દુર રાખવો ખુબ જ જરુરી છે. ફોનને ધાબળા કે ગાદલા પર ક્યારેય રાખવો જોઇયે નહીં અને ચાર્જ કરવો જોઇયે નહીં. ઘણીવાર આપણે આવી ઘટનાઓ પણ જોઇએ છીએ કે જેમાં પાસે રાખીને ફોન ચાર્જ કરવામાં આવતું હોય અને તેમાં બ્લાસ્ટ થવાની પણ ઘટના બનતી હોય છે. તમારી આંખોમાં મોબાઈલ ફોનનો ચમકતો પ્રકાશ અને ઈન્સ્ટાગ્રામ પર રીલ્સ માટે સતત સ્ક્રોલિંગ તમને ઊંઘવામાં મદદ કરશે નહીં. જો તમે સુતી વખતે તેને પાસે રાખો તો મોબાઈલના રેડિયેશન પણ શરીર માટે નુકસાનકારક હોય છે. આ સિવાય એપલે તાજેતરમાં જ તેની ઓનલાઈન યુઝર ગાઈડ અપડેટ કરી છે, જેમાં તેના આઈફોન યુઝર્સને પથારીમાં હોય ત્યારે ફોન ચાર્જ ન કરવા માટે કહેવામાં આવ્યું છે. ઓવરહિટીંગ અને આગની ચેતવણી આપી છે. આજકાલની લાઈફ સ્ટાઈલ એવી થઇ ગઇ છે કે જીવનમાંથી ફોનને કાઢી નાખવો લગભગ અશક્ય છે, પરંતુ ફોનને બેડથી દુર રાખવો ખુબ જ જરુરી છે. ફોનને ધાબળા કે ગાદલા પર ક્યારેય રાખવો જોઇયે નહીં અને ચાર્જ કરવો જોઇયે નહીં.

# ડેન્ગ્યુ વિશે આ માહિતી કદાચ તમે નહીં જાણતા હોવ

ડેન્ગ્યુ એક એવી બીમારી જે મોતને આમંત્રણ આપી શકે છે. જો યોગ્ય સમયે સારવાર ન કરવામાં આવે તો તે ખૂબ જ ખતરનાક સ્વરૂપ પણ ધારણ કરી શકે છે. માટે ડેન્ગ્યુમાં કેટલીક વસ્તુઓ ખાવાથી બચવું જોઈએ, નહીંતર મુશ્કેલી ઘટવાની જગ્યાએ વધી જશે. તો ચાલો આજે સમજીયે ડેન્ગ્યું સાથે જોડાયેલી વાતો. ડેન્ગ્યુ તાવ ડેન્ગ્યુ વાયરસ સંક્રમિત એડીઝ મચ્છર કરડવાથી થાય છે. વિશ્વભરમાં ૧૦૦થી વધુ દેશોમાં થતી બીમારીઓમાંની એક છે ડેન્ગ્યુ. તેમાં ભારત અને દક્ષિણ એશિયાના અન્ય ભાગો, ચીન, આફ્રીકા, તાઈવાન અને મેક્સિકો પણ સામેલ છે. ડેંગૂ ફેલાવવાનો સમય અને સ્થળ સ્પષ્ટ નથી. એક રિપોર્ટ મુજબ આ મહામારી ૧૬૩૫માં વેસ્ટ ઈન્ડીઝના માર્ટીનિક અને ગ્વાડેલોપમાં જોવા મળી હતી. તો ૧૭૭૯માં સમગ્ર એશિયા, ઉત્તરી અમેરિકા અને આફ્રિકામાં એક સાથે તેનો ફલાવો થયો હતો. ડેન્ગ્યુનું આ ગંભીર સ્વરૂપ સૌપ્રથમ ૧૯૫૩માં ફિલિપાઈન્સમાં નોંધાયું હતું. ૧૯૭૦ સુધીમાં તો ડેન્ગ્યુનો તાવ બાળકોમાં મૃત્યુનું મુખ્ય કારણ બની ગયો હતો. તે પેસિફિક પ્રદેશ અને અમેરિકામાં પણ થવા લાગ્યો હતો. ભારતમાં ડેન્ગ્યુનો ઈતિહાસ ૩ દશક જૂનો છે. વર્ષ ૧૯૯૦ બાદ ડેન્ગ્યૂના દર્દીઓની સંખ્યામાં વધારો જોવા મળ્યો હતો. ભારત સરકારે આ રોગને ગંભીર માની તેના સફાયા માટે પ્રયત્નો કર્યા હતા. સાથેજ લોકોમાં જાગૃતતા લાવવા ડેન્ગ્યુ દિવસ મનાવવાનું નક્કી થયું. સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા દર વર્ષે ૧૬ મેના રોજ ડેન્ગ્યુ દિવસ ઉજવવામાં આવે છે. જેથી લોકો તેનાથી અવગત થાય. રોગ નિયંત્રણ અને



નિવારણ કેન્દ્રો અનુસાર, ડેન્ગ્યુ તાવ વિશ્વની ૧૦૦ થી વધુ દેશોમાં થતી સામાન્ય સમસ્યા છે અને અંદાજે ૩ અબજ લોકો ડેન્ગ્યુથી પ્રભાવિત વિસ્તારોમાં રહે છે. તેમાં ભારત અને દક્ષિણપૂર્વ એશિયાના અન્ય ભાગો, ચીન, આફ્રિકા, તાઈવાન અને મેક્સિકોનો સમાવેશ થાય છે. નેશનલ વેક્ટર બોર્ન ડિસીઝ કંટ્રોલ પ્રોગ્રામ દ્વારા બહાર પાડવામાં આવેલા આંકડા અનુસાર, વર્ષ જુલાઈ ૨૦૨૧ સુધીમાં માત્ર ભારતમાં ૧૪૦૪૪ થી વધુ ડેન્ગ્યુના કેસ નોંધાયા હતા. અને ૪ લોકો ના મૃત્યુ થયા છે  રિપોર્ટમાં એ પણ સામે આવ્યું છે કે ડેન્ગ્યુના સંદર્ભમાં ભારત માટે સૌથી ખરાબ વર્ષ હતું. ૨૦૧૭ માં લગભગ ૧.૮૮ લાખ ડેન્ગ્યુ કેસ નોંધાયા હતા, જેમાંથી ૩૨૫ લોકોએ તેના કારણે પોતાનો જીવ ગુમાવ્યો હતો.  ડેન્ગ્યુ હળવો અથવા ગંભીર બંને હોઈ શકે છે. આવી સ્થિતિમાં તેના લક્ષણો પણ અલગ રીતે જોવા મળે છે. ઘણી વખત જ્યારે હળવા ડેન્ગ્યુ થાય ત્યારે કોઈ લક્ષણો દેખાતા નથી, ખાસ કરીને બાળકો અને કિશોરોમાં. ચેપ લાગ્યા બાદ ચારથી સાત દિવસમાં ડેન્ગ્યુના હળવા લક્ષણો દેખાવા લાગે છે. ડેન્ગ્યુ માટે કોઈ ચોક્કસ દવા કે ચોક્કસ સારવાર ઉપલબ્ધ નથી. તાવ અને દુખાવાને કાબૂમાં રાખવા માટે  ડોક્ટર પેરાસિટામોલ જેવી પેઈનકિલર્સ લખી શકે છે. શરીરને હાઈડ્રેટેડ રાખવું એ ડેન્ગ્યુને અંકુશમાં રાખવાની સૌથી મહત્વની રીતો છે. આ કિસ્સામાં, સ્વચ્છ પાણી પૂરતા પ્રમાણમાં પીવું જોઈએ. જો કે, ગંભીર લક્ષણો ધરાવતા દર્દીઓને હોસ્પિટલમાં દાખલ કરવાની જરૂર છે. ગંભીર કિસ્સાઓમાં, દર્દીને નસમાં પ્રવાહી અથવા ઈલેક્ટ્રોલાઈટ પૂરક આપવામાં આવે છે. કેટલાક કિસ્સાઓમાં, બ્લડ પ્રેશર મોનિટરિંગ અને બ્લડ ટ્રાન્સફ્યુઝન દ્વારા પણ તેની સારવાર કરવામાં આવે છે. એસ્પિરિન અથવા આઈબુપ્રોફેન જેવી દવાઓનું સ્વ-સંચાલન કરવાનું ભૂલશો નહીં, કારણ કે તે રક્તસ્રાવનું જોખમ વધારી શકે છે.

મે ૨૦૧૯ માં, યુએસ ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશને ૯ થી ૧૬ વર્ષના બાળકોમાં ડેંગવેક્સિયા નામની ડેન્ગ્યુ રસીના ઉપયોગને મંજૂરી આપી હતી. જો કે, ભારતમાં આ રસીનો ઉપયોગ કરવાની મંજૂરી હજુ સુધી આપવામાં આવી નથી. ડેન્ગ્યુ એક ચેપી રોગ છે, જે મચ્છર દ્વારા વ્યક્તિથી વ્યક્તિમાં ફેલાય છે. આવી સ્થિતિમાં, રસી ન મળવાને કારણે, ડેન્ગ્યુથી બચવાનો એકમાત્ર રસ્તો મચ્છરોથી પોતાને બચાવવાનો છે. મચ્છરદાનીનો શક્ય તેટલો ઉપયોગ કરો. સાંજના પહેલા તમારા ઘરના દરવાજા અને બારીઓ બંધ કરો. શરીરને સંપૂર્ણપણે ઢંકાઈ જાય એવા કપડાં પહેરો. તમે નીચેના પગલાં પણ અપનાવી શકો છો. ખાતરી કરો કે આસપાસ પાણી એકત્રિત ન થાય.

# જાણો ઈ સિગારેટ હેલ્થ માટે કેટલી ખતરનાક? કઇ ગંભીર બીમારીઓનો શિકાર બનો છો

અનેક લોકોને ઈ સિગારેટ પીવાની આદત હોય છે. ઈ સિગારેટ પીવાથી હેલ્થને અનેક ઘણું નુકસાન થાય છે. ઈ સિગારેટ પીવાથી શરીર અંદરથી ધીરે-ધીરે ડેમેજ થવા લાગે છે. આમ, તમને ઈ સિગારેટ પીવાની આદત છે તો તમારે બદલવી જોઈએ. ઈ સિગારેટ, જેને ઈલેક્ટ્રોનિક સિગારેટ તેમજ વેપ પેન તરીકે પણ જાણવામાં આવે છે. આ એક બેટરીથી ચાલતુ ઉપકરણ છે. ઈ સિગારેટના ઉપયોગના લોન્ગ ટર્મ હેલ્થ ઈફેક્ટસ વિશે અનેક લોકો અજાણ છે. સંશોધનમાં એ વાત જાણવા મળી છે કે ઈ સિગારેટ પૂરી રીતે હાનિકારક નથી, પરંતુ અનેક પ્રકારના જોખમ થઈ શકે છે. ઈ સિગારેટમાં



વધારે નિકોટીન હોય છે, જેની લત તમને લાગી શકે છે. નિકોટીનની લત સ્વાસ્થ્યને અનેક પ્રકારે નુકસાન પહોંચાડે છે. તો આજે અમે તમને ઈ સિગારેટથી આપણી  રેસ્પિરેટરી સિસ્ટમ પર કેવી અસર કરે છે એ વિશે જણાવીશું. તો જાણો આ વિશે અને આ આદત છોડો. ઈ સિગારેટ પીવાથી શરીરમાં સોજા અને ટિશ્યુ ડેમેજનું કારણ બની શકે છે જેના કારણે શ્વસન સંબંધીત સમસ્યાઓ અને ફેફસા ડેમેજ થઈ શકે છે. ઘણાં કેસમાં તો મોત પણ થઈ શકે છે. આમ, વાત કરવામાં આવે તો ઈ સિગારેટ પીવાથી ઓવર ઓલ હેલ્થને અનેક ઘણું નુકસાન થાય છે.

ઈ-સિગારેટનો નિયમિત ઉપયોગ કરો છો ફેફસાંની કાર્યક્ષમતામાં કમી આવી શકે છે જેના કારણે વ્યક્તિને શ્વાસ લેવામાં અનેક ઘણી તકલીફ પડી શકે છે. આ સિવાય ક્રોનિક ઓબ્સટ્રક્ટિવ પલ્મોનરી ડિસિઝ જેવી અનેક સમસ્યાઓ થઈ શકે છે. ઈ સિગારેટ તમે વધારે પીઓ છો તો ઈમ્યુનિટી સિસ્ટમ નબળી પડવા લાગે છે. આમ, તમારી ઈમ્યુનિટી સિસ્ટમ નબળી પડે ત્યારે તમે અનેક પ્રકારની બીમારીઓનો ભોગ ઝડપથી બનો છો. આ માટે ઈમ્યુનિટી સિસ્ટમ સ્ટ્રોંગ હોવી ખૂબ જરૂરી છે.

ઈ સિગારેટ પીવાથી અસ્થમા એટેકને ટ્રિગર કરી શકે છે. આમ, તમને પણ વધારે ઈ સિગારેટ પીવાની આદત છે તો તમારે બંધ કરવી જોઈએ. આ આદત તમને અનેક રીતે મુશ્કેલીમાં મુકી શકે છે. આ માટે ઈ સિગારેટ પીવાનું ટાળો. આ તકલીફો જ્યારે નાની ઉંમરમાં થાય ત્યારે બીજી અનેક ઘણી તકલીફો થતી હોય છે.

BOLLYWOOD NEWS FLASH

**ઇન્ડસ્ટ્રીની ઘણી એવી એક્ટ્રેસીસ છે જેણે અન્ય એક્ટ્રેસીસને જોઇને એક્ટિંગ કરિયરની શરૂઆત કરી છે**



# વિદ્યા બાલન પોતાના દમ પર બની બોલિવૂડની ટોપ એક્ટ્રેસ

। મુંબઈ, તા.૨૧ ।

સંઘર્ષના ધોમધખતા તાપમાં તપીને આ એક્ટ્રેસે પોતાના માટે રસ્તો બનાવ્યો અને એક્ટિંગની દુનિયામાં પ્રવેશી. પોતાના કરિયરની શરૂઆતમાં ઘણી ફિલ્મોમાંથી હાંકી કઢાઈ. આ ઉપરાંત તેને પનોતી પણ કહેવામાં આવતી હતી.એક્ટિંગની દુનિયામાં આજે મિસાલ માનવામાં આવતી આ એક્ટ્રેસ બીજુ કોઈ નથી. આજે ભલે તે ટોપ એક્ટ્રેસ છે, પરંતુ ક્યારેક કામ મેળવવા માટે તેણે પ્રોડ્યૂસરની ઓફિસના ખૂબ ધક્કા ખાવા પડ્યા હતાં.વિદ્યા બાલન ઈન્ડસ્ટ્રીની તે એક્ટ્રેસીસમાંથી એક છે જેને ઈન્ડસ્ટ્રીમાં પ ોતાની જગ્યા બનાવવા માટે ઘણો સંઘર્ષ કરવો પડ્યો હતો. ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં કેટરિના કેફ, પ્રિયંકા ચોપરા જેવી ઘણી એવી એક્ટ્રેસીસ છે, જેને ફક્ત ભારતમાં જ નહીં પરંતુ દુનિયાભરમાં લોકો જાણે છે. તેમાંથી જ એક છે વિદ્યા બાલન. આજે ભલે બોલિવૂડમાં વિદ્યા બાલન પોતાના પાત્રોથી ધાક જમાવી ચુકી છે. પરંતુ વિદ્યા બાલનનું એક્ટિંગનું સપનુ પૂરુ કરવાની આ સફર એટલી સરળ રહી ન હતી. તેના માટે તેને ખૂબ ટોણા સાંભળવા પડ્યાં હતાં. કરિયરની શરૂઆતમાં તેને ઘણી ફિલ્મોમાંથી બહાર કાઢવામાં આવી હતી જેના માટે તેને સાઈન કરવામાં આવી હતી. આ ઉપરાંત ઘણીવાર તો તેની ફિલ્મ અધવચ્ચે જ ડબ્બાબંધ થઈ ગઈ. લોકો તેને પનોતી કહેવા લાગ્યા હતાં.એક સમય બાદ તો વિદ્યા બાલન એટલી પરેશાન થઈ ગઈ કે તે આખી રાત જાગતી રહેતી. ઘણીવાર મંદિરમાં જઈને તે ભગવાનને કહેતી હતી કે, હું જ શા માટે, મારી સાથે જ આવું શા કારણે થાય છે. થયું કંઈક એવું હતું કે ફિલ્મ ચક્રઅબની એનઉન્સમેન્ટ બાદ તેને સાઉથની ૧૨ ફિલ્મોમાં સાઈન કરવામાં આવી હતી.

# આમિર બાદ રણવીર સિંહનો ડીપ ફેક વીડિયો થયો વાયરલ

। નવીદિલ્હી,તા.૨૧ ।

આ દિવસોમાં બોલિવૂડ કલાકારો એક અલગ પ્રકારની સમસ્યાનો સામનો કરી રહ્યા છે અને આ સમસ્યાનું નામ છે ડીપફેક વીડિયો. આમિર ખાનથી લઈને રણવીર સિંહ સુધી, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ઉર્ફે છૈં વડે બનાવેલા અલગ-અલગ સ્ટાર્સના વીડિયો સોશિયલ મીડિયા પર લોકપ્રિય છે. રણવીર સિંહે તેના ડીપફેક વીડિયો પર પ્રતિક્રિયા આપી છે. લોકસભા ચૂંટણી ૨૦૨૪ શરૂ થઈ ગઈ છે. થોડા સમય પહેલા ચૂંટણી દરમિયાન રાજકીય ફાયદા માટે આમિર ખાનનો છૈં વીડિયો સામે આવ્યો હતો. આ વીડિયો વાયરલ થયો અને અભિનેતાએ પોતે સામે આવીને કહેવું પડ્યું કે આ ખોટો વીડિયો છે. હવે રણવીર સિંહે પણ આવું જ કર્યુ છે. રણવીર સિંહ થોડા દિવસો પહેલા વારાણસી ગયો હતો. અહીંથી સામે આવેલ વિડિયોનું ડીપ ફેક વર્ઝન બનાવવામાં આવ્યું હતું અને સોશિયલ મીડિયા પર પોસ્ટ કરવામાં આવ્યું હતું. રણવીર બનારસી કપડાના પ્રમોશન માટે વારાણસીના નમો ઘાટ પર ગયો હતો. અહીં તેમણે બોટિંગ દરમિયાન મીડિયા સાથે વાતચીત પણ કરી હતી. બાદમાં આ વીડિયોનું ડીપ ફેક વર્ઝન બનાવવામાં આવ્યું હતું. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા આ વીડિયોમાં રણવીર સિંહ પાટીના પક્ષમાં પ્રચાર કરતા જોઈ શકાય છે. હવે આ ડીપ ફેક વીડિયો પર પોતાની પ્રતિક્રિયા આપતા રણવીર સિંહે ટ્વીટ કર્યુ છે. તેણે પોતાના ટ્વિટમાં લખ્યું, 'મિત્રો, ડીપ ફેકથી બચો.'



**થોડા સમય પહેલા, રોહિતે ફિલ્મના તમામ પાત્રોને દર્શકો સમક્ષ રજૂ કર્યા હતા, ત્યારબાદ ચાહકો આ ફિલ્મને લઈને ખૂબ જ ઉત્સાહિત છે**

# 'સિંઘમ અગેન'માંથી દીપિકા પાદુકોણનો લુક સામે આવ્યો

। મુંબઈ, તા.૨૧ ।

રોહિત શેટ્ટીની કોપ યુનિવર્સની પાંચમી ફિલ્મ 'સિંઘમ અગેન' ઘણા સમયથી ચર્ચામાં છે. આ મલ્ટી સ્ટારર ફિલ્મની ચાહકો આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. થોડા સમય પહેલા, રોહિતે ફિલ્મના તમામ પ ાત્રોને દર્શકો સમક્ષ રજૂ કર્યા હતા, ત્યારબાદ ચાહકો આ ફિલ્મને લઈને ખૂબ જ ઉત્સાહિત છે.ચાહકોના ઉત્સાહને બમણો કરવા માટે, રોહિતે ફરી એકવાર દીપિકા પાદુકોણનું લૂક પોસ્ટર શેર કર્યુ છે. આ ફોટામાં અભિનેત્રીનો દમદાર અવતાર જોઈ શકાય છે. રોહિત શેટ્ટીએ પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર આ વાત શેર કરતી વખતે કેપ્શનમાં લખ્યું, 'આ મારી હીરો છે. લેડી સિંઘમ રીલ અને રિયલ લાઈફમાં પણ...'રોહિત શેટ્ટીની આ પોસ્ટ સોશિયલ મીડિયા પર ખૂબ જ વાયરલ થઈ રહી છે. ફોટો પર કોમેન્ટ્સનું પૂર આવ્યું છે. એક યુઝરે લખ્યું કે એક માતા યુનિફોર્મ પહેરીને દેશની સેવા કરી રહી છે. તો અન્ય એક યુઝરે લખ્યું કે 'લેડી સિંઘમ ફાયર છે.' મજા આવી ગઈ બાબુ ભૈયા...'દીપિકાના ફર્સ્ટ લૂક પોસ્ટરમાં, અભિનેત્રીએ પોલીસ યુનિફોર્મ પહેરીને તેનો ચંડાલિકા લુક બતાવ્યો હતો. પોસ્ટરમાં, અભિનેત્રી ગુંડા પર બેઠેલી, એક હાથથી તેના વાળ ખેંચતી અને બીજા હાથથી તેના કપાળ પર બંદૂક બતાવતી જોવા મળી હતી.તમને જણાવી દઈએ કે વર્ષ ૨૦૨૨માં રિલીઝ થયેલી ફિલ્મ 'સર્કસ' દરમિયાન ડિરેક્ટર રોહિત શેટ્ટીએ પોતાની 'લેડી સિંઘમ'નો ખુલાસો કર્યો હતો.



**આ માહિતી મળતા જ દિવ્યાંકાના પતિ અને અભિનેતા વિવેક દહિયા તરત જ પોતાનું કામ છોડીને ઘટનાસ્થળે પહોંચી ગયા હતા**

# યે હૈ મોહબ્બતે ફેમ ઈશિતા એટલે કે દિવ્યાંકા ત્રિપાઠીને થયો એક્સિડન્ટ

। મુંબઈ, તા.૨૧ ।

નાના પડદાની જાણીતી અભિનેત્રી દિવ્યાંકા ત્રિપાઠીના લાખો ચાહકો છે. અભિનેત્રી તેના અભિનયની સાથે સાથે તેના સ્વભાવ માટે પણ જાણીતી છે. આ દરમિયાન દિવ્યાંકાના ફેન્સ માટે એક ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. દિવ્યાંકાને અકસ્માત થયો હતો. જે બાદ તેને તાત્કાલિક હોસ્પિટલ લઈ જવામાં આવી હતી. આ જાણકારી દિવ્યાંકાના પતિ વિવેક દહિયા અને પીઆર ટીમે સોશિયલ મીડિયા પર આપી છે. અભિનેત્રીનું આજે ઓપરેશન પણ છે.ટીવી અભિનેત્રી હાલમાં તબીબી સારવાર હેઠળ છે. એવું માનવામાં આવે છે કે તે આગલા દિવસે અકસ્માતનો ભોગ બની હતી. જેમાં દિવ્યાંકાના હાથના બે હાડકા તૂટી ગયા છે. વિવેકે



તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર દિવ્યાંકાના હાથનો એક્સ-રે પણ શેર કર્યો છે. હાલમાં અભિનેત્રી કોકિલાબેન હોસ્પિટલમાં દાખલ છે. દિવ્યાંકાના અકસ્માતના સમાચાર વિવેકને મળતા જ તેણે પોતાનું લાઈવ સેશન કેન્સલ કરી દીધું અને તરત જ હોસ્પિટલ પહોંચી ગયો.જે બાદ ઁઈ ટીમે પોસ્ટ કર્યું, 'અમને જણાવતા દુઃખ થાય છે કે આવતીકાલે નિર્ધારિત વિવેકનું લાઈવ સેશન મોકૂફ રાખવામાં આવ્યું છે. દિવ્યાંકાનો થોડા કલાકો પહેલા અકસ્માત થયો હતો અને હવે તે તબીબી સારવાર હેઠળ છે. જ્યાં સુધી તે સ્વસ્થ નહીં થાય ત્યાં સુધી વિવેક તેની સાથે રહેશે. તમારા સપોર્ટ બદલ આભાર. અને દિવ્યાંકાના જલ્દી સ્વસ્થ થવા સુધી અમારો સાથ આપો. વિવેક ટૂંક સમયમાં તમારી સાથે જોડાશે.તમને જણાવી દઈએ કે, દિવ્યાંકા અને વિવેક તેમની ફેમસ સીરિયલ યે હૈ મોહબ્બતેના સેટ પર મળ્યા હતા. આ સીરિયલમાં દિવ્યાંકા લીડ રોલમાં હતી અને તેને તેના પાત્ર માટે દર્શકોનો ઘણો પ્રેમ મળી રહ્યો હતો. આ શોમાં વિવેકે પણ એન્ટ્રી કરી હતી. જ્યાં બંને પહેલીવાર એકબીજાને મળ્યા હતા. ત્યારબાદ બંનેના પરિવારજનોએ આ બન્નેના દોસ્તીને આગળ વધારવા કહ્યું. જે બાદ બંનેએ ૮ જુલાઈ ૨૦૧૬ના રોજ લગ્ન કરી લીધા હતા. અને તેને તેના પાત્ર માટે દર્શકોનો ઘણો પ્રેમ મળી રહ્યો હતો. આ શોમાં વિવેકે પણ એન્ટ્રી કરી હતી. જ્યાં બંને પહેલીવાર એકબીજાને મળ્યા હતા. ત્યારબાદ બંનેના પરિવારજનોએ આ બન્નેના દોસ્તીને આગળ વધારવા કહ્યું. જે બાદ બંનેએ ૮ જુલાઈ ૨૦૧૬ના રોજ લગ્ન કરી લીધા હતા.

# વેરાવળ પંથકમાં લગ્ન પ્રસંગમાં શ્રીખંડ અને છાશથી ૨૦૦થી વધુને લોકોને ફૂડ પોઈઝનિંગ



। વેરાવળ, તા.૨૧ ।

ગીર સોમનાથમાં લગ્ન પ્રસંગમાં શ્રીખંડ ખાવા અને છાશ આરોગવાથી ૨૦૦થી વધુ લોકોને ફૂડ પોઈઝિંગ થયુ છે. વેરાવળના માથાસુરી ગામે આ ફૂડ પોઈઝનિંગની ઘટના બની છે. ૫૦ જેટલા બાળકોને પણ ફૂડ પોઈઝનિંગની અસર જોવા મળ્યો છે. રાજ્યમાં આગ ઝરતી ગરમીના પગલે રોગચાળો વકર્યો છે. ગીર સોમનાથમાં લગ્ન પ્રસંગમાં શ્રીખંડ અને છાશ આરોગવાથી ૨૦૦થી વધુ લોકોને ફૂડ પોઈઝિંગ થયુ છે. વેરાવળના માથાસુરી ગામે આ ફૂડ પોઈઝનિંગની ઘટના બની છે.૫૦ જેટલા બાળકોને પણ ફૂડ પોઈઝનિંગની અસર જોવા મળ્યો છે. તાલાળા હોસ્પિટલના બેડ ખૂટી પડતા હાલાકીનો સામનો કરવો પડ્યો છે. જો કે તમામ લોકોની તબિયત સુધારા પર છે. વેરાવળના માથાસુરી ગામે આ ફૂડ પોઈઝનિંગની ઘટના બની છે.૫૦ જેટલા બાળકોને પણ ફૂડ પોઈઝનિંગની અસર જોવા મળ્યો છે. તાલાળા હોસ્પિટલના બેડ ખૂટી પડતા હાલાકીનો સામનો કરવો પડ્યો છે. જો કે તમામ લોકોની તબિયત સુધારા પર છે.

# આતરસુંબા ખાતે પદયાત્રી સંઘના રાત્રિ રોકાણ દરમ્યાન ભજન કિર્તન કાર્યક્રમ યોજાયો



તસ્વીર : રાજેશ શર્મા, આતરસુંબા

। આતરસુંબા, તા.૨૧ ।

કપડવંજ તાલુકાના આતરસુંબા કાભઈના મુવાડા પટેલ મીલ ખાતે ઉનાવા થી ડાકોર જતાં રાધાકૃષ્ણ મંદિર ઉનાવાના પદયાત્રી સંઘના રાત્રિ રોકાણ દરમ્યાન પૂજા અર્ચના, ધજાપુજન સહિત રાત્રિ ભજન કિર્તન કાર્યક્રમ યોજાયા હતા. આ પ્રસંગે અશોકભાઈ પરીખ સાહેબ ગાંધીનગર, દિલીપસિંહજી ડાભી પેથાપુર, રાજેશભાઈ શર્મા આતરસુંબા, દિનેશભાઈ પરમાર કા.મુવાડા, દેવરાજસિંહજી ખડાલ, અજયભાઈ સોની, પરેશભાઈ ત્રિવેદી, અતુલભાઈ પટેલ, ચેતનભાઈ શર્મા સહિતના મહાનુભાવોએ ઉપસ્થિત રહી ડાકોરના ઠાકોરજીના દર્શન પુજા અર્ચન અને ભજન કિર્તનનો લ્હાવો લીધો હતો.

## આતરસુંબા એ યજ્ઞના પાટલે બેસવાનો લ્હાવો લીધો

# કપડવંજના પુનાદરા ગામે સિકોતર માતાજી મંદિરે દ્વિતિય પાટોત્સવ યોજાયો



તસ્વીર : રાજેશ શર્મા, આતરસુંબા



। આતરસુંબા, તા.૨૧ ।

કપડવંજ તાલુકાના પુનાદરા ગામે શ્રી વાડાવાળા સિકોતર માતાજી મંદિર ખાતે માતાજીના દ્વિતિય પાટોત્સવ હર્ષોલ્લાસ સાથે યોજાયો હતો.

આ પ્રસંગે હવન, પુજન, અર્ચન, ધ્વજારોહણ, આરતી અને ભોજન પ્રસાદ સહિતના વિવિધ ધાર્મિક કાર્યક્રમ યોજાયા હતા. આ પ્રસંગે જન્મેજય રાજેશભાઈ શર્મા આતરસુંબા એ યજ્ઞના પાટલે બેસવાનો લ્હાવો લીધો હતો. જ્યારે સમગ્ર ધાર્મિક કાર્યક્રમનું સફળ આયોજન શ્રી ભૂપેન્દ્રભાઈ શર્મા, શ્રી મનીષ શર્મા, શ્રી પિન્ટું શર્મા સહિત તમામ પરીવારજનોએ કર્યું હતું.

# કાંકરેજ તાલુકાના જૈન રૂની તીર્થ ખાતે ભગવાન મહાવીરની ૨૬૨૨મી જન્મ જયંતિની ઉત્સાહભેર ઉજવણી



। યશપાલસિંહ ટી. વાઘેલા, થરા, તા.૨૧ ।

આજે વિક્રમ સંવત ૨૦૮૦ ચૈત્ર સુદ તેરસ રવિવારના રોજ મહા વીર જન્મ કલ્યાણક અથવા મહાવીર જયંતિ જૈન ધર્મના અનુયાયીઓ માટે પવિત્ર દિવસ ગણાય છે. આ દિવસને વીર તેરસ તરીકે પણ ઓળખવામાં આવે છે. કાંકરેજ તાલુકાના જૈન રૂની તીર્થ ગોડીચા પાર્શ્વનાથ જિનાલય ખાતે કિર્તીલાલ ફોફાણી પરિવાર દ્વારા સાધુ સાધ્વી ભગવંતોની પાવન નિશ્રામાં જન્મ જયંતી કલ્યાણકની ઉજવણી પૂજા અર્ચનાથી કરવામાં આવી. આજે જૈન ધર્મના ચોવીસમા તેમજ છેલ્લા તીર્થંકર મહાવીર સ્વામીનો જન્મ વૈશાલી(બિહાર) માં રાજા સિદ્ધાર્થ અને રાણી ત્રિશલાને ત્યાં વૈદિક પંચાગના વિક્રમ સંવત મુજબ ચૈત્ર સુદ તેરસના દિવસે થયો હતો કાંકરેજ તાલુકાના જૈન રૂની તીર્થ ગોડીચા પાર્શ્વનાથ જિનાલય ખાતે કિર્તીલાલ ફોફાણી પરિવાર દ્વારા સાધુ સાધ્વી ભગવંતોની પાવન નિશ્રામાં જન્મ જયંતી કલ્યાણકની ઉજવણી પૂજા અર્ચનાથી કરવામાં આવી. આજે જૈન ધર્મના ચોવીસમા તેમજ છેલ્લા તીર્થંકર મહાવીર સ્વામીનો જન્મ વૈશાલી(બિહાર) માં રાજા સિદ્ધાર્થ અને રાણી ત્રિશલાને ત્યાં વૈદિક પંચાગના વિક્રમ સંવત મુજબ ચૈત્ર સુદ તેરસના દિવસે થયો હતો. સમાજ સુધારક,પ્રેરક, અસાધારણ કાર્યો અને હિંમત માટે મહાન નાયકનું બિરુદ મેળવનાર ભગવાન આજના દિવસે જૈન મંદિરોને ધ્વજથી શણગારવામાં અને તેમની મૂર્તિઓને સ્નાન 'અભિષેક' કરવામાં આવેલ. સુશોભિત રથ પર ભવ્ય સરઘસ કાઢી, પ્રાર્થના કરેલ . મહાવીર જૈન ધર્મના છેલ્લા તીર્થંકર અને સ્થાપક હતા. અસાધારણ કાર્યો અને હિંમત માટે મહાવીરનું બિરુદ મેળવ્યું હતું.વિશ્વમાં શાંતિ,કરુણા અને અહિંસાનો સંદેશ ફેલાવવાના માર્ગ તરીકે જોવામાં આવે છે. જૈનો માટે મહાવીર જયંતિ મહત્વ પૂર્ણ છે કારણ કે તે તેમને ભગવાન મહાવીરના ઉપદેશો અને અહિંસા, સત્યતા અને તમામજીવો પ્રત્યે કરુણાના તેમના સિદ્ધાંતોને અનુસ રવાના મહત્વની યાદ અપાવે છે. આ એક વ્યક્તિની આધ્યાત્મિક યાત્રા પર ચિંતન કરવાનો અને ઉચ્ચ સ્તરના જ્ઞાન પ્રાપ્ત કરવા માટે પ્રયત્ન કરવાનો દિવસ એટલે મહાવીર જયંતી. સુશોભિત રથ પર ભવ્ય સરઘસ કાઢી, પ્રાર્થના કરેલ.

મહાવીર જૈન ધર્મના છેલ્લા તીર્થંકર અને સ્થાપક હતા. અસાધારણ કાર્યો અને હિંમત માટે મહાવીરનું બિરુદ મેળવ્યું હતું.વિશ્વમાં શાંતિ,કરુણા અને અહિંસાનો સંદેશ ફેલાવવાના માર્ગ તરીકે જોવામાં આવે છે. જૈનો માટે મહાવીર જયંતિ મહત્વ પૂર્ણ છે કારણ કે તે તેમને ભગવાન મહાવીરના ઉપદેશો અને અહિંસા, સત્યતા અને તમામજીવો પ્રત્યે કરુણાના તેમના સિદ્ધાંતોને અનુસ રવાના મહત્વની યાદ અપાવે છે. આ એક વ્યક્તિની આધ્યાત્મિક યાત્રા પર ચિંતન કરવાનો અને ઉચ્ચ સ્તરના જ્ઞાન પ્રાપ્ત કરવા માટે પ્રયત્ન કરવાનો દિવસ એટલે મહાવીર જયંતી. અહિંસા-★અપરિગ્રહ-★બ્રહ્મચર્ય-★ક્ષમા- કાંકરેજ તાલુકાના જૈન ભાઈ બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ઉત્સાહ ઉમંગભેર ઉજવણી કરી હતી.

# પશ્ચિમ રેલવે સાબરમતી અને સુલતાનપુર વચ્ચે સ્પેશિયલ ટ્રેન દોડાવશે

। સાબરમતી, તા.૨૧ ।

મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવેએ સાબરમતી અને સુલતાનપુર વચ્ચે વિશેષ ભાડામાં સ્પેશિયલ ટ્રેન દોડાવવાનો નિર્ણય કર્યો છે. જેની વિગતો નીચે મુજબ છે. ★ ટ્રેન નંબર ૦૯૪૨૩/૦૯૪૨૪ સાબરમતી-સુલતાનપુર-સાબરમતી સ્પેશિયલ (કુલ ૨ ટ્રીપ) ટ્રેન નંબર ૦૯૪૨૩ સાબરમતી-સુલતાનપુર સ્પેશિયલ સાબરમતીથી સોમવાર,૨૨ એપ્રિલ ૨૦૨૪ના રોજ ૦૦:૩૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૦૨:૦૦ કલાકે સુલતાનપુર પહોંચશે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૯૪૨૪ સુલતાનપુર-સાબરમતી સ્પેશિયલ ટ્રેન મંગળવાર, ૨૩ એપ્રિલ ૨૦૨૪ ના રોજ ૦૫:૦૦ કલાકે સુલતાનપુરથી ઉપડશે અને બીજા દિવસે ૦૭:૦૦ કલાકે સાબરમતી પહોંચશે. રૂટ પર બંને દિશામાં, આ ટ્રેન મહેસાણા, પાલનપુર, આબુ રોડ, પિંડવારા, ફાલના, મારવાડ જં, બ્યાવર, અજમેર, જયપુર, બાંડીકુઇ, ભરતપુર, અછનેરા, આગ્રા ફોર્ટ, ટુંડલા, કાનપુર સેન્ટ્રલ અને લખનૌ સ્ટેશનો પર ઉભી રહેશે. આ ટ્રેનમાં થર્ડ એસી, સ્લીપર અને જનરલ ક્લાસ કોચ હશે. પાલનપુર, આબુ રોડ, પિંડવારા, ફાલના, મારવાડ જં, બ્યાવર, અજમેર, જયપુર, બાંડીકુઇ, ભરતપુર, અછનેરા, આગ્રા ફોર્ટ, ટુંડલા, કાનપુર સેન્ટ્રલ અને લખનૌ સ્ટેશનો પર ફાલના, મારવાડ જં, બ્યાવર, અજમેર, જયપુર, બાંડીકુઇ, ભરતપુર, અછનેરા, આગ્રા ફોર્ટ, ટુંડલા, કાનપુર સેન્ટ્રલ અને લખનૌ સ્ટેશનો પર ઉભી રહેશે. આ ટ્રેનમાં થર્ડ એસી, સ્લીપર અને જનરલ ક્લાસ કોચ હશે. ટ્રેન નંબર ૦૯૪૨૩નું બુકિંગ ૨૧ એપ્રિલ, ૨૦૨૪ રોજ સવારે ૧૦.૦૦ વાગ્યાથી પેસેન્જર રિઝર્વેશન સેન્ટર્સ અને IRCTCની વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનના ઓપરેટિંગ સમય, સ્ટોપ અને સ્ટ્રક્ચર વિશે વિગતવાર માહિતી માટે, મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# કાયદાની જોગવાઈ મુજબ જો ઉમેદવારી પત્રમાં ટેકેદારની સહી ના હોય તો, ઉમેદવારી રદ થાય

## કોંગ્રેસ ઉમેદવાર નિલશ કુંભાણીની ઉમેદવારી રદ થવા અંગે શક્તિસિંહ ગોહિલે ભાજપ પર આક્ષેપ કર્યા છે

। અમદાવાદ, તા.૨૧ ।

સુરત કોંગ્રેસના ઉમેદવાર નિલેશ કુંભાણીનું ફોર્મ રદ થઈ ગયું છે. ત્યારે હવે આ મામલે કોંગ્રેસ હાઈકોર્ટના દ્વાર ખખડાવશેની માહિતી મળી રહી છે.

નિલશ કુંભાણીની ઉમેદવારી રદ થવા અંગે શક્તિસિંહ ગોહિલે ભાજપ પર આક્ષેપ કર્યા છે.

તેમણે કહ્યું છે કે, કાયદાની જોગવાઈ મુજબ જો ઉમેદવારી પત્રમાં ટેકેદારની સહી ના હોય તો, ઉમેદવારી રદ થાય. ટેકેદાર ફોર્મ ભરાઈ ગયા બાદ કહે કે મારી સહી નથી તો ફોર્મ રદ ના થાય.

મળતી માહિતી મુજબ કોંગ્રેસ ઉમેદવાર નિલેશ કુંભાણીનું એક દિવસના હાઈ વોલ્ટેજ ડ્રામા બાદ આખરે ફોર્મ રદ કરવામાં આવ્યું છે. જેમાં ટેકેદારોની સહિ ખોટી હોવાનો આરોપ હતો ત્યારે આજે તમામ ટેકેદારો સાથે કુંભાણીને હાજર રહેવા જણાવવામાં આવ્યું હતુ ત્યારે હવે એકપણ ટેકેદારનો અતોપતો મળ્યો ન હતો અને એકપણ ટેકેદાર હાજર ન રહેતા આખરે ફોર્મને રદ કરવામાં આવ્યું હતું.

આ સમગ્ર મામલે શક્તિસિંહે ભૂતકાળનો દાખલો ટાંકિને કહ્યું હતું કે, ૨૦૧૨ની વિધાનસભાની ચૂંટણીમાં પણ આવી જ સ્થિતિ સર્જાઈ હતી. ૨૦૧૨માં સુરત પૂર્વમાં આવી સ્થિતિ સર્જાઈ હતી તે સમયે આપેલો નિર્ણય અને હાલમાં આપેલ નિર્ણય બન્ને અલગ અલગ છે. એક જ બાબતે બે અલગ અલગ ઉમેદવારો માટે અલગ અલગ નિર્ણય કેવી રીતે હોઈ શકે. ચૂંટણી પંચને વિનંતી કરુ છુ કે નિષ્પક્ષ ચૂંટણી કરાવો.

શક્તિસિંહે કહ્યું છે કે, ફોર્મમાં અને અરજીમાં કરાયેલ ટેકેદારની સહીને હ્મજી૰ માં મોકલીને તેની સત્યતા ચકાસવી જોઈએ. બંનેમાં થયેલ સહી એક જ વ્યક્તિઓની છે કે કેમ તે પણ ચકાસવું જોઈએ. ભાજપના ડરાવવાથી ટેકેદારો ફરી ગયા છે. ફોર્મ રદ કરવાની જોગવાઈ કાયદામાં નથી

આ મામલે કોંગ્રેસ હવે હાઈકોર્ટના દ્રાર ખખડાવશે . કોંગ્રેસની લીગલ ટીમ હાઈકોર્ટના જશે ત્યાં પીટીશન દાખલ કરવામાં આવશે. ત્યારે જોવાનું રહેશે કે ગુજરાત હાઈકોર્ટમાં ઈલેક્શન પીટીશન ક્યારે કોંગ્રેસ દ્વારા દાખલ કરવામાં આવે છે. ઈલેક્શન પીટીશનનો ડ્રાફ્ટ તૈયાર કરવા સૂચના અપાઈ છે.

# દીવથી દારૂ પીને આવતા કારચાલકે અકસ્માત સર્જ્યો

। (એજન્સી) ગીર સોમનાથ, તા.૨૧ ।

ગુજરાતમાં દારૂબંધી હોવાથી મોટી સંખ્યામાં લોકો દીવ, દામણમાં દારૂ પીવાની મજા માણવા જતા હોય છે. પરંતુ દારૂના નશામાં તેઓ મોટી ભૂલ કરી બેસે છે. ઊનાનાં દેલવાડા નજીક બે કાર ધડાકાભેર અથડાતાં ૭ લોકોને ગંભીર ઈજા પહોંચી હતી. મોડી રાતના સમયે દીવથી નશો કરીને આવતાં કાર ચાલકે દીવ જતી કારને હડફેટે લેતાં અકસ્માત સર્જાયો હતો. પોલીસે તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી ઈજાગ્રસ્તોને ૧૦૮ એમ્બ્યુલન્સ તેમજ પોલીસ વાનમાં બેસાવીને હોસ્પિટલમાં ખસેડ્યા હતા. તેમજ અકસ્માતે ભુક્કો બોલી ગયેલી કાર સાઈડને કરાવી હતી. તેમજ રોડ ઉપર પડેલાં કાચ દુર કરીને ટ્રાફિક રાબેતા મુજબ શરૂ કરાવ્યો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર, ઊના નજીક દેલવાડા રોડ પર આવેલ પેટ્રોલ પંપ નજીક મોડીરાત્રે બારેક વાગ્યાનાં સમયે બે કાર સામસામે ધડાકાભેર અથડાઈ હતી. જેથી બંને કારમાં સવાર ૮ જેટલી વ્યક્તિઓને નાની મોટી ગંભીર ઈજા પહોંચી હતી. આ અંગે ઊના પોલીસ તેમજ ઈમરજનસી એમ્બ્યુલન્સ ૧૦૮ ને જાણ કરતાં પી એસ આઈ જેબલીયા પોલીસનાં કાફલા સાથે ઘટના સ્થળે દોડી આવ્યા હતા. તાત્કાલિક ઈજાગ્રસ્ત હાલતમાં લોકોને હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. અકસ્માતની તપાસ કરતા જાણવા મળ્યું કે, આ અકસ્માતમાં ભાવનગરનાં તણસા ગામનાં પાંચ શખ્સો પોતાની કારમાં બેસી ફૂલ દારૂનાં નશામાં હતા. તેઓ દીવથી દારૂ પીને ભાવનગર તરફ જઈ રહ્યા હતા. નશાની હાલતમાં બેદરકારીપુર્વક પોતાની કાર ચલાવી તેઓએ અકસ્માત સર્જ્યો હતો. ઊનાથી દીવ તરફ આવવા નીકળેલા પરિવારની ગાડી સાથે નશેડી કારચાલકે ગાડી ઠોકી હતી. તેથી દીવ તરફ જતી કાર સાથે ધડાકાભેર અથડાતા ૨૦ ફુટ જેટલી ઘસડીને પાછળ ધકેલાઈ હતી. દીવનાં પરિવારની કાર પણ તેનાં માલિક પાસે લોક કરાવીને બંને કારનાં ઈજાગ્રસ્ત લોકોને સારવારમાં ખસેડાયા હતા.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે હાલની ઘટનાઓને કારણે તમારૂં મગજ ખલેલ પામ્?યું છે. આધ્યાત્મિક તથા શારીરિક લાભ માટે ધ્યાન તથા યોગ લાભકારક સાબિત થશે. તમારો કોઈ જૂનો મિત્ર આજે વેપાર માં લાભ મેળવવા માટે તમને સલાહ આપી શકે છે, અને જો આ સલાહ પર તમે અમલ કરો છો તો તમને ધન લાભ જરૂર થશે. પરિવારના સભ્યો તથા જીવનસાથી કેટલીક સમસ્યા સર્જશે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે લાગણીની દૃષ્ટિએ તમે આજે સ્થિર નહીં હો-આથી અન્યોની સામે તમે કઈ રીતે વર્તો છો તથા શું બોલો છો તે અંગે સાવચેત રહેજો. આજે તમને કોઈ અજાણ્યા સ્ત્રોત્ર થી ધન લાભ થયી શકે છે જેના લીધે તમારી ઘણી આર્થિક મુશ્કેલીઓ દૂર થયી જશે. તમારા માતા-પિતાને ખુશ કરવામાં તમને મુશ્કેલી પડશે. હકારાત્મક પરિણામ આપવા માટે સમજવાનો પ્રયાસ કરો.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે કોઈ ઈજા ન થાય તે માટે બેસતી વખતે ખાસ સંભાળવું. કેમ કે બેસવાની ઢબ ન માત્ર વ્યક્તિના વ્યક્તિત્વને નીખારે છે બલ્કે સ્વાસ્થ્ય અને આત્મવિશ્વાસ વધારવામાં પણ મહત્વની ભૂમિકા ભજવે છે. ઘર ની નાની નાની વસ્તુઓ પર આજે તમારું ઘણું ધન ખરાબ થયી શકે છે જેથી તમને માનસિક તાણ થયી શકે છે. તમારી ઉડાઉ જીવનશૈલી ઘરમાં તણાવનું કારણ બનશે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે પત્ની કદાચ તમારો ઉત્સાહ વધારશે. આજે તમને ધન ખર્ચવા ની જરૂર નહિ પડે કેમકે ઘર ના કોઈ મોટા આજે તમને ધન આપી શકે છે. ઘરના મોરચે તમારૂં જીવન શાંત અને ગમે તેવું રહેશે. તમારા મિત્રો સાથે તમે વિતાવેલા સારા સમયને યાદ કરી મિત્રતાને નવપલ્લવિત કરવાનો સમય. આજે ઑફિસમાં તમે જે કામ કરી રહ્યા છો.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમને તમારી જાત માટે સારી લાગણી થાય એવી બાબતો કરવા માટે અદભુત દિવસ. રાત્રી ના સમયે આજે તમને ધન લાભ થવા ની પૂરી શક્યતા છે કે કેમ કે તમારા દ્વારા આપેલું ધન આજે પાછું આવી શકે છે. પારિવારિક જવાબદારીઓનો ડુંગર ખડકાશે-તેના કારણે તમારા મગજ પર તાણ વધશે. તમારા પ્રિયપાત્ર સાથે પિકનિક પર જઈ તમારી અમૂલ્ય ક્ષણોને ફરીથી જીવો.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમને નિર્ભેળ આનંદ તથા મોજમજા મળશે-કેમ કે તમે તમારા જીવનને સંપૂર્ણપણે માણવાનો નિશ્ચય કર્યો છે. શંકાસ્પદ આર્થિક સોદાઓમાં સંડોવાઈ ન જાવ તેની તકેદારી રાખજો. તમારા ઉદાર વર્તનનો લાભ તમારા મિત્રોને ન લેવા દો. તમારી આંખો એટલી તેજસ્વી છે કે તમારા પ્રિયપાત્રની અંધકારમય રાતોને તે ઝળહળતી કરી શકે છે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. નાણાકીય પક્ષ મજબૂત થવા ની પુરી શક્યતા છે.જો તમે કોઈ વ્યક્તિ ને પૈસા ઉધાર આપ્યા હતા તો તે પૈસા આજે પાછા મળવા ની પુરી શક્યતા છે. તમારી સમયસરની મદદ કોઈકને દુર્ભાગ્યનો અનુભવ કરવામાંથી બચાવશે. પ્રેમીઓ પારિવારિક લાગણીઓ પ્રત્યે ખૂબ જ વિચારશીલ બનશે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે ધ્યાન તથા યોગ આધ્યાત્મિક તથા શારીરિક લાભ માટે ઉપયોગમાં લઈ શકાય. જો તમને લાગે છે કે તમારી જોડે પૂરતું ધન નથી તો ઘર ના કોઈ મોટા થી ધન સંચિત કરવાની સલાહ લો. તમારા પરિવારને યોગ્ય સમય આપો. તેમને એ અનુભૂતિ થવા દો કે તમને તેમની પરવા છે. તેમની સાથે ગુણવત્તાસભર સમય વિતાવો.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમારા સ્વાસ્થ્યમાં સુધારાને લગતી પ્રવૃત્તિઓ ફરી શરૂ કરવા માટે શ્રેષ્ઠ દિવસ. તમારા પિતા ની કોઈ સલાહ તમને કાર્યક્ષેત્ર માં આજે ધનલાભ કરાવી શકે છે. પારિવારિક જવાબદારીઓનો ડુંગર ખડકાશે-તેના કારણે તમારા મગજ પર તાણ વધશે. તમારો ખાસ મિત્ર તમારા આંસું લૂંછશે. વૅબ ડિઝાઈનર્સ માટે સારો દિવસ. તમારા ઝળકવાની શક્યતા છે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે આજે હાથ ધરાયેલું સ્વચ્છતા અભિયાન માનસિક શાંતિ તથા રાહત બક્ષશે. વગર સૂચના કોઈ દેણદાર આજે તમારા એકાઉન્ટ માં પૈસા નાખી શકે છે જેના લીધે તમે આશ્ચર્યચકિત અને ખુશ થયી શકો છો? લમે જેમની સાથે રહો છો એ લોકો તમારાથી ખુશ નહીં હોય-પછી ભલેને તમે તેમને ખુશ કરવા ગમે તે કરો. ઉત્સાહજનક દિવસ કેમ કે આજે તમને તમારા પ્રિયપાત્ર તરફથી ભેટ-સોગાદ મળશે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે તાણથી મુક્ત થવા માટે તમારો કીમતી સમય તમારા બાળકો સાથે વિતાવો. બાળકોમાં રહેલી ઈલાજની શક્તિની અનુભૂતિ તમને થશે. કેમ કે તેઓ આ પૃથ્વી પરના સૌથી આધ્યાત્મિક અને સંવેદનશીલ વ્યક્તિઓમાં છે. તમને જાતે જ લાગશે કે તમારામાં શક્તિનો સંચાર થયો છે. ધન ની આવશ્યકતા ક્યારેક પણ પડી શકે છે તેથી જેટલું શક્ય હોય પોતાના પૈસા ની બચત કરવાનું વિચાર બનાવો?

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે વ્યાયમ દ્વારા તમે તમારા વજનને અંકુશ હેઠળ રાખી શકશો. ધન નું આવાગમન આજ ના સંપૂર્ણ દિવસ રહેશે અને સાંજ થતા તમે અમુક ધન બચાવી શકશો? તમે જેમની સાથે પ્રેમ કરો છો એવા લાકા સાથેની ગેરસમજ દૂર થશે. પ્રેમ અમર્યાદિત છે, પ્રેમ બેશુમાર છે, તમે આ વતો પહેલા પણ સાંભળી હશે. પણ આજે તમે તેનો અનુભવ કરશો.

# વિકેટકીપર બેટ્સમેન દિનેશ કાર્તિકે ટીર૦ વર્લ્ડ કપ માટે ઠોકી દાવેદારી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

IPL ૨૦૨૪માં શાનદાર ફોર્મમાં રહેલા અનુભવી વિકેટકીપર બેટ્સમેન દિનેશ કાર્તિકે ફરીથી ભારત માટે રમવાનું પોતાનું સપનું છોડ્યું નથી. IPLના ઘાતક ખેલાડીએ ટીર૦ વર્લ્ડ કપ માટે પોતાની દાવેદારી ઠોકી છે. તેણે કહ્યું છે કે જૂનમાં અમેરિકા અને વેસ્ટ ઈન્ડિઝમાં યોજાનાર ટીર૦ વર્લ્ડ કપ માટે તે પોતાના હાથમાં હશે એ બધું જ કરશે. હું ટીમમાં સામેલ થવા માટે તલપાપડ થઈ રહ્યો છું. ૧ જૂનથી શરૂ થઈ રહેલા વર્લ્ડ કપ સુધીમાં કાર્તિક ૩૯ વર્ષનો થઈ જશે. ૨૦૨૨માં ઓસ્ટ્રેલિયામાં આયોજિત T20 વર્લ્ડ કપની છેલ્લી સિઝનમાં તે ભારતીય ટીમનો ભાગ હતો. તે આ જ ટૂર્નામેન્ટમાં ટીમ ઈન્ડિયા માટે છેલ્લી મેચ રમ્યો હતો. ત્યારથી કાર્તિક ક્રિકેટ નિષ્ણાત અથવા કોમેન્ટેટર તરીકે કામ કરી રહ્યો છે. હવે IPLની આ સિઝનમાં પ્રોફેશનલ ક્રિકેટમાં પરત ફરીને તેણે કેટલીક શાનદાર ઈનિંગ્સ રમી છે. કાર્તિકે આ સિઝનમાં ૨૦૫થી વધુના સ્ટ્રાઈક રેટ સાથે કેટલીક અદભૂત પાવર-હિટિંગ કરી છે. તે વિરાટ કોહલી (૩૬૧) અને કેપ્ટન ફાફ ડુપ્લેસીસ (૨૩૨) બાદ ૨૨૬ રન સાથે ઈઝમ માટે પ્રમુખ રન-ગેટર પણ છે. રવિવારે કોલકાતા નાઈટ રાઈડર્સ સામેની મેચ પહેલા તેણે કહ્યું કે, મારા જીવનમાં આ સ્તરે ભારતનું પ્રતિનિધિત્વ કરવું મારા માટે ગર્વની વાત હશે. હું તે કરવા માટે ખૂબ જ ઉત્સુક છું. આ T20 વર્લ્ડ કપમાં ભારતનું પ્રતિનિધિત્વ કરવા સિવાય મારા જીવનમાં બીજું કંઈ મોટું નથી. કાર્તિક પણ દાવેદાર તરીકે ઉભરી રહ્યો છે. વિકેટકીપર સ્લોટ માટે ઘણા ખેલાડીઓ વચ્ચે મજબૂત ટક્કર છે. થિંક ટેક વર્લ્ડ કપ માટે બે વિકેટકીપર પસંદ કરી શકે છે. રિષભ પંત આ સિઝનમાં સારા ફોર્મમાં જોવા મળી રહ્યો છે, જ્યારે સંજુ સેમસન (રાજસ્થાન રોયલ્સ), ઈશાન કિશન (મુંબઈ ઈન્ડિયન્સ), કેએલ રાહુલ (લખનઉ સુપર જાયન્ટ્સ)નું પણ પ્રદર્શન શાનદાર રહ્યું છે. કાર્તિકે આગળ કહ્યું કે, બિગ થ્રી કોચ રાહુલ દ્રવિડ, કેપ્ટન રોહિત શર્મા અને પસંદગી સમિતિના અધ્યક્ષ અજીત અગરકર જે પણ નિર્ણય લેશે તે તેનું સન્માન કરશે. તેણે કહ્યું કે, મને લાગે છે કે ત્રણ ખૂબ જ સ્થિર, પ્રામાણિક લોકો રાહુલ દ્રવિડ, રોહિત શર્મા અને અજીત અગરકર નક્કી કરી શકે છે.



## ઉત્તરપ્રદેશમાં મતદાન પછી ભાજપના ઉમેદવારનું મોત



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

લોકસભાની ચૂંટણીમાં અત્યાર સુધીમાં પહેલા તબક્કાનું મતદાન થઈ ગયું છે જેમાં યુપીમાં મતદાન પછી મુરાદાબાદના ભાજપ ઉમેદવાર કુંવર સર્વેશ સિંહનું નિધન થયું છે. હજુ ચૂંટણી પ્રક્રિયા શરૂ જ થઈ છે ત્યાં એક ઉમેદવારનું મોત થયા પછી ચૂંટણી પંચ શું કરશે તે જાણવામાં સૌને રસ છે. તેથી ચૂંટણી પ્રક્રિયા ચાલુ હોય તે દરમિયાન કોઈ ઉમેદવાર મૃત્યુ પામે તો તે બેઠકનું શું થાય તે વિશે જાણવું જરૂરી છે. ઉત્તરપ્રદેશની મુરાદાબાદ લોકસભા બેઠકના ભાજપ ઉમેદવાર કુંવર સર્વેશ સિંહનું શનિવારે કેન્સરથી અવસાન થયું હતું. તેઓ ૭૧ વર્ષના હતા. પ્રથમ મતદાન પૂર્ણ થયાના બીજા દિવસે જ ભાજપ માટે માઠા સમાચાર આવ્યા હતા. ભાજપ માટે તેના કારણે એક નવો પડકાર ઊભો થયો છે. હવે લોકોના મનમાં સવાલ થાય છે કે અહીં ફરીથી મતદાન થશે કે કેમ. આખી ચૂંટણી પ્રક્રિયા ફરી એકવાર પુનરાવર્તિત કરવામાં આવશે કે નહીં તેવો સવાલ કરવામાં આવે છે. જોકે, હાલમાં નિયમ મુજબ ચૂંટણી પ્રક્રિયા ચાલુ જ રહેશે. તેથી તાત્કાલિક કોઈ ઉમેદવારને ઉભા રાખીને ફરીથી મતદાન કરવામાં નહીં આવે. આગામી ૪ જૂનના રોજ લોકસભા ચૂંટણીના પરિણામ જાહેર થશે ત્યારે તે પછી જ નિર્ણય લેવામાં આવશે કે બેઠક પર ફરીથી મતદાન કરવાની જરૂર છે કે નહીં. મુરાદાબાદ બેઠક પરથી ઈન્ડિયા ગઠબંધનના ઉમેદવાર જીતશે તો તેમને વિજેતા જાહેર કરવામાં આવશે.

## બ્લૂ વ્હેલ ગેમ ચેલેંજના લીધે એક વિદ્યાર્થીએ ગુમાવ્યો જીવ

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૧ ।

અમેરિકામાં અભ્યાસ કરનાર ૨૦ વર્ષીય ભારતીય વિદ્યાર્થીના મોતનો મામલો સામે આવ્યો છે. રિપોર્ટ અનુસાર યુવકનું મોત બ્લૂ વ્હેલ ગેમ ચેલેંજના લીધે થયું છે. કહેવામાં આવે છે કે વિદ્યાર્થીએ ગેમ રમતાં રમતાં પોતાનો જીવ ગુમાવી દીધો. જોકે આ ઘટના માર્ચની હોવાનું કહેવામાં આવે છે. પોલીસે જણાવ્યું કે ૮ માર્ચના રોજ મૃત હાલતમાં મળ્યો હતો. તે મૈસાચુસેટ્સ યુનિવર્સિટીમાં પ્રથમ વર્ષનો વિદ્યાર્થી હતો. બ્રિસ્ટલ કાઉન્ટી ડિસ્ટ્રીક્ટ એટોર્નીના પ્રવક્તા ગ્રેગ મિલિયોટે જણાવ્યું કે કેસની તપાસ આત્મહત્યાના એંગલથી કરવામાં આવી રહી છે. સત્તાવાર સૂત્રોના અનુસાર ચેલેંજ તરીકે વિદ્યાર્થીએ ૨ મિનિટ સુધી શ્વાસ રોકી રાખ્યો હતો. તેના લીધે તેનો જીવ ગયો હતો. જોકે શરૂઆતમાં એ પણ કહેવામાં આવ્યું હતું કે વિદ્યાર્થીની હત્યા થઈ છે. કહેવામાં આવ્યું હતું કે વિદ્યાર્થીની લૂંટપાટ બાદ હત્યા થઈ અને તેનું નામ બોસ્ટ યુનિવર્સિટીમાં અભ્યાસ કરનાર વિદ્યાર્થીના રૂપમાં જોવા મળ્યું છે. તેની લાશ જંગલમાં એક કારમાં મળી હતી. પછી બોસ્ટન ગ્લોબ સમાચારે તેની સાચી ઓળખ કરી, ત્યારે કેસનો ખુલાસો થયો. પોલીસે હજુ સુધી વિદ્યાર્થીના મોતના કારણની સત્તાવાર પુષ્ટિ કરી નથી. હાલમાં ફક્ત 'બ્લુ વ્હેલ ચેલેન્જ' ગેમના એંગલથી જ મૃત્યુંની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. જ્યારે મિલિયોટને આ ગેમ વિશે પૂછવામાં આવ્યું તો તેણે કહ્યું કે અમારી પાસે હજુ સુધી આ સાથે જોડાયેલી કોઈ માહિતી નથી. આ કેસની આત્મહત્યાના એંગલથી પણ તપાસ કરવામાં આવી રહી છે. આ કેસ બંધ કરતા પહેલા અમે મેડિકલ એક્ઝામિનરના અંતિમ રિપોર્ટની રાહ જોઈ રહ્યા છીએ, ત્યાર બાદ જ મામલો સ્પષ્ટ થશે.

### IRDA એ નિયમમાં કર્યો મોટો ફેરફાર

# હવે ૬૫ વર્ષથી વધુ ઉંમરના લોકો પણ ખરીદી શકશે વીમા પોલિસી

### ઈન્સ્યોરન્સ રેગ્યુલેટર IRDAએ સ્વાસ્થ્ય વીમા પર વય મર્યાદા સંબંધિત તમામ નિયંત્રણો હવે દૂર કર્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।



હવે તમે તમારા વૃદ્ધ માતાપિતા માટે પણ સરળતાથી સ્વાસ્થ્ય વીમો ખરીદી શકો છો. ઈન્સ્યોરન્સ રેગ્યુલેટર IRDAIએ હેલ્થ ઈન્સ્યોરન્સ ખરીદવા માટે ઉંમરનો પ્રતિબંધ હટાવી દીધો છે. આ ૧ એપ્રિલ, ૨૦૨૪ થી અસરકારક સ્વાસ્થ્ય વીમા પોલિસી માટે કરવામાં આવ્યું છે. અગાઉ, ગ્રાહકો ૬૫ વર્ષની ઉંમર સુધી જ નવી સ્વાસ્થ્ય વીમા પોલિસી ખરીદી શકતા હતા. હવે કોઈપણ વયની વ્યક્તિ નવી સ્વાસ્થ્ય વીમા પોલિસી ખરીદી શકે છે. IRDAIએ એક પરિપત્રમાં જણાવ્યું છે કે વીમા કંપનીઓએ ખાતરી કરવી જોઈએ કે તેમની પાસે તમામ વય જૂથના લોકો માટે વીમા ઉત્પાદનો છે. IRDAIના આ પગલાનો હેતુ ભારતમાં વધુ સમાવિષ્ટ હેલ્થકેર સિસ્ટમ બનાવવાનો છે. ઉપરાંત, વીમા કંપનીઓને તેમની પ્રોડક્ટ રેન્જમાં વિવિધતા લાવવા માટે પ્રોત્સાહિત કરવી પડશે. વીમા નિયમનકારે આરોગ્ય વીમા પ્રદાતાઓને વરિષ્ઠ નાગરિકો જેવા લોકો માટે નીતિઓ તૈયાર કરવા અને તેમના દાવા અને ફરિયાદોનો સામનો કરવા માટે સમર્પિત ચેનલો સેટ કરવા માટે પણ નિર્દેશ આપ્યો છે. IRDAના આ પગલાથી હવે ૬૫ વર્ષથી વધુ ઉંમરના લોકો પણ નવી હેલ્થ ઈન્સ્યોરન્સ પોલિસી લઈ શકશે. ઉદ્યોગ નિષ્ણાતોએ આ પગલાને આવકાર્યું છે. આ પરિપત્રમાં વીમા કંપનીઓને કેન્સર, હૃદય અને એઈડ્સ જેવી ગંભીર બીમારીઓ ધરાવતા દર્દીઓને પોલિસી આપવાનો ઈનકાર કરવા પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. પરિપત્ર અનુસાર, IRDAI એ સ્વાસ્થ્ય વીમાની રાહ જોવાની અવધિમાં પણ ઘટાડો કર્યો છે. તે ઘટાડીને ૪૮ મહિનાને બદલે ૩૬ મહિના કરવામાં આવી છે. IRDAI કહે છે કે પૉલિસી ધારકે પૉલિસી લેતી વખતે જાહેર કર્યું હોય કે ન હોય, પૂર્વ-અસ્તિત્વમાં રહેલી તમામ શરતોને ૩૬ મહિના પછી આવરી લેવી જોઈએ.

## દમણ લોકસભા બેઠક પરથી કોંગ્રેસ નેતા કેતન પટેલે ભર્યું ફોર્મ

। (એજન્સી) વલસાડ, તા.૨૧ ।

દમણ લોકસભા બેઠક પરથી આજે કોંગ્રેસના ઉમેદવાર કેતન પટેલે ફોર્મ છે.કેતન પટેલ ઉમેદવારી પત્ર ભરતા પહેલા રેલી યોજી હતી. કેતન પટેલે પરિવારજનો અને કાર્યકરો સાથે રેલી યોજીને શક્તિ પ્રદર્શન કર્યું હતુ.દમણમાં કોંગ્રેસ, ભાજપ અને અપક્ષ વચ્ચે ત્રિ-પાંખિયો જંગ જોવા મળશે.

કેતન પટેલે ઉમેદવારી પત્ર ભર્યા બાદ ભાજપ પર આકરા પ્રહારો કરતા બોલ્યા હતા કે આ લડાઈ તાનાશાહીની લડાઈ છે. તાનાશાહીને દમણ અને દીવ નાબૂદ કરવી જરુરી છે. જેથી કોંગ્રેસ પાર્ટીને સહકાર આપવા માટે નાગરિકોને જણાવ્યુ છે. આ સાથે કેતન પટેલે કીધુ તમારો એક દિવસ કોંગ્રેસને આપજો. કેતન પટેલે ઉમેદવારી પત્ર ભર્યા બાદ ભાજપ પર આકરા પ્રહારો કરતા બોલ્યા હતા કે આ લડાઈ તાનાશાહીની લડાઈ છે. તાનાશાહીને દમણ અને દીવ નાબૂદ કરવી જરુરી છે. જેથી કોંગ્રેસ પાર્ટીને સહકાર આપવા માટે નાગરિકોને જણાવ્યુ છે. આ સાથે કેતન પટેલે કીધુ તમારો એક દિવસ કોંગ્રેસને આપજો.

# ઓડિશામાં હાલમાં તાપમાન ૪૫.૨ ડિગ્રીને પાર કરી ગયું

### યુપી, બિહારમાં હજુ વધારે ગરમી પડવાની આગાહી, બે દિવસ માટે ઓડિશા, પ. બંગાળમાં ઓરેન્જ એલર્ટ ગુજરાતમાં પણ કેટલાક વિસ્તારોમાં તાપમાન અસહ્ય બન્યું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

આ વખતનો ઉનાળો અત્યાર સુધી ભારે આકરો સાબિત થયો છે જેના કારણે દેશના કેટલાક રાજ્યોમાં એલર્ટની જાહેરાત કરવામાં આવી છે. સ્થિતિ એવી છે કે ઓડિશામાં તાપમાન ૪૫.૨ ડિગ્રીને પાર કરી ગયું છે. હવામાન ખાતાએ યુપી, બિહાર અને ઓડિશામાં હજુ વધારે ગરમી પડવાની આગાહી કરી છે. આ દરમિયાન ગુજરાતમાં પણ કેટલાક વિસ્તારોમાં તાપમાન અસહ્ય બની ગયું છે. હવામાન ખાતાએ આગામી બે દિવસ માટે ઓડિશા અને પશ્ચિમ બંગાળમાં ઓરેન્જ એલર્ટની ઘોષણા કરી છે. એટલે કે આ બે રાજ્યોમાં હીટવેવની સ્થિતિ સર્જાશે. આ ઉપરાંત ઝારખંડ, બિહાર, ઉત્તર પ્રદેશ અને તમિલનાડુમાં આગામી પાંચ દિવસ માટે યલો એલર્ટની જાહેરાત કરવામાં આવી છે. હવામાન એજન્સીએ જણાવ્યું કે છત્તીસગઢ, ઝારખંડ, ઓડિશા અને પશ્ચિમ બંગાળના ગંગા કિનારાના વિસ્તારમાં હીટવેવ શરૂ થયું છે. જોકે, હીટવેવનો પ્રથમ તબક્કો ગુજરાત, આંધ્ર પ્રદેશ, તેલંગણા અને તમિલનાડુમાં અનુભવાયો છે. ઓડિશામાં શનિવારે કેટલીક જગ્યાએ તાપમાન ૪૫ ડિગ્રીને પાર કરીને ૪૫.૨ ડિગ્રી સુધી પહોંચી ગયું હતું જે એક રેકોર્ડ છે. રાજ્યમાં ૧૦ શહેર એવા છે જ્યાં શનિવારે તાપમાન ૪૩ ડિગ્રી કરતા પણ ઉપર હતું. બાલાસોર જિલ્લામાં આકરા તાપના કારણે સનસ્ટ્રોકથી પાંચ લોકોના મોત નિપજ્યા હતા. પશ્ચિમ બંગાળમાં મિડનાપોરમાં તાપમાન ૪૪.૫ ડિગ્રી નોંધાયું હતું જ્યારે બાંકુરામાં ૪૪.૬ ડિગ્રી સેલ્સિયસ સુધી પારો પહોંચી ગયો હતો. તેવી જ રીતે ઝારખંડમાં ડેલ્ટન ગંજ અને જમશેદપુરમાં પણ મહત્તમ તાપમાન ૪૩.૬ ડિગ્રી અને ૪૩.૫ ડિગ્રી નોંધાયું હતું. છત્તીસગઢના રાજનંદગાંવમાં પારો ૪૩ ડિગ્રી સુધી પહોંચી ગયો છે. બિહારમાં પણ પ્રચંડ હીટવેવના કારણે શાળાઓના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. રાજ્યમાં ઓછામાં ઓછા ૧૧ જિલ્લામાં તાપમાન ૪૨ ડિગ્રી કરતા વધુ છે. આગામી અઠવાડિયમાં પણ બિહારમાં અસહ્ય તાપમાન વધે તેવી શક્યતા છે. ગુજરાતમાં પણ અત્યારે લગભગ તમામ જિલ્લામાં તાપમાન ૪૦ ડિગ્રીથી ઉપર રહે છે. દેશના મોટા ભાગના વિસ્તારમાં ભારે ગરમી છે ત્યારે કેટલાક વિસ્તારોમાં વરસાદ પણ પડી રહ્યો છે. હિમાચલ પ્રદેશમાં ઊંચાઈવાળા વિસ્તારોમાં બરફ પડ્યો છે જેના કારણે ૧૦૪ રસ્તા બ્લોક થઈ ગયા હતા.

### રેલવે યાત્રા સજા બની ગઈ : રાહુલ ગાંધી

# રાહુલ ગાંધીએ ટ્રેનમાં ભીડનો વીડિયો શેર કરીને નરેન્દ્ર મોદી પર કર્યા પ્રહાર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।



સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા વીડિયોમાં ટ્રેનના કોચમાં ભારે ભીડ જોવા મળી રહી છે. વીડિયો શેર કરતા રાહુલ ગાંધીએ કહ્યું કે લોકો શૌચાલયમાં મુસાફરી કરવા મજબૂર છે. લોકસભા ૨૦૨૪ના બીજા તબક્કાના મતદાન પહેલા કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પર એક વીડિયો શેર કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર પ્રહારો કર્યા છે. આ વીડિયોમાં ટ્રેનના કોચમાં ભારે ભીડ જોવા મળી રહી છે. તેમણે કહ્યું, ''નરેન્દ્ર મોદીના શાસનમાં રેલ યાત્રા એક સજા બની ગઈ છે! મોદી સરકાર હેઠળ દરેક વર્ગના મુસાફરોને હેરાન કરવામાં આવી રહ્યા છે, જે સામાન્ય માણસની ટ્રેનોમાંથી જનરલ કોચ ઘટાડીને માત્ર 'ભદ્ર ટ્રેનો'ને જ પ્રોત્સાહન આપી રહી છે. લોકો સાથે પણ કન્ફર્મ ટિકિટ, સામાન્ય લોકો તેમની સીટ પર આરામથી બેસી શકતા નથી, તેઓને જમીન પર અને શૌચાલયમાં મુસાફરી કરવાની ફરજ પડે છે.'' ૨૦૨૪ના બીજા તબક્કાના મતદાન પહેલા કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પર એક વીડિયો શેર કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર પ્રહારો કર્યા છે. આ વીડિયોમાં ટ્રેનના કોચમાં ભારે ભીડ જોવા મળી રહી છે. તેમણે કહ્યું, ''નરેન્દ્ર મોદીના શાસનમાં 'રેલ યાત્રા' એક સજા બની ગઈ છે! મોદી સરકાર હેઠળ દરેક વર્ગના મુસાફરોને હેરાન કરવામાં આવી રહ્યા છે, જે સામાન્ય માણસની ટ્રેનોમાંથી જનરલ કોચ ઘટાડીને માત્ર 'ભદ્ર ટ્રેનો'ને જ પ્રોત્સાહન આપી રહી છે. લોકો સાથે પણ કન્ફર્મ ટિકિટ, સામાન્ય લોકો તેમની સીટ પર આરામથી બેસી શકતા નથી, તેઓને જમીન પર અને શૌચાલયમાં છુપાઈને મુસાફરી કરવાની ફરજ પડે છે.''

# વિવિધ વ્યવસાયકારો, શૈક્ષણિક સંસ્થાઓ, વેપારીઓ, નાગરિકોને મતદાન જાગૃતિ અભિયાનમાં આવરી લેવાયા

### TIP અંતર્ગત મોટી સંખ્યામાં યુવાઓ, મહિલાઓ, સિનિયર સિટીઝન સહિતના સૌ નાગરિકોને અચૂક મતદાન કરવા માટે પ્રેરિત કરવા સાથે લોકશાહીના મહાપર્વમાં સહભાગી બનાવવાના સક્રિય પ્રયાસો :- સી.એમ.ત્રિવેદી

। ગાંધીનગર/અમદાવાદ ।





લોકસભા સામાન્ય ચૂંટણીમાં અમદાવાદ શહેરમાં મતદારો વધુમાં વધુ મતદાન કરવા પ્રેરાય તે માટે વિવિધ મતદાન જાગૃતિ પ્રવૃત્તિઓ માટે Turn Out Implementation (TIP) કાર્યક્રમ અંતર્ગત અનેકવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી છે. જેમાં અલગ અલગ માધ્યમો દ્વારા અલગ અલગ વિસ્તારના મતદારો સુધી પહોંચીને તેમને અવશ્ય મતદાન માટે પ્રેરિત કરવામાં આવે છે. શિક્ષણ ક્ષેત્રે યુવા મતદારોને સહભાગી બનાવીને મતદાન જાગૃતિ ફેલાવવાના ઉદ્દેશ સાથે જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, અમદાવાદ દ્વારા સામૂહિક શપથ કાર્યક્રમ દ્વારા યુવા અને પ્રથમ વખત મતદાન કરી રહેલા વિદ્યાર્થીઓને અવશ્ય મતદાન કરવું તેની સમજૂતી આપીને તેમના માતા પિતાને પણ મતદાન કરવા માટે પ્રેરવા તે બાબતે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. જેમાં જિલ્લા શિક્ષણાધિકારી કચેરી અમદાવાદ શહેર દ્વારા પી આર ટ્રેનિંગ કોલેજ, રાયખડ ખાતે ૭૧૪ જેટલા વિદ્યાર્થીઓને શપથ લેવડાવવામાં આવ્યા હતા અને ડિ એલ.એડ કોલેજ, રાયખડ ખાતે ૧૫૨ જેટલા વિદ્યાર્થીઓને મતદાન માટે શપથ લેવડાવવામાં આવ્યા. વિદ્યાર્થીઓને તેમના મતનું મહત્વ સમજાવવા સાથે ૩૨૦૦ મતદાન સંકલ્પ પત્રોનું કલેકશન કરવામાં આવ્યું. સાથે જ, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ દ્વારા SVEEP પ્રવૃત્તિ અંતર્ગત મતદાન જાગૃતિ પ્રતિજ્ઞા, મતદાતા સંપર્ક અભિયાન, રંગોળી, સિગ્નેચર કેમ્પેઈન, સેલ્ફી પોઈન્ટ જેવી પ્રવૃત્તિઓ કરવામાં આવેલ છે, જેમાં કુલ ૨૧૧૭ વ્યક્તિઓએ ભાગ લીધેલ છે.

જિલ્લા શિક્ષણાધિકારી અમદાવાદ ગ્રામ્ય દ્વારા અમદાવાદ ગ્રામ્ય જિલ્લા અંતર્ગત SVEEP અંતર્ગત સઘન કામગીરી કરવાના હેતુસર અનુદાનિત અને બિનઅનુદાનિત ૧૩૩ શાળાઓના સંચાલકો સાથે MOU કરવામાં આવ્યા. જેમાં ૬૫૦થી વધુ કાર્યવાહકો જોડાયા હતા અને ૧૦૮૮ સંકલ્પ પત્રોનું કલેકશન કરવામાં આવ્યું હતું. સ્કૂલ બોર્ડ અમદાવાદ દ્વારા ૫૦ ટકા કે તેથી ઓછા મતદારો ધરાવતી ૬૯ સોસાયટીની મુલાકાત લઈને તથા પુરુષ- સ્ત્રી મતદાનમાં ૧૦ ટકા કે તેથી વધુ તફાવત ધરાવતી ૩૬ સોસાયટીની મુલાકાત લઈને મતદાન જાગૃતિ અંગે બેઠક કરીને તેમજ Voter Awareness ફિલ્મ દર્શાવીને મહત્તમ નાગરિકો મતદાન કરે તે માટે સમજ આપવામાં આવી હતી TIP-2024 અંતર્ગત ફૂડ વિભાગના એફ.એસ.ઓ. દ્વારા નિકોલ વોર્ડમાં આવેલ હોટેલ, રેસ્ટોરન્ટ, ફુડ કોર્ટ સાથે સંકળાયેલા વેપારીઓને મતદાન માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. જિલ્લા શિક્ષણ ટીમ દ્વારા અમદાવાદના BRTS AMTS GSRTC (Ahmedabad Bus Terminal), Double Decker સહિતના વિવિધ જાહેર પરિવહનોમાં તેમજ બસ સ્ટેશન પર કોલેજના યુવા મતદારો દ્વારા મતદાન જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. અમદાવાદ શહેરી વિસ્તારના Turn Out Implementation Program(TIP)ના નોડલ ઓફિસર શ્રી સી.એમ.ત્રિવેદીએ જણાવ્યું હતું કે, અમદાવાદ જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેકટરશ્રીના માર્ગદર્શનમાં અમદાવાદના શહેરી વિસ્તારોમાં વિવિધ માધ્યમોમાં અલગ અલગ કાર્યક્રમો દ્વારા મતદાન જાગૃતિની સઘન પ્રવૃત્તિઓ હાથ ધરીને મોટી સંખ્યામાં યુવાઓ, મહિલાઓ, સિનિયર સિટીઝન સહિતના સૌ નાગરિકોને અચૂક મતદાન કરવા માટે પ્રેરિત કરવા સાથે લોકશાહીના મહાપર્વમાં સહભાગી બનાવવાના સક્રિય પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.

## ન્યૂઝ બ્રિફ

### જેનીબેન ઠુમ્મર અને ઉમેશ મકવાણાનું ફોર્મ માન્ય

। અમરેલી, તા.૨૧ ।

ગુજરાત લોકસભાની ૨૬ બેઠક અને વિધાનસભાની પાંચ બેઠક માટે કુલ ૫૩૦ ઉમેદવારી પત્રો ભરાયા છે. તે સાથે ઉમેદવારીપત્રની ચકાસણી હાથ ધરવામા આવતા કેટલાક ઉમેદવારોના ફોર્મ ચર્ચામાં આવ્યા છે. અમરેલી કોંગ્રેસના ઉમેદવાર જેની ઠુમમરના સોગંદનામા મુદ્દે ભાજપે વાંધો રજુ કર્યો હતો. જેની ઠુમમરના સોગંદનામામાં મિલકત અંગે કોઈ સ્પષ્ટતા નહી હોવાનુ ભાજપ દ્વારા વાંધો રજૂ કરવામાં આવ્યો છે. ભાજપ નેતા રવુ ખુમાણ લીગલ ટીમ અને કોંગ્રેસના જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપ દુધાત, પૂર્વ ધારાસભ્ય વીરજી ઠુમ્મર લીગલ ટીમ સાથે પહોચ્યા છે. આજે ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારોની લીગલ ટીમને કલેકટર દ્વારા આ અંગેનો નિર્ણય આપવામાં આવ્યો છે. જેમા કોંગ્રેસના પક્ષમાં નિર્ણય આવતા કાર્યકર્તાઓમાં ખુશીનો માહોલ છવાયો છે.

જેની ઠુમ્મરના ફોર્મ મંજૂરના વિવાદમાં ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારોના પ્રતિનિધિઓની દલીલોપૂર્ણ થઈ છે. ચૂંટણી અધિકારીએ બંન્ને પક્ષોની દલીલ સાંભળી હતી. ચૂંટણી અધિકારીએ પોતાનો ફેંસલો સંભળાવતા જેની ઠુમ્મરનું ફોર્મ માન્ય રાખ્યુ છે. આ નિર્ણય બાદ જેની ઠુમ્મરના સમર્થકોએ સત્યમેવ જયતેના નારા લગાવ્યા છે. આ નિર્ણય બાદ કોંગ્રેસમાં ખુશી સાથે ઉત્સાહનો માહોલ છવાયો છે.

નોંધનીય છે કે, ચૂંટણી થાય તે પહેલા જ કોંગ્રેસના સુરતના ઉમેદવાર કે જેઓ ટેકેદારો સંપર્ક વિહોણા બન્યા હોવાના કારણે ચર્ચામાં હતા તેમનુ ઉમેદવારી પત્ર રદ થઈ ગયું છે. તપાસ બાદ સુરત કોંગ્રેસના ઉમેદવારના ટેકેદારો દ્વારા દાવો કરવામાં આવ્યો હતો તે મામલે ફોર્મ રદ કરવામાં આવ્યું છે. આ ઘટના અંગે ગુજરાત કોંગ્રેસના અધ્યક્ષ શક્તિસિંહ ગોહિલે નિંદા કરી છે. કોંગ્રેસના સુરત લોકસભાના ઉમેદવાર નિલેશ કુંભાણીની સાથે કોંગ્રેસ દ્વારા જે ડમી ઉમેદવાર સુરેશ પલસાળાને ઉભા કરવામાં આવ્યા હતા તેમનું ફોર્મ પણ રદ કરાયું છે. હવે કુંભાણીનું ફોર્મ રદ થવા મામલે કોંગ્રેસ દ્વારા કોર્ટના દ્વાર ખખડાવવામાં આવશે. ભાવનગર લોકસભા બેઠકના ઈન્ડિયા ગઠબંધનના ઉમેદવાર ઉમેશ મકવાણાનું ઉમેદવારી ફોર્મ મંજુર કરવામાં આવ્યુ છે. ઉમેદવારી ફોર્મ ભરાયા બાદ ભાજપના ઉમેદવાર નિમુબેન બાંભણીયાએ વાંધા અરજી કરી હતી.




મણિનગર વોર્ડમા : તમામ મહાનુભાવો અને કાઉન્સિલર તેમજ બીજેપી પરિવારની ઉપસ્થિતિમા ૨ વોર્ડમાં રવિવારે બૂથ નં.. ૭,૧૭,૨૩,૨૪ શક્તિકેન્દ્ર મ્યુનિ. વ્યાયામ શાળા, કે કે શાહ જરોદવાળા, મ્યુનિસિપલ શાળા નં.૬મા લોકસંપર્ક રાઉન્ડ ઘેર ઘેર સંપર્ક...

## સાબરકાંઠામાં રુપાલાની વિરુદ્ધ ક્ષત્રિયોના ઉગ્ર દેખાવો

। વડાલી, તા.૨૧ ।

સાબરકાંઠામાં ક્ષત્રિયોએ પરશોત્તમ રુપાલાના વિરોધમાં ઉગ્ર દેખાવો કર્યા છે. વડાલીમા તાલુકા ભાજપ ચૂંટણી પ્રચાર કાર્યાલય ઉદ્દઘાટનનો ક્ષત્રિય રાજપૂત સમાજ દ્વારા વિરોધ કરાયો હતો. પરશોત્તમ રૂપલા હાય હાયના નારા પણ લગાવવામાં આવ્યા હતા. મોટા ટોળા સ્વરૂપે ક્ષત્રિય રાજપૂત સમાજના ટેકેદારો ધસી આવી વિરોધ પ્રદર્શન કર્યુ હતું. કોંગ્રેસના નેતા અને જિલ્લા પંચાયતના પૂર્વ વિરોધ પક્ષ નેતા પણ પ્રદર્શનમા આગેવાની કરતા નજર આવ્યા હતા. ધારાસભ્ય રમણ વોરા વિરોધકર્તા કોંગ્રેસ નેતા સામે આક્રમક થતા, તેમની સાથે પણ ધક્કામુક્કી થવા પામી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, ગત ૧૯મી એપ્રિલે ક્ષત્રિય સંકલન સમિતિની બેઠક મળી હતી. આ બેઠકમાં પરશોત્તમ રુપાલાની વિરુદ્ધમાં ઓપરેશન પાર્ટ ૨ જાહેર કરાયું હતું. ક્ષત્રિય સંકલન સમિતિએ કરેલ જાહેરાત મુજબ પરશોત્તમ રુપલાની સાથેસાથ ગુજરાતની ૨૬ લોકસભા બેઠક પર ભાજપ અને રુપાલાનો વિરોધ કરવામાં આવશે.

### મતદાન પહેલા કોંગ્રેસે ગુમાવી સુરત બેઠક । નિલેશ કુંભાણીના અંગત સગા બનેવી, સગા ભાણેજ અને બે ધંધાર્થી પાર્ટનર છે.

# ભાજપ સાથે સેટિંગ કર્યાનો નિલેશ કુંભાણી પર આક્ષેપ

### સુરત લોકસભાની ઉમેદવાર નિલેશ કુંભાણીની ઉમેદવારી રદ થતા જ નિલેશ કુંભાણી પર જ શંકાની સોય ઉભી થઈ

। સુરત, તા.૨૧ ।

મતદાન પહેલા જ કોંગ્રેસે સુરત લોકસભા બેઠક ગુમાવી છે. કોંગ્રેસના ઉમેદવાર નિલેશ કુંભાણીનું ફોર્મ ચૂંટણી અધિકારીએ રદ કર્યુ છે. કુંભાણીના ટેકેદારોએ જ કોંગ્રેસનો દાવ કરી નાંખ્યો છે. ત્યારે કોંગ્રેસ હવે કોર્ટના દ્વાર ખખડાવશે. જોકે, નિલેશ કુંભાણીનું ફોર્મ રદ થતાં સુરતમાં કોંગ્રેસમાં નવો કકળાટ શરૂ થયો છે. કોંગ્રેસના જ નેતાઓએ કુંભાણી સામે પૈસા લીધા હોવાનો આક્ષેપ લગાવ્યો છે. ભાજપ સાથે સેટિંગ કર્યું હોવાને કારણે બેઠક ગુમાવી પડી તેવા કોંગ્રેસમા અંદરખાને આક્ષેપો ઉઠ્યા છે. હાલ નિલેશ કુંભાણી તરફ શંકાની સોય ઉભી



થઈ છે. કોંગ્રેસના નેતાઓએ આક્ષેપ કર્યો કે, કઈ રીતે પોતાના જ પરિવારજનો આ રીતે દગો કરી જાય. એ સો ટકા તપાસનો વિષય છે. ટેકેદાર તો તેમના જ સગા હતા, તો કેવી રીતે દગો કરી શકે. કોંગ્રેસના નેતા અસલમ સાયકલવાલાએ કુંભાણી પર આક્ષેપ મૂકતા કહ્યું કે, ગઈકાલથી જે ઘટના ક્રમ ઘટી ગયો છે, આ માટે ભાજપ અને નિલેશ કુંભાણી પોતે જ જવાબદાર છે. જે ટેકેદાર હતા, તે કોંગ્રેસ પાર્ટીના અને જવાબદાર વ્યક્તિના હતા. જવાબદાર આગેવાનોના હતા. નિલેશ કુંભાણીના અંગત સગા બનેવી, સગા ભાણેજ અને બે ધંધાર્થી પાર્ટનર છે. તેથી એ જવાબદારી નિલેશ કુંભાણીની થાય છે. નિલેશ કુંભાણીને જ્યારે પાર્ટીએ કહ્યું કે, સંગઠનના આગેવાનોને ટેકેદાર તરીકે રાખવા, પરંતું તેમણે ઉમેદવાર તરીકે પોતાના પાવરનો ઉપયોગ કર્યો હતો. વીટો પાવર રાખીને આવી રીતે અંગત વ્યક્તિઓને મૂક્યા હતા. આવી રીતે અંગત વ્યક્તિ ભાજપના નેતાઓ સાથે આવીને એફિડેવિટ કરી જાય તો તે નિલેશ કુંભાણીની જવાબદારી છે. જે ઘટનાક્રમ ઘટી ગયો છે અને ચાલી રહ્યો છે તે માટે નિલેશ કુંભાણી જવાબદાર છે. અસલમ સાયકલવાલાએ વધુમાં કહ્યુ હતું કે, ફોર્મ રદ થશે તો અમારી હાઈકમાન્ડને વિનંતી છે કે, જે કોઈ આના માટે જવાબદાર છે તે તમામ સામે તાત્કાલિક અસરથી દાખલારૂપ કાર્યવાહી થવી જોઈએ. નિલેશ કુંભાણીએ રૂપિયા લીધાના આક્ષેપ તેમણે કહ્યું કે, આવો ખેલ થયો હશે તો ક્યાંકે ક્યાંક રંધાયુ હશે. કોઈ પ્રલોભનો કે ફાયદાકારક વાતો હશે. તથ્ય હશે જ, તો જ આવુ કરવાની તેમને ફરજ પડી હશે. ટેકેદારો ભાજપની છત્રછાયામાં જ્યા પણ હશે ત્યાં સલામત હશે. મને સવારે ૮.૩૦ એ નિલેશભાઈએ એવુ કહ્યું હતું.

### નિલેશ કુંભાણીના ટેકેદારો જ ફરી ગયા

## સુરત લોકસભા બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર નિલેશ કુંભાણીનું ફોર્મ રદ

### સુરત કલેક્ટર કચેરીએ ટેકેદારોએ હાજર રહેવાનું હતું, પરંતુ કોઈ ટેકેદાર હાજર ન રહેતા તેમનું ફોર્મ રદ કરાયું

। સુરત, તા.૨૧ ।

સુરત લોકસભા બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર નિલેશ કુંભાણીના ફોર્મનો વિવાદ થયા બાદ આજે ભારે ડ્રામા વચ્ચે ફોર્મ રદ કરવામાં આવ્યું છે. નિલેશ કુંભાણીના ટેકેદારો પૈકી ત્રણ ટેકેદારોએ એફિડેવિટ કરીને જણાવ્યું કે ફોર્મ પર તેમણે સહી નથી કરેલી. આજે સુરત કલેક્ટર કચેરીએ ટેકેદારોએ હાજર રહેવાનું હતું, પરંતુ કોઈ ટેકેદાર હાજર ન રહેવાના કારણે તેમનું ફોર્મ રદ કરવામાં આવ્યું છે. નિલેશ કુંભાણીના ફોર્મ સામે ગઈકાલથી જ સવાલ થયો હતો કે તેમનું ફોર્મ રદ થશે કે કેમ. કુંભાણીએ તો એવો આરોપ મૂક્યો હતો કે તેમના ટેકેદારોનું અપહરણ કરવામાં આવ્યું છે. આજે કલેક્ટર કચેરીમાં આ મામલે લાંબી સુનાવણી બાદ હાઈ વૉલ્ટેજ ડ્રામાનો અંત આવ્યો છે. તેના કારણે કોંગ્રેસ ઉમેદવાર નિલેશ કુંભાણી સુરત લોકસભા બેઠક પરથી ચૂંટણી નહીં લડી શકે. ભાજપ માટે અહીં માર્ગ સાવ આસાન બની ગયો છે. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરે નિલેશ કુંભાણીને આજે રવિવાર સુધીનો સમય અપાયો હતો. પરંતુ ત્યાં સુધીમાં તેઓ ટેકેદારોને લાવી શક્યા ન હતા. સુરતની કલેક્ટર કચેરીએ આજે સવારે ૯ વાગ્યા પછી એક પ્રકારનો ડ્રામા શરૂ થયો હતો. તેમાં કુંભાણીના ફોર્મ મામલે બંને પક્ષની દલીલો પૂર્ણ થઈ હતી. ત્યાર પછી ટેકેદારો આવ્યા ન હોવાના કારણે કુંભાણીનું ફોર્મ રદ કરવામાં આવ્યું છે.

### ૬૧ ડેમમાં કહેવા પૂરતું પાણી

## ગુજરાતમાં ઉનાળો જામતા જ જળસંકટની શરૂઆત

### ગુજરાતમાં તળાવો-ડેમમાં પાણીના સ્તરમાં મોટો ઘટાડો સૌરાષ્ટ્ર અને કચ્છમાં પાણીનો સ્તર ઘણો ઘટી ગયો છે

। ગાંધીનગર, તા.૨૧ ।

ગુજરાતમાં એપ્રિલ મહિનામાં તાપમાન નવા રેકોર્ડ બનાવી રહ્યું છે ત્યારે મોટા ભાગના ડેમોમાં પાણી ખતમ થવા આવ્યું છે. હાલમાં ગુજરાતના ૨૩ ડેમ સાવ ખાલી થઈ ગયા છે અને ૬૧ ડેમમાં એક ટકા કરતા પણ ઓછું પાણી છે. તેથી જૂન મહિનાના અંતમાં વરસાદ આવે ત્યાં સુધીનો સમય કાઢવો મુશ્કેલ બની જશે તેવું લાગે છે. ગુજરાતમાં છેલ્લા એક સપ્તાહથી ભયંકર ગરમી શરૂ થઈ છે અને પાણીનું બાષ્પીભવન થવા લાગ્યું છે.

હંમેશાની જેમ આ વખતે પણ રાજ્યના કેટલાક ભાગોમાં પાણીની અછત સર્જાય તેવી શક્યતા છે.

એટલું જ નહીં, આ પરિસ્થિતી જોતાં ઉનાળુ પાક વખતે સિંચાઈના પાણીને લઈને ખેડૂતોની ચિંતા વધી છે. ઉત્તર ગુજરાતની વાત કરવામાં આવે તો અહીં કુલ ૧૫ ડેમ છે જેમાં ૩૫ ટકા જેટલું પાણી સ્ટોર થયેલું છે. જ્યારે મધ્ય ગુજરાતમાં ૧૭ ડેમમાં ૫૪ ટકા પાણી હાજર છે. સાઉથ ગુજરાતના ૧૩ ડેમમાં ૫૩ ટકાની આસપાસ પાણી હાજર છે. પરંતુ સૌરાષ્ટ્ર અને કચ્છના ડેમમાં પાણી બહુ ઓછું છે. કચ્છમાં ૨૦ ડેમમાં ૩૮ ટકાની આસપાસ પાણી છે અને મોટા ભાગના ડેમ ખાલી થઈ ગયા છે જ્યારે સૌરાષ્ટ્રમાં કુલ ૧૪૧ ડેમમાં ૨૫ ટકા પાણી છે. અત્યારે પીવાના પાણીની અછત થાય તો તેના માટે નર્મદાના પાણીથી પરિસ્થિતિને પહોંચી વળવામાં આવશે.

### એક કરોડની થઈ હતી લૂંટ

## આંગડિયા પેઢીની લૂંટના આરોપીઓ અંતે પકડાયા

### આરોપી ઇકો કારમાં નવસારી-વલસાડ રોડથી મુંબઈ ભાગી રહ્યા હતા : લૂંટમાં ઉપયોગમાં લીધેલા હથિયાર પણ જપ્ત

। સુરત, તા.૨૧ ।



સુરતની આંગડિયા પેઢીની લૂંટમાં પોલીસને મોટી સફળતા હાથ લાગી છે. ગણતરીના કલાકોમાં જ પોલીસે લૂંટારુંઓને ઝડપી પાડ્યા છે. સુરત-નવસારી હાઈવે પરથી લૂંટારુંઓને ઝડપી પાડ્યા છે. સરથાણાના શ્યામધામ મંદિર પાસે આંગડિયા પેઢીમાં મોટી લૂંટ થઈ હતી. ગુજરાત આંગડિયા પેઢીની આ સૌથી મોટી લૂંટ હતી. ઈકો કારમાં આવેલા ૪ શખ્સો લૂંટ કરી ફરાર થયા હતા. ત્યારે મુદ્દામાલ સાથે પોલીસે લૂંટારુંઓને ઝડપી પાડ્યા છે. આરોપી ઈકો કારમાં નવસારી-વલસાડ રોડથી મુંબઈ ભાગી રહ્યા હતા. પોલીસે આરોપી પાસેથી લૂંટમાં ઉપયોગમાં લીધેલા હથિયાર પણ જપ્ત કર્યા છે. સુરતના સરથાણા વિસ્તારમાં ગત સવારે લૂંટની ઘટના સામે આવી છે, ઈકો કારમાં આવેલા ૪ થી ૫ જેટલા લૂંટારુઓ આંગડિયા પેઢીના કર્મચારીને રિવોલ્વર અને ધારીયા જેવું હથિયાર બતાવી લૂંટ કરીને ફરાર થઈ ગયા હતા. આ સમગ્ર ઘટનાના સીસીટીવી ફૂટેજ સામે આવ્યા છે. તો બીજી તરફ આ સમગ્ર બનાવની જાણ થતાં પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો. પોલીસે હાઈવે પર નાકાબંધી કરી વલસાડ અને ભરૂચ એલસીબીને લૂંટ અંગે જાણ કરી હતી. વલસાડ એલસીબી પોલીસે નવસારી વલસાડ હાઈવેથી આરોપીઓને મુદ્દા માલ સાથે પકડી પાડ્યા છે. સુરતના સરથાણા શ્યામધામ મંદિર પાસે સવારે લૂંટની ઘટના બની હતી. ઈકો કારમાં આવેલા ૪ થી ૫ ઈસમોએ આંગડિયા પેઢીના કર્મચારી પાસેથી લૂંટ ચલાવી હતી. આ સમગ્ર ઘટના ત્યાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી. સાથે જ સમગ્ર લૂંટની ઘટનાનો એક વીડીયો પણ સામે આવ્યો છે લૂંટારો બંદૂકની અણીએ લૂંટ ચલાવ ચલાવી ફરાર થતા વીડિયોમાં કેદ થયા છે, લૂંટારુઓ ઈકો કારમાં આવ્યા હતા અને લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા.

### રાજ્યના પરિવારને મળશે ડિજિટલ ID

## સરકારી યોજનાનો લાભ લેવા કચેરીના ધક્કા નહીં ખાવા પડે

### તેમની સરકારી કચેરીના ધક્કા નહીં ખાવા પડે અને પરિવારની ઓળખ માટેનું આ એક ડિજિટલ આઈડી પ્રૂફ હશે



। ગાંધીનગર, તા.૨૧ ।

મોદી સરકાર હવે નાગરિકોને માટે નવી ડિજિટલ સુવિધા લઈને આવી છે. જેમાં ગુજરાત રાજ્યના કુટુંબોને એક યૂનિક આઈડેન્ટિફિકેશન નંબર મળી જશે. સરકારી યોજના માટે અપ્લાય કરવું હોય કે પાત્રતા મેળવવી હોય તો આ આંઠ આંકડાનો ફેમિલિ ડિજિટ નંબર જ કામ લાગશે. આથી કરીને લાભાર્થી પરિવારો કે તેના સભ્યો જે છે તેમની સરકારી કચેરીના ધક્કા નહીં ખાવા પડે અને પરિવારની ઓળખ માટેનું આ એક ડિજિટલ આઈડી પ્રૂફ હશે. તો ચલો આપણે આ ઓળખ પત્રની સુવિધા કેટલી ફાયદાકારક રહેશે એના પર વિગતે નોંધ લઈએ. નોંધનીય છે કે ૨૦૨૨ વિધાનસભા ચૂંટણી દરમિયાન મ્ન્ઁએ જનતાને પ્રોમિસ કર્યું હતું કે આ પ્રમાણે ફેમિલી ડિજિટલ આઈડી કાર્ડ અમે પ્રોવાઈડ કરીશું. જોકે અત્યારે તો સામાજિક ન્યાય અને અધિકાર મંત્રાલય દ્વારા ડ્રાફ્ટ બિલ રેડી કરાયું છે. જેના થકી ફૂલપ્રૂફ સિસ્ટમ સુવિધા ઊભી કરવા માટેની તૈયારી કરી શકાશે. તમને જણાવી દઈએ કે ભારતમાં ગુજરાત એવું ત્રીજું રાજ્ય હશે જેના પરિવારોને ડિજિટલ આઈડી કાર્ડ મળી જશે. પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે કેરળ અને હરિયાણા રાજ્યમાં આ સરકારી યોજના લાગૂ કરાઈ છે. જેનાથી લાભાર્થી પરિવારોને ડિજિટલ ફેમિલી આઈડી આપવામાં આવી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે પહેલા તો પરિવાર કોઈ યોજના માટે પોતાનું નામ એડ કરે તો તેમના વેરિફિકેશનમાં ઘણો સમય જતો હતો. જોકે નવી વ્યવસ્થા આવી ગયા પછી પરિવારનો સમગ્ર ડેટા આ આઈડી કાર્ડ થકી ડિજિટલ થઈ જશે.

## લોકસભા ચૂંટણી ૨૦૨૪ જિલ્લા શિક્ષણાધિકારી અમદાવાદ શહેર દ્વારા પૂરજોશમાં મતદાન જાગૃતિ અભિયાન ચલાવાય

। ગાંધીનગર,તા.૨૧ ।

એફ. ડી મહીલા કોલેજ જમાલપુરમાં ૫૦૭ વિદ્યાર્થીની બહેનો જે પ્રથમવાર મતદાન કરનાર છે. તેમને જિલ્લા શિક્ષણાધિકારી અમદાવાદ શહેર શ્રી રોહિત ચૌધરી ના માર્ગદર્શન મુજબ મતદાન જાગૃતિ અભિયાન ની સમજ આપવામાં આવી હતી તેમજ ૧ મતની લોકશાહીમાં કેટલી કિંમત છે.તે સ્વિપ મદદનીશ નોડલ અમદાવાદ શહેર શ્રી ડૉ. એમ આર કુરેશી અને શ્રી ડિ. એચ. અમીન કવિ ‘ખામોશ’ જિ શિ અધિ. કચેરી અમદાવાદ શહેર, દ્વારા સમજ આપવામાં આવી તેમજ અવશ્ય મતદાન કરશે તે અંગેના શપથ ગ્રહણ કરાવવામા આવેલ કોલેજના આચાર્યશ્રી જાકેરાબહેન બોક્ષાવાલા એ પણ વિદ્યાર્થિની બહેનો પાસે અવશ્ય મતદાન કરશે તેવું વચન લીધું હતુ ાર્યક્રમને સફળ બનાવવા ગર્લ્સ હાઈસ્કૂલ ના આચાર્યશ્રી અનીશાબેન શૈખ અને હીનાબેન શૈખ તેમજ ફહિંમભાઈ શૈખ એ જહેમત ઊઠાવી હતી ચેરી અમદાવાદ શહેર, દ્વારા સમજ આપવામાં આવી તેમજ અવશ્ય મતદાન કરશે તે અંગેના શપથ ગ્રહણ કરાવવામા આવેલ કોલેજના આચાર્યશ્રી જાકેરાબહેન બોક્ષાવાલા એ પણ વિદ્યાર્થિની બહેનો પાસે અવશ્ય મતદાન કરશે તેવું વચન લીધું હતુ ાર્યક્રમને સફળ બનાવવા ગર્લ્સ હાઈસ્કૂલ ના આચાર્યશ્રી અનીશાબેન શૈખ અને હીનાબેન શૈખ તેમજ ફહિંમભાઈ શૈખ એ જહેમત ઊઠાવી હતી.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
દૈનિક સમાચાર પત્ર
ઉપાડો ફોન
9800708900
આ નંબર પર માત્ર વોટ્સએપ મેસેજ જ કરવો
આપની આસપાસ બનતી ઘટનાઓના ફોટાઓ વિડીયો મોકલી આપો
દરેક જાતના પ્રસંગ, ઉમંગ, શાળાઓ, કોલેજોથી લઈને સોસાયટીઓ સુધી અવસરથી લઈને તહેવારો સુધી બધા જ સમાચારોને આવરી લેતુ અખબાર "ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત" દૈનિક હંમેશા તૈયાર રહે છે, આપની આસપાસ બનતી રસપ્રદ ઘટનાઓની માહિતી વોટ્સએપ નંબર ઉપર અથવા ઈ-મેઈલ પર અમને લખીને મોકલો...
cnngujarat@gmail.com

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨